# ડૉ. ઈ. સ્ટેન્લી જૉન્સ

## માનવ સંદેશ




તૈયાર કરનાર

બિશપ ડૉ. એસ. કે. પરમાર

પ્રકાશક : **ગુજરાત ટ્રાકટ ઍન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃતિ : ૨૦૦૨

GUJARATI CH... ...LLOWSHIP
O... ...DELPHIA
...25 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. ૩૦/-

પ્રાપ્તિસ્થાન : **ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી,**
સાહિત્ય સેવા સદન, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

મુદ્રક : **નોએલ પ્રિન્ટર્સ**
મ્યુ. લાઈટ ખાતાની સામે, ગાયકવાડ હવેલી રોડ,
જમાલપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૫૩૨૫૮૧૭

KBGD2
26.

# બે બોલ

પ્રભુ ઈસુએ સ્વર્ગારોહણના સમયે શાહી આદેશ આપ્યો હતો. જેના અનુસંધાનમાં આજ દિન સુધી ઘણા બધાએ પોતાના જીવનો તે માટે ખર્ચ્યા છે. આ માટેની યાદીનો અંત ન આવે તેટલી લાંબી બની શકે તેમ છે. વળી તેમાંયે ભારતમાં મિશનેરી કાર્યના સેવકો-સેવિકાઓની પણ યાદી બનાવીએ પરંતુ તે પણ અધૂરી રહે.

આ બધામાં રેવ. ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ સાહેબ એક આગવી છાપ પાડી જાય છે. તેઓની કાર્યપધ્ધતિ નિરાળી હતી. તેઓએ ખ્રિસ્તી આશ્રમ પધ્ધતિની શરૂઆત કરી. જે દ્વારા લોકોને એક સાથે રાખીને વિચારોની આપ-લે કરી શકાય. તેમણે સ્થાપેલા આશ્રમોમાંનો એક ઉત્તર નૈનિતાલ શહેરની પાસે આવેલ સરખાવીને બાઈબલની શ્રેષ્ઠતા પૂરવાર કરવામાં આવે છે.

આ આશ્રમ પધ્ધતિની અસર કેટલાક ઉચ્ચ વર્ગના હિન્દુઓમાં ખાસ રીતે જોવા મળી હતી. આ કાર્યને આજે પણ ભારતમાં ચલાવવામાં આવે છે.

રેવ. ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સનું જીવન ઈસુ ખ્રિસ્તને સતત પ્રગટ કરનારુ રહ્યું છે. તેઓએ લખેલ એક પુસ્તક મેં વાંચ્યું છે જેની પોણા બે વર્ષમાં ૨૩ આવૃત્તિ બહાર પડી હતી. તે પુસ્તકનું નામ "The Christ of the Indian road." તેઓની સુવાર્તાની શૈલી ખૂબ સરળ તથા વ્યક્તિગત હતી.

બિશપ ડૉ. શાંતુકુમાર પરમાર સાહેબે આવા મહાન મિશનરીના જીવન પર આધારીત આ પુસ્તક ગુજરાતીમાં લખીને ગુજરાતની ખ્રિસ્તી મંડળીની ખૂબ ઉમદા સેવા કરી છે. આજ પુસ્તકને તેઓએ પોતે અંગ્રેજીમાં લખીને પ્રસિધ્ધ કર્યું છે. હિન્દીમાં તથા મલયાલી ભાષામાં પણ પ્રસિધ્ધ કર્યું છે. બિશપ ડૉ. પરમાર સાહેબનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. આપણી આશા તથા પ્રાર્થના છે કે ભારતની બાકીની બીજી ભાષામાં પણ તેઓ તેને પ્રસિધ્ધ કરે.

આ પ્રસંગે ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી તેના સેવાના અને અસ્તિત્વના ૧૫૦ વર્ષની ઉજવણી કરે છે ત્યારે ખાસ રીતે બિશપ ડૉ. પરમાર સાહેબનો આભાર માને છે કે તેઓએ ખૂબ યોગ્ય પુસ્તક પ્રસિધ્ધ કરવાની તક

અમને આપી છે. બિશપ ડૉ. પરમાર સાહેબ વિષે એક વાત જણાવું તો તેઓએ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પૂર્ણ સમયી સેક્રેટરી તરીકેની સેવા પણ આપેલ છે. આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી એમ. એમ. દાસ સાહેબ તરફથી રૂા. ૧૦,૦૦૦/- મળ્યા છે તથા બિશપ ડૉ. પરમાર સાહેબ તરફથી પણ રૂા. ૧૦,૦૦૦/-નું દાન મળેલ છે. બંન્ને સાહેબોનો આભાર માનું છું.

પ્રભુ આ પુસ્તકને તેના વાચકો માટે આશીર્વાદિત કરે એજ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

મે-૨૦૦૨

પ્રભુમાં આપનો,

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

સેક્રેટરી



# ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ : વ્યક્તિ અને સંદેશ

( Dr. E. Stanley Jones - The Man and the Messageનું
ગુજરાતી ભાષામાં ભાષાંતર )

લેખક :

**બિશપ ડૉ. શાન્તુકુમાર પરમાર**

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી**

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રીજ,

અમદાવાદ-૩૮૦ ૦૦૬.

# પ્રસ્તાવના

ઈ. સ. ૧૯૯૬માં મેં અને મારી પત્નિએ સાતતાલ આશ્રમની બે ઉનાળુ સભાઓમાં ભાગ લીધો હતો. સાતતાલ આશ્રમનો પાયો પ્રખર સુવાર્તિક ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ સાહેબે નાખ્યો હતો. આશ્રમની ચળવળ આખા વિશ્વમાં વ્યાપી ગઇ હતી. ડૉ. જોન્સનું સુવાર્તિક કાર્ય ભારતના શિક્ષિત સમાજને માટે હતું અને તેમનો મુખ્ય વિષય "દેવનું રાજ્ય" હતો. આજે જ્યારે સુવાર્તા પ્રચાર પર પુષ્કળ જોર આપવામાં આવી રહ્યું છે ત્યારે પ્રભુ ઇસુ ખ્રિસ્તના "દેવના રાજ્ય" સંબંધીના ઉપદેશ અને પ્રચારને ભૂલી જવામાં આવ્યો હોય એમ લાગે છે. ડૉ. જોન્સના સંદેશાનો મુખ્ય વિષય "દેવનું રાજ્ય" ફરીથી ભારતના શિક્ષિત સમાજને આપવામાં આવે એ બાબત મને યોગ્ય લાગી. તેની જાગૃતિ મારા મંતવ્ય પ્રમાણે જરૂરી હતી.

સુવાર્તા પ્રચારનું કેન્દ્ર "દેવનું રાજ્ય" બને એ અગત્યનું છે. તેનો ઉપદેશ અને પ્રચાર શરૂઆતના તબક્કામાં બિન ખ્રિસ્તી વાતાવરણ અને ભારતીય સંસ્કૃતિ મધ્યે કરવાની અગત્ય છે. મંડળી એક ચળવળ નહિ પણ એક સંસ્થા બની ગઇ છે. ભારતીય લોકો માટે એ પરદેશી અને પારકી બનેલી છે. અવારનવાર તેના કાર્યસંબંધી અને કાર્ય કરવાની રીત સંબંધી અનેક શંકાઓ સેવવામાં આવી રહી છે. મંડળીનો હેતુ લોકોનું ધર્મપરિવર્તન છે એ માન્યતા સામાન્ય બનેલી છે. "દેવના રાજ્ય"નો પ્રચાર સ્વીકાર્ય બનેલો છે કારણ કે દેવનું રાજ્ય સર્વ લોકો માટે છે. દેવના રાજ્યમાં દરેક વ્યક્તિ પ્રવેશ કરી શકે છે. ડૉ. જોન્સનું માનવું છે કે મંડળીને એક ચોક્કસ સંસ્થા તરીકે, સંપ્રદાય તરીકે મર્યાદા છે, જ્યારે દેવનું રાજ્ય મર્યાદિત નથી. તે ખૂલ્લું, પૂર્ણ કરાયેલું અને સમાવિષ્ટ છે; તેમાં દરેક વ્યક્તિ પ્રવેશ કરી શકે છે. પ્રભુ ઇસુનું પ્રચાર કાર્ય તો દેવના રાજ્યની ઘોષણા છે. પ્રભુ ઇસુ વિશ્વનો રાજા છે. તેના રાજ્યનો અંત નથી. એ રાજ્ય તો અનંતકાળિક અને વિશ્વવ્યાપી છે. આ મંતવ્ય સાથે હું સંમત થાઉં છું.

સાતતાલ આશ્રમના આચાર્ય રેવ. વર્મા સાથે આશ્રમની પ્રવૃત્તિઓ સંબંધી મેં ચર્ચા કરી. મેં તેઓને જણાવ્યું કે જો ડૉ. જોન્સની યાદમાં એક વાર્ષિક પ્રવચન શ્રૃંખલાની સ્થાપના કરવામાં આવે તો ડૉ. જોન્સના દેવના રાજ્ય સંબંધીના વિચારોને ખ્રિસ્તી અને બીન ખ્રિસ્તી સમાજ આગળ મૂકી શકાય. તેઓએ આ બાબત સ્વીકારી અને એ વિષે તેમની આશ્રમની સમિતિમાં ચર્ચા કરવામાં આવી. તે સમિતિને એ લાગ્યું કે સમય પાકી ચૂક્યો છે કે ડૉ. જોન્સની દેવના રાજ્ય સંબંધીની વિચારધારાને મંડળી સમક્ષ સુવાર્તા પ્રચારના કાર્યને વેગ મળે તે માટે મૂકવામાં આવે અને આથી શ્રૃંખલાના પ્રવચનો ભારતના

જુદા જુદા શહેરોમાં મંડળીઓના સહકારથી યોજવામાં આવે. આ માટે એક ભંડોળ પણ ઉભું કરવામાં આવે જેથી આ માટે જે કાંઇ ખર્ચ થાય તે ઉઠાવી શકાય. મેં રૂા. ૫૦૦૦/- આપી તેની શરૂઆત પણ કરી.

મેં એ પણ સૂચન કર્યું હતું કે આ શ્રૃંખલાની પ્રથમ કડી તરીકે બિશપ ડૉ. જેમ્સ મેથ્યુસ કે જે ડૉ. સ્ટેન્લી જોન્સના જમાઇ છે અને આશ્રમના ટ્રસ્ટી છે તેઓ તેની શરૂઆત કરે. પરંતુ તેઓ અન્ય કાર્યમાં રોકાયેલા હોવાથી તેમણે પોતાની અશક્તિ જાહેર કરી અને તેથી એ કામ મને સોંપવામાં આવ્યું. મારો આ વિષય પર પૂરતો અભ્યાસ ન હતો પરંતુ રેવ. વર્માના પ્રોત્સાહનથી અને સાતતાલ આશ્રમના પુસ્તકાલયની મદદથી મેં આ કાર્ય સ્વીકાર્યું. મેં ડૉ. જોન્સના પ્રવચનો સાંભળ્યા હતા અને જ્યારે હું વડોદરામાં પાળકપદે હતો ત્યારે ડૉ. જોન્સ વડોદરા આવેલા અને તેમના ત્રણ સંદેશાઓનો મેં ગુજરાતીમાં અનુવાદ પણ કર્યો હતો. હવે તેમના લખેલા પુસ્તકોનો અભ્યાસ કરવાની તક મળી.

સાતતાલ આશ્રમનું નૈસર્ગિક, આત્મિક અને સામાજીક વાતાવરણ દરેક આવનાર વ્યક્તિને આધ્યાત્મિક રીતે ઉપર ઊઠાવે છે અને પોતાને ઈસુને કે જેણે પોતાનું સમગ્ર જીવન આખા જગતને માટે અર્પી દીધું, તેને સમર્પણ કરવાની પ્રેરણા પૂરી પાડે છે. ડૉ. જોન્સનું જીવન એક સમર્પિત જીવન હતું. તેથી મારા ત્રણ પ્રવચનો માટે મેં ડૉ. જોન્સના સમર્પિત જીવનને પસંદગી આપી અને આ પ્રવચનોનું શિર્ષક "ડૉ. જોન્સ વ્યક્તિ અને સંદેશ" એ આપી પ્રવચનોની તૈયારી કરી. આ પ્રવચનોનો મુખ્ય હેતુ એ છે કે તેથી મંડળીને એક નવી પ્રેરણા મળે, સુવાર્તાપ્રચારને માટે નવી જાગૃતિ આવે અને શિક્ષિત સમાજમાં પ્રભુ ઈસુને સમસ્ત માનવજાતિના તારનાર તરીકે દર્શાવવામાં આવે. જ્યારે એક નવી સહસ્ત્રાબ્દિના ઉંબરે આવી ઉભા છીએ ત્યારે ડૉ. જોન્સના "દેવના રાજ્ય" સંબંધીના વિચારો ભારતના લોકોને એક નવી પ્રેરણા આપે અને દિશા બતાવે એ માટે આ પ્રયત્ન છે.

આ પ્રવચનો માટે ઉત્તર ભારતના લખનૌ શહેરને પસંદ કરવામાં આવ્યું કારણ કે આ શહેરમાં, સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચમાં ડૉ. જોન્સને પ્રભુનુ દર્શન થયું, સેવાકાર્ય માટે માર્ગદર્શન મળ્યું અને હતાશ જીવનને એક નવી આશા મળી. અહીં તેમને એક મિશનેરીમાંથી વિશ્વ સુવાર્તિક બનવા પ્રેરણા મળી અને તેમનું જીવન સંપૂર્ણપણે પ્રભુને સમર્પિત બન્યું. આ પ્રવચન શ્રૃંખલાની પ્રથમ કડી દ્વારા દેવના રાજ્ય માટેનો તથા સ્વદેશી આશ્રમ અભિયાનને ભારત અને વિશ્વ માટે એક પધ્ધતિ તરીકે તેમના સંદેશને દઢ કરવા મંડળી અને આપણે પોતાને તૈયાર કરીએ.

આ પ્રવચનોમાંની મોટા ભાગની હકીકત ડૉ. જોન્સ દ્વારા લખવામાં આવેલા પુસ્તકોમાંથી લેવામાં આવી છે. આ પુસ્તકોનો ઉલ્લેખ ગ્રંથસૂચિમાં કરવામાં આવ્યો છે.

અસંખ્ય અવતરણો હોવાથી, ફક્ત મહત્વના અવતરણોની નોંધ કરેલી છે. આ પ્રવચનોના વાંચકો આ પુસ્તકોને સાતતાલ આશ્રમના પુસ્તકાલયમાંથી પ્રાપ્ત કરી શકે છે. અંતમાં સર્વ લોકોનો હું આભારી છું કે જેઓએ આ પ્રવચનો તૈયાર કરવામાં મદદ કરી. વિશેષ પ્રભુપિતાનો આભારી છું કે આ સેવા માટે મને પ્રોત્સાહન આપ્યું કે જેથી આ પ્રયત્ન દ્વારા ડૉ. જોન્સની સેવાઓને, સંદેશને અને તેમના જીવનને ભારતના લોકોની આગળ મૂકી શકું જેથી તેઓ પ્રેરણા પામી પ્રભુ ઈસુનો સ્વીકાર કરી દેવના રાજ્યમાં પ્રવેશ પામે.

હૈદ્રાબાદ-૨૯

બિશપ - **શાન્તુકુમાર પરમાર**



# આભારદર્શન

ડૉ. સ્ટેન્લી જોન્સ સંબંધી આપેલ વ્યાખ્યાનો અંગ્રેજીમાં નેશનલ ક્રિશ્ચિયન રાઈટસ ફોરમ દ્વારા છપાવવામાં આવ્યા હતા અંગ્રેજીમાં તે પુસ્તકનું નામ "Dr.E.Stanley Jones The Man and the Message" છે. આ પુસ્તકની એક નકલ મેં મુરબ્બી શ્રી એમ. એમ. દાસ (દાસકાકા) પર મોકલી હતી તે વાંચી તેમણે મને પત્ર લખ્યો કે આ પુસ્તકનું ભાષાંતર કરી ગુજરાતીમાં છપાવવું જોઈએ એની છપામણી માટે તેમણે રૂા.૧૦,૦૦૦/ (દસ હજાર) આપવા જણાવ્યું હતું તેથી તેનું ભાષાંતર કરવા મેં આ પુસ્તકની એક નકલ વડોદરામાં શ્રી ક્રિસ્ટોફર ક્રિસ્ટીને મોકલી આપી અને તેમણે ગુજરાતી ભાષાંતર મને મોકલી આપ્યું મેં એ વાંચી યોગ્ય સુધારાવધારા સાથે ફરીથી લખ્યું છે.

હું મુ. દાસકાકાનો આભારી છું કે તેમણે આ પુસ્તક છપાવવા માટે પ્રોત્સાહન અને નાણાં આપ્યા. તેમનો ઉદાર સ્વભાવ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ અમાપ છે એ તો ગુજરાતમાં બધાંને વિદિત છે. પ્રભુબાપ તેમને તંદુરસ્ત રાખે અને તેમની અનેકવિધ સેવાને માટે તેમના જીવનને આશીર્વાદિત કરે.

આશા છે કે ગુજરાત ટ્રાકટ અને બુક સોસાયટી દ્વારા આ પુસ્તક પ્રકાશિત થઈ ગુજરાતની ખ્રિસ્તી જનતાને સુવાર્તા પ્રચારના કાર્યને માટે એક નવું માર્ગદર્શન મળશે.

હૈદ્રાબાદ-૨૯ **શાન્તુકુમાર પરમાર**

# અનુક્રમ

પૃષ્ઠ ક્રમાંક

**પ્રસ્તાવના**

**આભાર દર્શન**

**પ્રવચન : ૧ ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ :**
**શરૂઆતનું જીવન અને બદલાણનો અનુભવ**

(અ) પાર્શ્વભૂમિકા અને મિશનેરી સાહસ
(બ) ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સનો બદલાણ અનુભવ

**પ્રવચન : ૨ ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ : દેવના રાજ્યના એક સુવાર્તિક**

(અ) એક મિશનેરીમાંથી એક સુવાર્તિક
(બ) દેવનું રાજ્ય એજ સુવાર્તા

**પ્રવચન : 3 દેવનું રાજ્ય**

(અ) દેવના રાજ્યની વાસ્તવિક્તા
(બ) દેવના રાજ્યનો કાર્યક્રમ

**ગ્રંથસૂચિ**

# પ્રવચન-૧

## ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ :
## શરૂઆતનું જીવન અને બદલાણનો અનુભવ :

### (અ) પાર્શ્વભૂમિકા અને મિશનેરી સાહસ :

૧. **પાર્શ્વભૂમિકા :** પ્રોટેસ્ટન્ટ મિશનેરી કાર્યની ઉત્તર ભારતમાં શરૂઆત અઢારમી સદીમાં ઇંગ્લેન્ડથી ભારત આવેલા બેપ્ટિસ્ટ મિશનેરી વિલ્યમ કેરીથી થઇ. ઇ. સ. ૧૭૯૩માં તેઓ એક અપૂર્વ ઉત્સાહ સાથે ભારતમાં આવ્યા હતા. દક્ષિણ ભારતમાં વિલ્યમ કેરીની પહેલાં બે જર્મન લ્યુથરન મિશનેરીઓએ સેવાકાર્યની શરૂઆત કરી હતી અને સારી એવી સફળતા પ્રાપ્ત કરી હતી. જો કે પ્રભુ ઇસુના પુનરુત્થાન બાદ પવિત્ર આત્માની પ્રેરણાથી પ્રભુનો શિષ્ય થોમા ભારત આવ્યો હતો અને ભારતમાં મંડળીની સ્થાપના થઇ હતી, જે આજે સીરીયન ઓર્થોડોક્ષ મંડળી તરીકે ઓળખાય છે અને આજે તેનું સેવાકાર્ય ભારતના જુદા જુદા ભાગોમાં જોવા મળે છે. પરંતુ ખરી રીતે જોતાં તો સેવાકાર્યની ઝુંબેશ પ્રોટેસ્ટંટ સેવાકાર્યથી થઇ એમ કહી શકાય.

૨. વિલ્યમ કેરી ભારતમાં એક એવા સમયે આવ્યા કે જયારે ઇંગ્લેન્ડની ઇસ્ટ ઇન્ડિયા કંપની પોતાનો વેપાર અને સરહદીય ફેલાવો આગળ ધપાવી રહી હતી અને કલકત્તા અને આજુબાજુના પ્રદેશ પર તેણે પોતાની સત્તા જમાવી હતી. શરૂઆતમાં આ કંપનીનું ધ્યેય ફક્ત વેપાર કરવાનું હતું. ધાર્મિક પ્રચાર અને મિશનેરી પ્રવૃત્તિઓને તેઓ તરફથી કોઇ ઉત્તેજન ન હતું. વિલ્યમ કેરીને ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ક્ષેત્રમાં કામ કરવાની મના કરવામાં આવી હતી અને તેથી તેઓ કલકત્તાથી થોડે દૂર ડેન્માર્ક સરકારની સત્તા હેઠળના સીરામપુર ગામમાં રહી સેવાકાર્યની શરૂઆત કરવા લાગ્યા. તેમની સાથે તેમના બે સાથી હતા અને તેથી તેઓને સીરામપુર ત્રિપુટી તરીકે ઓળખવામાં આવે છે.

૩. અઢારમી સદીનું ભારત રાજકીય અનિશ્ચિતતાથી ઘેરાયેલું હતું. મોગલ સામ્રાજયની પડતી થઇ રહી હતી અને આખો દેશ અનેક નાનામોટા સૂબાઓ અથવા રાજાઓના અમલ નીચે વહેંચાયેલો હતો. હિન્દુ અને મુસ્લિમ રાજયો સ્થાનિક સર્વોપરિતા માટે સતત સંઘર્ષ કરતા હતા. એવા સમયમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ આ તકનો લાભ લીધો. અલગ અલગ રાજાઓ અને સૂબાઓ સાથે તેમણે સલાહસંધિ કરી

પોતાનો વેપાર વધારવા લાગ્યા. તેને પરિણામે એક પક્ષમાં રહી, બીજાની સામે થઇ, નાના નાના રાજ્યોને પોતાની હકુમત નીચે લાવવામાં કંપની સફળ થઇ. ધીમે ધીમે તેનું વર્ચસ્વ મોટા ભાગના ભારત પર થઇ ગયું.

૪. એ સમયમાં ભારતમાં સામાન્ય લોકોમાં અજ્ઞાનતા ફેલાયેલી હતી. શિક્ષિત સમાજની ટકાવારી નામ માત્ર હતી. હિન્દુ ધર્મના રીતરિવાજો અને ક્રિયાકાંડોમાં લોકો સપડાયેલા હતા. બાળ લગ્નની પ્રથા અને સતી પ્રથા પ્રચલિત હતી. અનેક જાતિઓમાં લોકો વહેંચાયેલા હતા અને તેના નિયમોનું ચુસ્તપણે અનુસરણ કરવામાં આવતું હતું. હિન્દુ પંડિતો કે જેઓ બ્રાહ્મણ જાતિના હતા તેઓએ હિન્દુ ધર્મશાસ્ત્રોનું વાચન અને અર્થઘટન અને શિક્ષણ આપવાના કાર્યને પોતાને હસ્તક કર્યું હતું. પરિણામે સમાજમાં તેઓનું મહત્વ અને તેઓનો અધિકાર પુષ્કળ વધેલો હતો. જો કે જાતિપ્રથાનું વિભાગીકરણ શ્રમના સિધ્ધાંત પર થયું હતું એમ માનવામાં આવે છે. પરંતુ આ પ્રથા દ્વારા લોકો જુદી જુદી જાતિઓમાં વિભાજન પામેલા હતા અને જાતિ-જાતિ વચ્ચેનો સંબંધ નષ્ટ થયેલો હતો. આ પ્રથા સમાજને વિવિધ સ્તરોમાં વહેંચીને નિમ્ન જાતિઓને કચડવામાં તથા ઉચ્ચ જાતિઓના અધિકારો વધારવામાં પરિણમી હતી. આઝાદીના પચાસ વર્ષ બાદ પણ આજે આ પ્રથાના વિષમ પરિણામો જોવા મળે છે. ધાર્મિક નીતિ નિયમો હેઠળ નિમ્ન જાતિના લોકોને ભારતના સંવિધાન દ્વારા આપવામાં આવેલા હક્ક તેમજ તકનો નકાર કરવામાં આવી રહ્યો છે. સામાજીક, આર્થિક, ધાર્મિક અને રાજકીય ભેદભાવો આજે પણ જોવા મળે છે.

૫. પ્રોટેસ્ટંટ મિશનેરી સેવાકાર્ય મોટે ભાગે શરૂઆતમાં આ નિમ્ન સ્તરના લોકોમાં, પછાત ગણાતી જાતિમાં, જ્ઞાતિ બહારના લોકોમાં, અને આજે જેઓને દલિત વર્ગના ગણવામાં આવે છે તેઓ મધ્યે કરવામાં આવ્યું હતું. આ એવા હતા કે જેઓને અસ્પૃષ્ય, અછૂત, અશુધ્ધ ગણવામાં આવતા હતા. જાતિપ્રથાની નિસરણી પર તેઓ છેક છેલ્લા પગથીયે હતા. હિન્દુ ધર્મની જાતિપ્રથાએ તેઓને એક એવું સ્થાન આપ્યું હતું કે જ્યાં તેઓને માનવી કરતાં ઉતરતે દરજ્જે ગણવામાં આવતા હતા. અન્ય સમાજોની ગુલામી પ્રથા સમાન આ પ્રથા હતી. તેઓ હક્ક, સ્થાન તેમજ માન વગરના હતા. ગરીબાઇ, અપમાન અને નકાર તેમને માટે સામાન્ય હતા. દરરોજના અસ્તિત્વ માટે તેઓ ઉચ્ચ વર્ણના લોકો પર આધારીત હતા. તેઓને માટે સમાજમાં કોઇ સ્થાન ન હતું. હિન્દુ ધર્મની જાતિપ્રથા એટલી બધી વ્યાપ્ત અને સજ્જડ હતી કે તેઓ તેમાંથી બહાર નીકળવાને માટે અસહાય હતા. તેઓ એ વિચારી પણ શક્તા નહતા. સદીઓથી ચાલી આવતી આ પ્રથાએ

તેમના આખા જીવન પર,.મન પર એવો કાબુ મેળવ્યો હતો કે તેઓ આ પ્રથામાંથી બહાર નીકળવાને પોતાને અસમર્થ માનતા હતા. જે સમાજમાં જન્મ થયો હોય તેમાંથી મૃત્યુ દ્વારા જ છૂટકારો થાય એ માન્યતા તેમના જીવન પર અસર કરેલી હતી. એ માન્યતા તેમને માટે "ધર્મી" બની રહી હતી. જાતિધર્મ અને કર્મ એવા સંકળાયેલા હતા કે ધર્મ અને કર્મ એકબીજાથી અલગ થઇ શકે નહિ. તેમનું ભવિષ્ય જન્મ સાથે જ નિર્મિત થયેલું હતું. કોઇપણ જાતના પ્રશ્ન વિના તેમણે પોતાની સ્થિતિ સ્વીકારવાની હતી અને જે કામ તેઓની જાતિ પ્રમાણે કરવાનું હતું તેમાંજ તેઓએ સંતોષ અનુભવવાનો હતો. ધર્મ અને કાર્યનો સંબંધી પુનર્જન્મ સાથે સાંકળી લેવામાં આવ્યો હતો. ધર્મ અને કર્મભ્રષ્ટ વ્યક્તિનો પુર્નજન્મ માનવકક્ષાથી પણ નીચેની કક્ષામાં થશે એ માન્યતા હોવાથી કોઇપણ વ્યક્તિ જાતિ ધર્મ અને કર્મની અવગણના કરી શકે નહિ. આ માન્યતા હોવાથી જેઓ દાસત્વમાં જનમ્યા હોય તેમણે તેમનું આખું જીવન દાસત્વમાં જ ગુજારવાનું રહ્યું. દાસત્વમાં જન્મેલાં બાળકો પણ આખરે દાસત્વમાં મૃત્યું પામવાના એ વિધિના લેખને કોઇ ટાળી શકે નહિ. આ માન્યતાથી ભારતની લગભગ ચાલીસ ટકા પ્રજા આવા દાસત્વમાં સપડાયેલી છે. તેમાંથી નીકળવાનો કોઇપણ માર્ગ હિન્દુ ધર્મમાં નથી.

૬. આ પ્રકારની ધાર્મિક માન્યતાવાળી પરિસ્થિતિમાં ઇસુ ખ્રિસ્તની સુવાર્તા અથવા શુભ સંદેશ આ લોકોને માટે આશાનું કિરણ છે જેઓને દેવે પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યા હોય હોય તેઓ જીવનપર્યંત ગુલામીમાં કેવી રીતે રહી શકે ? સુવાર્તા તો તમામ પ્રકારના બંધનોમાંથી છૂટકારો આપે છે. સુવાર્તા દરેક મનુષ્યના માનવી હક્કોનું રક્ષણ કરે છે. તેથી ઇસુ ખ્રિસ્તની સુવાર્તા ખરેખર એક શુભ સંદેશ છે. દલિત, કચડાયેલા, ગુલામ સ્થિતિમાં ફસાયેલા લોકોને માટે આ સુવાર્તા આનંદના સમાચાર છે. મિશનરીઓએ આવા લોકો મધ્યે, કે જેઓના ઘરો ગામની બહાર, સવર્ણ જ્ઞાતિના લોકોથી દૂર હતા, સુવાર્તા પ્રચારની શરૂઆત કરી. તેમની મુલાકાત લઇ, કરૂણા દર્શાવી,પ્રભુ ઇસુની સુવાર્તા સંભળાવી, પ્રભુ ઇસુનો સ્વીકાર કરી આ વિષમ પરિસ્થિતિમાંથી નીકળી જવા આમંત્રણ આપ્યું. તેઓના બાળકોને માટે પ્રાથમિક શાળાઓ સ્થાપી. જેઓ પેઢીઓથી અશિક્ષિત હતા તેઓને શિક્ષણ આપવા તેઓએ સંસ્થાઓ સ્થાપી. તેઓ આ લોકો માટે જ્ઞાતિપ્રથાને ત્યાગ કરાવનારા અને નવું જીવન આપનાર બન્યા. પ્રભુ ઇસુની સુવાર્તાનો સ્વીકાર કરી, પ્રભુ ઇસુને પોતાના વ્યક્તિગત તારણહાર માની, પોતાના જુના સમાજમાંથી બહાર નીકળી પ્રભુ ઇસુ ખ્રિસ્તના નવા સમાજમાં આવી તેઓએ એક નવા જીવનનો અનુભવ કર્યો. અત્યાચારી સામાજીક માળખામાંથી મુક્ત થવાને લીધે

તેઓ ઉચ્ચ જ્ઞાતિના લોકોની આંખોમાં ખટકવા લાગ્યા કેમકે તેઓએ અન્ય ધર્મનો સ્વીકાર કર્યો હતો અને ગુલામીની દશામાંથી નીકળી ગયા હતા. પરંતુ આ દલિત લોકો પોતાના બાળકોના શિક્ષણ અને ભવિષ્ય માટે તેમના જૂનાપૂરાણા ધર્મનો ત્યાગ કરવા માટે ગમે તેવી કિમંત ચૂકવવા તૈયાર હતા. મોટા ભાગના શરૂઆતના પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ, જેઓ આ દલિત અવસ્થામાંથી બહાર આવેલા હતા તેઓ આર્થિક અને સામાજીક દૃષ્ટિએ ગરીબ જ હતા. તેથી જ્યારે ઉચ્ચ જ્ઞાતિના લોકોએ તેમને મજુરી આપવાની બંધ કરી ત્યારે તેમનો પોષણ અને બચાવનો આધાર મિશનેરી લોકો પર હતો. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની તરફથી તેમને કોઇ આર્થિક લાભ ન હતો, કારણ કે આ કંપની ધર્મની બાબતમાં કોઇપણ દખલ કરવા તૈયાર ન હતી. પાછળથી શાળાઓ અને દવાખાનાઓ માટે પ્રસંગોપાત જમીન ખરીદવાની મંજુરી આપતા હતા.

૭. પછાત જ્ઞાતિના લોકો દ્વારા સહન કરવામાં આવતી સામાજિક અસમાનતા અને અન્યાયો સર્વ જગ્યાએ પ્રવર્તમાન હતા. આજે પણ આઝાદીના પચાસ વર્ષ પછી પણ ગામડાંઓમાં આવા અત્યાચારના સમાચાર વાંચવા મળે છે. તેથી ખ્રિસ્તી મંડળીએ અને મિશનરીઓએ ભારતને પોતાનું મિશનેરી ક્ષેત્ર બનાવ્યું છે અને આ લોકોને સામાજીક અને આર્થિક ગુલામીમાંથી છોડાવવાનું શુભ કામ ચાલુ રાખ્યું છે. જો કે સુવાર્તા અથવા શુભ સંદેશ દરેક લોકોને માટે છે પરંતુ જેઓને તેની પુષ્કળ જરૂર છે તે તો આ દલિત લોકો છે કે જેઓએ જીવનનો આનંદ કદી પણ અનુભવ્યો નથી. તેથી આ લોકો મધ્યે કામ કરવાની, સુવાર્તા સંભળાવવાની અને તેમને નવા જીવનનો અનુભવ કરાવવાની ઝુંબેશ મિશનેરીઓ દ્વારા ઉપાડવામાં આવી. તેઓનો સામાજીક અને આર્થિક વિકાસ થાય એ આ કાર્યનું દૃષ્ટિબિંદુ હતું. મહાત્મા ગાંધીજીએ પણ દલિતો મધ્યે કામની શરૂઆત કરી કારણ કે તેઓને પણ લાગ્યું કે જો આ દલિત લોકોની પરિસ્થિતિમાં સુધારો નહિ થાય તો તેઓ અન્ય ધર્મમાં જતા રહેશે જ્યાં તેમને એક માનવી તરીકેનું સન્માન મળશે. જ્ઞાતિપ્રથાને લીધે અસ્તિત્વમાં આવેલા ભેદભાવોને ઉખેડી નાખવા ભારત સરકારે પણ કાયદા ઘડયા છે પરંતુ આ દિશામાં હજુ પણ કોઇ વિશેષ સફળતા મળી નથી કારણ કે ધર્મ અને કર્મનો સિધ્ધાંત હિન્દુ ધર્મમાંથી દૂર થવો અસંભવ છે. ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં છૂટાછવાયા જ્ઞાતિવિગ્રહો અને ઘર્ષણો આજે પણ જોવા મળે છે. દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરાયેલા અને પ્રભુ ઇસુના વધસ્તંભ પરના મૃત્યુ દ્વારા નવું જીવન પામેલા, ઉધ્ધાર પામેલા લોકો પરના અત્યાચારો અને અન્યાયોને દૂર કરી સમાનતાના ધોરણે તેઓને સમાજમાં સ્થાન આપવાના મિશનેરી પ્રયત્નો દ્વારા અનેક લોકો પ્રભુ ઇસુનો સ્વીકાર કરી ખ્રિસ્તી ધર્મમાં જોડાયા. મોટા ભાગના ખ્રિસ્તી લોકો આવા સમાજમાંથી બહાર આવેલા છે.

(કેરલ પ્રદેશ, ગોવા અને ઉત્તર પૂર્વના રાજયોના ખ્રિસ્તી લોકો કદાચ નિમ્ન જ્ઞાતિમાંથી ન હોય.) કોઇપણ જાતના જાતિના અને સામાજીક સ્થાનના ભેદભાવ રાખ્યા વગર પ્રભુ ઇસુની સુવાર્તા પ્રગટ કરવામાં આવતી હતી. પ્રભુ ઇસુ ખ્રિસ્તના જીવન અને ઉપદેશ તથા શિક્ષણથી ઉચ્ચ જ્ઞાતિના કેટલાક લોકો પ્રભાવિત થઇને મિશનેરીઓના સંપર્કમાં આવ્યા હતા. પરંતુ જ્ઞાતિપ્રથાની જડતા અને જે રીતે આ પ્રથાની સાથે જળવાઇ રહેલા હક્કો અને અધિકારોને જોતાં તેઓ આ પ્રથામાંથી બહાર નીકળવા તૈયાર ન હતા. આ પ્રથામાંથી બહાર નીકળી પ્રભુ ઇસુનો સ્વીકાર કરવો એટલે એક પરદેશી ધર્મનો સ્વીકાર કરવો અને સમતાવાદી વિચારશ્રેણીને સ્વીકારવી. આ કામ એટલું સરળ ન હતું. સમાજના પડદા પર ખ્રિસ્તી વિશ્વાસ એક અનોખી અસર ઉપજાવી રહ્યો હતો. જેમ જેમ સુવાર્તા પ્રચાર અને ઘોષણા, ધર્મનિરપેક્ષ જ્ઞાતિવિહિન શૈક્ષણિક સંસ્થાઓ અને વૈદકિય સામાજીક સેવાઓ, અને સુવાર્તા સાહિત્યનો ફેલાવો થતો ગયો તેમ તેમ આખા હિન્દુ સમાજ પર તેની અસર દેખાવા લાગી. જયારે આ સેવાઓ દ્વારા દલિત લોકો મધ્યે વિશાળ કામ થઇ રહ્યું હતું તે સમયમાં ડૉ. સ્ટેન્લી જોન્સ સને ઇ. સ. ૧૯૦૭માં ભારતમાં એક મિશનેરી તરીકે આવ્યા. ભારતના લોકો સમક્ષ ખ્રિસ્તી વિશ્વાસની ઘોષણા કરવા એક નવીન સમજ અને સમર્પણ લઇ તેઓ આવ્યા હતા. તેમની મિશનેરી તરીકેની યાત્રાની શરૂઆત એક વિચિત્ર અને આશ્ચર્યકારક ઢબે થઇ હતી.

૮. જયારે ડૉ. સ્ટેન્લી જોન્સ અમેરિકાની એસ્બરી કોલેજમાં વિદ્યાર્થી હતા ત્યારે ત્યાંની Student Volunteer Movement નામની સંસ્થાએ તેમને આફ્રિકા પ્રદેશ પર સંબોધન કરવા આમંત્રણ આપ્યું. જયારે તેઓ આ માટે પ્રાર્થના સહિત તૈયારી કરતા હતા ત્યારે તેમને આફ્રિકા જવા સંબંધીનું દર્શન થયાની લાગણી થઇ. કોલેજનો અભ્યાસ પૂરો થતાં જ તેઓને સેવાકાર્ય માટે ત્રણ પ્રસ્તાવ મળ્યા. અને જેમ પ્રભુએ નિર્ધાર્યું હતું તેમ મેથોડિસ્ટ મિશન બોર્ડના આશ્રય હેઠળ તેઓએ ભારતમાં મિશનેરી તરીકે આવવાનું સ્વીકાર્યું. આ સેવાકાર્યની શરૂઆત કેવી રીતે થઇ એ જાણવું જરૂરી છે SOA PP 71-73).

## (બ) ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સનો બદલાણનો અનુભવ

૧. અમેરિકાના મેરીલેન્ડ રાજયના કલાર્કસવિલ ગામમાં જાન્યુઆરી ૩, ૧૮૮૪ તારીખે ડૉ. જોન્સનો જન્મ થયો હતો. બે ભાઇ અને એક બહેન સાથે તેમના માતાપિતાની દેખરેખ નીચે ખેતીવાડીના જીવનથી તેમણે શરૂઆત કરી. થોડા સમય પછી તેઓ બાલ્ટીમોર શહેરમાં રહેવા ગયા જયાં ત્રણે બાળકોએ શાળાની

શરૂઆત કરી. જો કે ધાર્મિક બાબતોમાં આ કુટુંબની પાસે બહુ સમય નહોતો, પરંતુ રવિવારની ભક્તિસભામાં અને સાબ્બાથશાળામાં બધાં જ નિયમિત રહેતા. ડૉ. જોન્સને આગળ અભ્યાસ કરી વકીલ બનવું હતું. પરંતુ દેવે તેમને માટે એક જુદો જ વ્યવસાય નક્કી કર્યો હતો. વર્ષો પછી ડૉ. જોન્સ આ યોજના સંબંધી લખે છે કે આ સંસારના ન્યાયાધીશ આગળ માણસો માટે હિમાયત કરવાને બદલે દેવના રાજ્યના હિમાયતી તરીકે સર્વ જગ્યાના લોકો માટે પ્રથમ એક મિશનેરી તરીકે, ત્યારબાદ સુવાર્તિક તરીકે અને છેવટે સાહિત્ય અને લખાણો દ્વારા સર્વ સમયના પ્રચારક લેખક તરીકે દેવે તેમને પસંદ કર્યાં હતા.

૨. પંદર વર્ષની ઉંમરે મંડળીના પૂર્ણ સભાસદ માટેના ઉપદેશક (પાસ્ટર) તરફથી મળેલા આમંત્રણને સ્વીકારી ખ્રિસ્તને માટે તેમણે વેદી આગળ નિર્ણય કર્યો અને પૂર્ણ સભાસદ બન્યા. સભાની પૂર્ણાહૂતિ બાદ તેઓને એમ લાગ્યું કે માત્ર મંડળીના સભાસદ બનવા કરતાં પણ કાંઈક વધારે ગહન અને વિશાળ એવું એમને જોઈતું હતું. મંડળીનું સભાસદપણું એ ન તો દેવના રાજ્યનું નાગરિકત્વ હતું તેમજ સ્વર્ગીય પ્રભુપિતા સાથેનો સંપર્ક હતો. મંડળીના સભાસદ બનવા માટે ખ્રિસ્તને માટે કરેલો નિર્ણય એમના ધાર્મિક જીવનની એક ઉચ્ચ પળ હતી. પરંતુ પાછળથી એમને એ સ્પષ્ટ લાગ્યું કે દેવના સેવક પાસ્ટર તરફથી આપવામાં આવેલા પ્રેરણાદાયક અને પડકારભર્યા ઉપદેશને પ્રભાવે આધારે એ તત્કાલીન લાગણીભર્યા નિર્ણય કરતાં વધારે કાંઇ ન હતું (SOA p. 26) થોડાં અઠવાડિયા બાદ જે આત્મિક સ્થિતિમાં તેઓ પહેલાં હતા ત્યાં જ છે એવું તેમને લાગ્યું. મારા જીવનની ટેવો અને જીવનના લક્ષણો એવાને એવા જ હતા. તેમાં કોઈ બદલાણ થયું ન હતું. તેમણે આ સ્થિતિને સમાંતરીય બદલાણ તરીકે વર્ણવી, નહિ કે લંબરૂપે (Verticle). આ સ્થિતિ દેવ તરફથી હોય એમ તેમને લાગ્યું નહિ. તેથી આ સમર્પણ એ તો અધુરું અને અપૂર્ણ હતું. મંડળીનું સભાસદપણું મળી જવાથી દેવના રાજ્યમાં આપોઆપ સભાસદપણું મળી જાય છે એવું માની શકાય નહિ. એમની ઈચ્છા તો દેવના રાજ્યના સભ્યપદ માટેની હતી.

૩. ત્યારપછીના બે વર્ષ બાદ તેમની મંડળીમાં રોબર્ટ જે. બેટમેન નામના સુવાર્તિક આવ્યા. તેમની સુવાર્તિક સભાઓમાં તેમણે નિયમિત હાજરી આપી અને દરેક સભા બાદ આ સુવાર્તિકના નિમંત્રણને સ્વીકારી તેઓ વેદી આગળ જતા હતા. પરંતુ એક રાત્રે, આ સભામાં જતાં પહેલાં તેમણે પોતાની ઓરડીમાં ઘુંટણે પડી એક સાદી પ્રાર્થના કરી : "ઓ પ્રભુ ઇસુ, આજે રાત્રે મને બચાવ". તેમણે આ પ્રાર્થના બાદ નોંધ કરી છે કે તેજ સમયે અને તેજ સ્થળે તેમણે પ્રભુ ઇસુ દ્વારા

ઉધ્ધારનો અનુભવ કર્યો. આ તો તેમના જીવનના બદલાણનો અનુભવ હતો. તેઓ સભામાં ઉતાવળે ગયા અને સભા પૂરી થતાં વેદી આગળ ઘુંટણીએ પડી પ્રભુ ઇસુની ઉધ્ધાર આપતી કૃપાની ખાત્રી મેળવી અને અવર્ણનીય આનંદનો અનુભવ કર્યો. પાછળથી આ અનુભવ વિષે તેઓ લખે છે : મારૂં સમગ્ર ભવિષ્ય આ ઘટનામાં સમાયેલું હતું."(SOA p. 28). આ અવર્ણનીય આનંદ બીજાઓની સાથે વહેંચવા તેઓ તૈયાર થયા.

૪. સત્તર વર્ષની ઉંમરે થયેલા બદલાણના આ અનુભવની તેમના જીવન પર હંમેશ માટે અસર રહી. તેમના જીવનની દિશા સદાને માટે બદલાઇ ગયી. આ અનુભવ એક એવું કેન્દ્ર બિન્દુ હતું કે જેની આસપાસ તેમણે તેમના જીવનની પ્રદક્ષિણા કરવાની હતી. આ અનુભવના પ્રકાશમાં તેઓ પોતાના વર્તમાન અને ભવિષ્યના જીવનકાર્યને જોવા લાગ્યા. તેમના દૈનિક જીવનના વ્યવહારિક અને વાસ્તવિક પ્રસંગોને આ અનુભવની દૃષ્ટિએ તેઓ સમજવા લાગ્યા. જો કે હજુ પણ કેટલાક એવા પ્રશ્નો હતા કે જેનો ઉકેલ તેમની પાસે ન હતો. પાછલા જીવનમાં જવાના પરીક્ષણોનો તેમણે સામનો કરવાનો હતો. માનવ જીવન પર પ્રભુત્વ ધરાવતા અહમ્ (સ્વાર્થ) અને મિત્રોની સંગતની તૃષ્ણાનો તેઓ ઉલ્લેખ કરે છે. એકબીજા સાથે કેવો વ્યવહાર કરવો કે જેથી ખ્રિસ્ત તરફથી મળેલા નવા જીવનમાંથી બહાર લઇ જનાર ભયંકર દબાણનો સામનો કરી શકાય એ વિષે તેઓ વિચારમંથન કરતા હતા.આવી પરિસ્થિતિમાં દરેક વ્યક્તિએ કોઇ એક સિધ્ધાંત, સામર્થ્ય અથવા કોઇ એક વ્યક્તિનો સ્વીકાર કરવાનો હોય છે કે જે આવા દુન્યવી દબાણો અને પ્રભાવોનો સામનો કરવા માટે એક આંતરિક બળ પૂરું પાડી શકે. આ વ્યક્તિ તો પ્રભુ ઇસુ ખ્રિસ્ત સિવાય બીજું કોઇ નથી. ડૉ. જોન્સને માટે હવે પ્રભુ ઇસુ જ સર્વસ્વ હતા. પ્રભુ ઇસુ જ તેઓને માટે તે વ્યક્તિ, તે સિધ્ધાંત અને તે સામર્થ્ય હતા. તેમણે પ્રભુ ઇસુને મેળવી લીધા હતા અને હવે તેમના એક અનુયાયી તરીકે તેમના નવા પ્રભાવ સાથે તેમના જીવનનું સમાયોજન તેમણે કરવાનું હતું.

૫. ઇસુ ખ્રિસ્ત દ્વારા નિયંત્રિત જીવનમાં ઠોકરરૂપ બનતા પ્રભાવો, શક્તિઓ અને અધિકારોની પરખ કેવી રીતે થઇ શકે ? કેવી રીતે ભૂતકાળના જીવનને તેના સર્વ કાટમાળ સાથે સંપૂર્ણ રીતે ત્યાગી શકાય ? આવા અનેક મહત્વના પ્રશ્નોનો સામનો કરવા ઇસુ ખ્રિસ્તના જીવનના નમૂના પ્રમાણે જીવન બનાવવા અને જીવવા માટે સતત પ્રાર્થના સાથે પ્રયત્નો કરવા પડે છે (માર્ક ૮ : ૩૪). પ્રભુ ઇસુએ તેમના શિષ્યોને અને જેઓ તેમનું અનુકરણ કરવા માગે છે તેઓને જણાવ્યું કે તેઓએ દરરોજ પોતાનો નકાર કરવો અને પોતાનો વધસ્થંભ ઊંચકવાનો છે. આ એક

એવો પડકાર છે કે જે પ્રભુ ઈસુ સર્વ યુગોના લોકોને આપે છે. જેઓ આ પડકારનો સ્વીકાર કરે છે તેઓ જ તેમના શિષ્ય બને છે. આજના સમયમાં પણ આ પડકાર એટલો જ માન્ય છે અને આવકાર કરવા લાયક છે. તેનો સ્વીકાર કર્યા વિના પ્રભુ ઈસુના શિષ્ય થઇ શકાય નહિ (માર્ક ૧ : ૧૬-૨૦).

૬. ડૉ. જોન્સ આવા બદલાણને પ્રભુ ઈસુના અનુયાયી અને શિષ્યના જીવનની કેન્દ્રની જરૂરિયાત જણાવે છે. એક ખ્રિસ્તી અને એક શિષ્ય બન્ને વચ્ચે ભેદ તારવતી આ અગત્યની રેખા છે. બદલાણ એ એક અગત્યનો મુદ્દો છે. આમાં એક સત્ય સમાયેલું છે. સમય જતાં મંડળી એક સંસ્થા બની જાય છે અને એક ખ્રિસ્તી કોઈપણ જાતના તેડા અને જવાબદારી વગર તેનો એક સભાસદ બને છે. બદલાણની તેને જરૂર લાગતી નથી. મંડળીરૂપે સંસ્થામાં સભ્યપદ રાખવું એ ખ્રિસ્તનું શરીર એટલે મંડળીનું એક અંગ હોવું એ તદ્દન ભિન્ન છે. ડૉ. જોન્સના મંતવ્ય પ્રમાણે જો કોઈ એક બાબત વ્યક્તિને ખ્રિસ્તી બનાવે તો તે બાબત ફક્ત બદલાણનો અનુભવ. આ અનુભવ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ માટે ભિન્ન ભિન્ન હોઈ શકે. પરંતુ એ અનુભવ જીવનને હચમચાવી નાખનાર, જીવનની દિશાને બદલી નાખનાર હોય છે. એ અનુભવ એજ સમયે તે વ્યક્તિને સદાને માટે અન્ય લોકોથી અલગ કરનાર છે તેને નવો જન્મ કહી શકાય. બદલાણ જ સર્વ પ્રકારની ભિન્નતા અને અલગતા લાવનાર બને છે. ડૉ. જોન્સ જણાવે છે કે "જ્યારે તમારૂં બદલાણ થાય છે તે જ સમયે ખ્રિસ્ત તમને પ્રાપ્ત થાય છે અને તમે નવી વ્યક્તિ બનો છો, તમને નવું જીવન અને નવું સ્થાન મળે છે **(SOA p 32)**.

૭. બદલાણ તરફ દોરી જતા, તેમના મત પ્રમાણે, આઠ પગથીયાં છે : શંકા, અંધકાર, નિરાશા, નિર્ણય, પ્રભાત, છુટકારો, આનંદ અને આત્મિક વૃધ્ધિ. આ પ્રવાસ ખૂબ ધીરો અથવા કેટલીકવાર બહુ જ ગતિશીલ હોઈ શકે. ઉડાઉ દિકરાના કિસ્સામાં શંકા, અંધકાર અને નિરાશાભરી સ્થિતિમાં તેણે પિતા તરફ પાછા ફરવાનો નિર્ણય કર્યો (લુક ૧૫). શંકા, અંધકાર અને નિરાશાભર્યા વાતાવરણમાં જે નિર્ણય કરવામાં આવે છે તે અતિ મહત્વનો બની રહે છે. પ્રત્યેક વ્યક્તિનું આખું જીવન, ભવિષ્ય તે સમયના નિર્ણય પર નિર્ભર છે. કદાચ એવું બની શકે કે યહુદા ઇસ્કારિયોતની માફક તે નકારાત્મક હોઈ શકે. શંકા, અંધકાર અને નિરાશાથી જ્યારે તે ઘેરાઇ ગયો, જીવનમાં અંજપો આવ્યો અને માફીની શક્યતા છે કે નહિ તે સંબંધી શંકા સેવવા લાગ્યો ત્યારે તેણે ખોટો નિર્ણય કર્યો અને પોતાને ફાંસી પર લટકાવી દીધો (માત્થી ૨૭ : ૩-૫). આ બાબત આજના સમયમાં કેટલી બધી સત્ય પૂરવાર થાય છે. પ્રકાશના ઉદયસ્થાન તરફ આવવાને બદલે

સંપૂર્ણ અંધકારને કેટલા બધા લોકો પ્રાથમિકતા આપી જીવનને ગુમાવી બેસે છે. નવા અને આનંદિત જીવનમાં પ્રવેશ કરવાની તક દરેકને માટે છે. પરંતુ તે તક ઝડપી લેવા પ્રભુ ઈસુને સ્વીકારવાની જરૂર છે કે જે આ જીવન આપી શકવાને માટે સમર્થ અને તૈયાર છે. આ જીવન મેળવવા માટે વિશ્વાસથી મન અને હૃદયના દ્વારને સંપૂર્ણ રીતે ખોલવાની જરૂર છે. પ્રત્યેક વ્યક્તિ શંકા, અંધકાર અને નિરાશામાંથી છૂટકારો મેળવી શકે છે, ભલેને તે અંધકાર ગમે તેટલો ગાઢ હોય! ભલે તે નિરાશા ગમે તેટલી ઊંડી હોય ! સંત પાઉલ કહે છે : જ્યાં પાપ અધિક થાય ત્યાં કૃપા તેથી અધિક થાય છે (રૂમી ૫ : ૨૦). આ મુક્તિ અને છૂટકારામાં આત્માના ફળો ધરાવતો આનંદ સમાયેલો છે (ગલાતી ૫ : ૨૨-૨૩). ડૉ. જોન્સ જણાવે છે કે જ્યારે વ્યક્તિ બદલાણ અનુભવે છે ત્યારે પ્રભુ ઈસુ તેના મુખમાં અને જીવનમાં એક નવું ગીત મૂકે છે. તે વ્યક્તિ આ ગીત ગાયા વગર રહી શકતો નથી. અમાપ અને અમર્યાદિત એવા આનંદનું આ ગીત છે. અને એ તો એજ જુનું ગીત પ્રભુ ઈસુ અને તેમના અગમ્ય પ્રેમ સંબંધીનું ગીત. આ ગીતનો સારાંશ "પ્રભુ ઈસુ મારા તારણહાર" અને હું તારી સ્તુતિ કરૂં છું મારા તારણહાર." આ ગીતને દરેક સ્થળે અને દરેક પરિસ્થિતિમાં ગાઈ શકાય છે. ડૉ. જોન્સે તેમના સુવાર્તિક જીવનકાળ દરમિયાન જ્યાં જ્યાં તેઓએ સંદેશાઓ આપ્યા ત્યાં તેમણે આજ ગીતનો ઉપયોગ કર્યો. આ ગીત ખરેખર દેવના રાજ્યનું ગીત બની ગયું અને ઈસુ ખ્રિસ્તના પ્રેમનો પ્રચાર કરવાનો વિષય પણ બની ગયું "પસ્તાવો કરો અને સુવાર્તા પર વિશ્વાસ કરો કેમકે દેવનું રાજ્ય પાસે આવ્યું છે." (માર્ક ૧ : ૧૫).

૮. આ ગીત એ "જીવનગીત" છે. જીવન આપનારૂં ગીત છે. તેને ફક્ત રવિવારે ભક્તિસભામાં જ ગાવાનું એમ નથી. એ થોડા સમય માટેનો ઉભરો નથી. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ ઉભરો ઓછો થાય એમ નહિ. એ કોઈ વ્યક્તિ ક્ષણિક આવેશમાં આવી ઉત્તેજીત થાય એમ નહિ. આ ગીત તો સર્વ સમય માટેનું, સર્વ સંજોગોમાં ગાવાનું, અને સર્વ સ્થળે ગવાઈ શકે તેવું ગીત છે. તે તો જીવન જીવવા માટે, આનંદનું જીવન જીવવા માટેનું ગીત છે. તેને તો ઘરના ધાબાઓ પરથી અને ભર બજારમાં જાહેર કરવાનું છે. ડૉ. જોન્સનો પોતાના બદલાણનો અનુભવ એટલા બધા સામર્થ્યથી ભરપૂર હતો કે તે તેમના જીવનનું, તેઓ જે કાંઈ કરી શકયા અને તેઓએ જે કાંઈ સફળતા પ્રાપ્ત કરી તેનું તે કેન્દ્રબિંદુ બની રહ્યો. જે ગીતનો ડૉ. જોન્સ ઉલ્લેખ કરે છે તે તેમના જીવનમાં ઘટેલી અનેક ઘટનાઓનું નહિ પરંતુ એક ચોક્કસ બનાવ-બદલાણનો બનાવ એટલે ઈસુ ખ્રિસ્ત

વિષેનું એ ગીત છે. તેઓ લખે છે : "મારે એક વ્યક્તિવિશેષ વિષે ગીત ગાવું છે અને તે વ્યક્તિવિશેષ તો ઈસુ ખ્રિસ્ત છે." (SOA p. 21) ઈસુ ખ્રિસ્ત એ કેન્દ્ર છે અને ગીતનો વિષય પણ એજ છે. લોકોને જરૂર છે તે તો આ ખાસ ગીતની છે. અધોગતિમાં જતી માનવજાતને માટે ઈસુ ખ્રિસ્તના એ ઉધ્ધારનાર પ્રેમનું ગીત છે. પ્રત્યેક વ્યક્તિએ એ ગીત ગાવાનું છે અને એ ગીત તો ફક્ત મુખથી નહિ હૃદયથી ગાવું જોઈએ. તે જીવનનું ગીત બની જવું જોઈએ કેમકે જીવન આ ગીતથી જ ટકી રહે છે. ઈસુ ખ્રિસ્ત દ્વારા જે જીવનનું બદલાણ થયું નથી અને જેના જીવનનું નિયંત્રણ તેમના પ્રેમ દ્વારા નથી થતું, તેમને માટે તો આ ગીત માત્ર હોઠોનું જ બની રહે છે. તે હૃદયમાંથી નીકળતું ન હોવાને લીધે માનવ જીવનની ભૂખ જે વિવિધ પરિસ્થિતિઓમાં જીવનના આનંદને ઝંખે છે તેને સંતોષી શકતું નથી. કેદખાનામાં હાથેપગે બેડીઓથી જકડાયેલા હોવા છતાં પાઉલ અને સીલાસ આ ગીત ગાઈ શકતા હતા (પ્રે. કૃ. ૧૬ : ૨૫). તે ગીત તેમના હૃદયમાંથી નીકળતું હોવાથી, તેઓ કેદમાં હોવા છતાં, હાથપગ જકડાયેલા હોવા છતાં, તેની દરકાર કર્યા વગર તેઓ આ ગીત ગાતા હતા. ડૉ. જોન્સ લખે છે કે આ ગીત જે બદલાણના અનુભવનું ગીત છે તે આવું જ ગીત છે. તે ગાયન તે રાત્રે એક ચમત્કાર સર્જી શકયું. તે ગીતે ધરતીને હલાવી નાખી, જેલના દરવાજા ખોલી નાખ્યા અને બેડીઓના બંધનને ફગાવી દીધા. આ ગીત તો તે જેલના દરોગા અને તેના આખા કુટુંબ માટે બદલાણનો અનુભવ કરાવનારૂં બન્યું. આ ગીતથી તે આખા કુટુંબને ઉધ્ધારનો અનુભવ પ્રાપ્ત થયો. આ ઈસુગીત બન્ને રીતે એટલે બંધનમાંથી મુક્તિ આપનાર અને સંસારનો ત્યાગ કરાવનારૂં છે. ડૉ. જોન્સ પોતાના જીવનકાળ દરમિયાન આ ગીત સર્વસ્થળે ગાતા અને લોકોને તે ગીત ગાવા માટે સહભાગી બનાવતા હતા.

૯. પોતાના બદલાણના અનુભવ બાદ તરત જ તેમને પોતાના જીવનની સાક્ષી આપવાની તક મળી પરંતુ તે આ અનુભવ વિષે કહેવામાં નિષ્ફળ બન્યા. પ્રભુ ઈસુએ તેમના માટે જે કર્યું હતું તે લોકોને કહેવા માટે, જ્યાં સુધી અંદરથી એક અવાજે તેમને પ્રેરણા ન આપી ત્યાં સુધી તેઓ કાંઈ બોલી શક્યા નહિ. સાક્ષી આપવા માટે તેમને શબ્દો શોધવા મુશ્કેલ લાગ્યા. તેમને સાંભળવા એકત્ર થયેલા લોકોને લાગ્યું કે તેઓ કાંઈક કહેવા માંગે છે પણ તેમને શબ્દો મળતા નથી. તેમના હૃદયમાં ગીત છે પણ તે તેમનાથી ગવાતું નથી. લોકોની ભાવના તેઓ સમજી શકતા હતા અને તે દ્વારા તેમને આંતરિક દિલાસો મળ્યો. તેમણે હિંમત કરી નિર્ણય કર્યો કે તેમના સર્વ ઉપદેશો, સંદેશાઓ અને પ્રવચનોનું મુખ્ય હાર્દ

. પ્રભુ ઈસુ જે ઉધ્ધારનાર છે તેમના સંબંધી સાક્ષી આપવાનું તથા તેમના ઉધ્ધારનાર પ્રેમનો જે અનુભવ તેમને થયો તે કહેવાનું બન્યું.

૧૦. કોલેજનો અભ્યાસ પૂરો થતાં અનેક નિર્ણયોમાંનો સૌથી વિકટ અને મોટો નિર્ણય જે તેમણે કરવાનો હતો તે તો એ હતો કે તેમણે મિશનેરી તરીકે કયાં જવું. એક સમયે તેમણે એવું વિચાર્યું હતું કે તેઓ આફ્રિકામાં મિશનેરી તરીકે જશે. વીસમી સદીના શરૂઆતના વર્ષોમાં આફ્રિકા જવું એટલે એક અંધારિયા ખંડમાં જવું એમ મનાતું હતું. સ્વેચ્છાએ આફ્રિકા જવાની ઈચ્છા એટલે મૃત્યુને આમંત્રણ આપવા બરાબર હતું. પરંતુ જેમ હંમેશા બને છે તેમ દેવની યોજના જ અંતમાં વિજયી બને છે. જેઓએ પોતાનું જીવન પ્રભુ ઈસુને સમર્પણ કર્યું છે તેઓને માટે તેમની ઈચ્છા જ સર્વોપરી છે. જો કે તેઓ પોતે આફ્રિકા જવા માટે તૈયાર હતા તેમ છતાં જયારે મેથોડિસ્ટ મિશન બોર્ડ તેમને ભારત જવા માટે જણાવ્યું ત્યારે પ્રાર્થના દ્વારા આ બાબતની ખાત્રી થતાં કે ભારતમાં જવા માટેની જ દેવની ઈચ્છા છે, તેમણે તે જવાબદારી સ્વીકારી. તેથી તેમના નિભાવ, સ્થળ અને કઇ જાતનું કાર્ય તેમણે કરવાનું છે એ બધા પ્રશ્નોને વચ્ચે ન લાવતા તેઓ ભારત આવ્યા. તેઓ લખે છે : "જો દેવ દોરવણી આપે છે તો તે જરૂરિયાતો પણ પૂરી પાડશે." દેવ તેમના સેવકોની સર્વ જરૂરિયાતો પૂરી પાડે છે (ફિલી. ૪ : ૧૯). આખા સંસારમાં દેવના સેવકોનો આજ અનુભવ છે. તેઓ જણાવે છે : "ધનિક થવાના બે માર્ગ છે : ભરપૂરીપણે તમારી પાસે સાંસારિક વસ્તુઓ હોય અથવા તમારી જરૂરીયાતોને ઓછી કરવી." આ સંદર્ભમાં તેઓની જરૂરિયાતો બહુ જ થોડી હતી અને તેથી તેઓ ધનિક હતા. જે કાંઇ તેમને જરૂર પડતી તે દેવ હંમેશા પૂરી પાડતા હતા (SOA p. 73).

૧૧. જયારે તેઓ ભારતમાં મિશનેરી તરીકે આવવા નીકળ્યા ત્યારે તેમને શું કરવું અને શું ન કરવું એવી માહિતી પૂરી પાડનાર કોઇ માર્ગદર્શિકા તેમને આપવામાં આવી ન હતી. સમુદ્રની લાંબી મુસાફરી વિષે પણ કોઇએ તેમને માહિતી આપી ન હતી. તેઓને એ પણ ખબર ન હતી કે જયારે લાંબી મુસાફરી પછી જયારે તેઓ મુંબઇ પહોંચશે તો તેમને ત્યાં કોણ મળશે અને ત્યાં કયારે અને કેવી રીતે લખનૌ જવાનું તે વિષે પણ તેમને કોઇ ખબર ન હતી. વાસ્તવમાં તો જયારે તે ભારત આવવા નીકળ્યા ત્યારે મેથોડિસ્ટ મિશનેરી બોર્ડ તરફથી, તેઓએ મિશનના મિશનેરી તરીકે જતા હોવા છતાં, તેમને છેલ્લી સલામ પાઠવવા, આવજો કહેવા પણ કોઇ આવ્યું ન હતું. એક મિશનેરી તરીકે એક અજાણ ભૂમિમાં અજાણ લોકો મધ્યે, પોતાના અનુભવોને આધારે જ ખૂબ કઠણ એવા માર્ગમાંથી પસાર કેવી

રીતે થવું એ તેમણે જાતે જ શીખવાનું હતું. જો કે અનુભવ ઉત્તમ શિક્ષક છે અને ભૂલો કરતાં શીખવાની પધ્ધતિ ઘણી બધી બાબતોનું સચોટ શિક્ષણ આપે છે. મુંબઈમાં તેમનો આવકાર કરવા અથવા કયાં કેવી રીતે જવું દર્શાવનાર કોઇ ન હતું. પરંતુ દેવની યોજના તેના સેવકોને માટે અજબ હોય છે. એક પારસી સદ્‌ગૃહસ્થ કસ્ટમમાંથી બહાર નીકળ્યા ત્યાંથી રેલ્વે સ્ટેશન સુધી ગાડીમાં બેઠા ત્યાં સુધી તેમના માર્ગદર્શક બન્યા. ડૉ. જોન્સ એવી સમજ પર આવ્યા કે એક મિશનેરીએ ગમે તે પરિસ્થિતિ માટે હંમેશા તૈયાર રહેવું જોઇએ. આ પ્રસંગથી તેમણે જાણ્યું કે દરેક પરિસ્થિતિમાં કોઇપણ જાતની પૂર્વ તૈયારી વગર તે સાથે સુમેળ સાધી આગળ વધવાનું રહ્યું. આ પ્રસંગે તેમના જીવનની પ્રત્યેક ક્ષણોમાં પ્રભુ ઈસુ પર આધાર રાખતાં શીખવ્યું. તેમનો એક માત્ર ઉદ્દેશ હતો કે "પ્રથમ દેવના રાજ્ય અને તેના ન્યાયીપણાને શોધો એટલે આ સર્વ વાનાંઓ તમને આપવામાં આવશે. (લુક ૧૨ : ૩૧).

૧૨. ન્યૂયોર્કથી મુંબઈ સુધીની લાંબી સ્ટીમરની મુસાફરી દરમ્યાન ડો. જોન્સને તેમના મિશનેરી તરીકેના કાર્ય સંબંધી વિચારવાની તક મળી. ભારતમાં અન્ય મિશનેરીઓ કાર્યરત હતા તેમના જેવા એક મિશનેરી તરીકે, તેઓની સાથે રહી કામ કરવા તેમને મેથોડીસ્ટ મિશન બોર્ડ દ્વારા મોકલવામાં આવ્યા હતા. તેમને ભારતમાં કામ કરતા મિશનેરીઓ વિષે બહુજ ઓછું જ્ઞાન હતું તો પછી તેમનું સેવાકાર્ય શું અને કેવું હોવું જોઈએ એ વિષે તેઓ વિચાર કરવા લાગ્યા. ત્યાં કેવા પ્રશ્નો ઉભા થશે અને તેનો કેવો ઉકેલ લાવવો એ વિષે તેમને કોઇ ખ્યાલ નહતો. તેમનો અંતર અવાજ તેમને એક બાબત કહેતો હતો કે તેઓ "ભારતના એક મિશનેરી" છે. તેથી તેઓનું કાર્યક્ષેત્ર ભારતના બધાજ લોકો છે. અન્ય મિશનેરીઓની જેમ ધંધાદારી મિશનેરી તરીકે નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિને માટે વ્યક્તિગત મિશનેરી બની રહેવાનું તેમણે નક્કી કર્યું.તેઓ પ્રત્યેક વ્યક્તિની સાથે મુલાકાત કરી સંબંધ બાંધી તેઓને પ્રભુ ઈસુને એક મિત્ર તથા ઉધ્ધારનાર તરીકે પરિચય કરાવશે એવો તેમણે નિર્ણય કર્યો.

૧૩. તેઓ સ્પષ્ટ જાણતા હતા કે તેમની પાસે સર્વ લોકોને વહેંચવા, સંભળાવવા માટે ખૂબ ઉત્તમ ગીત હતું. આ ગીત તેમના હ્રદયમાં હતું જે તેમણે લોકોની આગળ ગાવાનું હતુ. એ ગીત તો જીવંત ઇસુ ખ્રિસ્તનો અનુભવ હતો. એ અનુભવ લોકોને વારંવાર કહેવાનો હતો. તેઓ લખે છે, વાસ્તવિક ઘટનાઓએ મારા પર અધિકાર કરવા માંડયો. દરેક માણસ સમાન છે. તેઓની જરૂરીઆતો સમાન છે. તેઓ કોણ છે અને શું કામ કરે છે તેની ચિંતા કર્યા વિના દરેકને બદલાણની જરૂર

છે અને હું સર્વ જગ્યાએ માણસોની આ મૂળભૂત જરૂરીયાત સંબંધી લોકોને વાત કરીશ. (S0AP.77) ભારતની તેમની પ્રથમ મુસાફરી સમયે તેમના આ સેવાકાર્યના બીજનું રોપણ તેમના મનમાં થયું હતું જે પાછળથી વિશ્વના એક પ્રખર સુવાર્તિક તરીકે દરેક જગ્યાએ લોકો માટે પાંગરવાનું હતુ. પ્રભુ ઈસુનું સાર્વત્રિકપણું દેવના રાજ્યની વિશ્વવ્યાપકતા અને બદલાણ એ એક સાર્વત્રિક જરૂરીયાત છે એ બાબતો તેમના મનમાં દ્રઢ થઇ હતી અને આ બાબતોના પ્રચાર માટે તેમણે નિર્ણય કરી લીધો હતો. પોતાના સેવા કાર્યની શરૂઆત લખનૌમાં કરે તે પહેલા આ બાબતો તેમના ભવિષ્યના કાર્યની દિશારૂપ બન્યા.

૧૪. ભારત આવ્યા પછી લખનૌમાં લાલબાગ મેથોડીસ્ટ મંડળના પાસ્ટર તરીકે ડૉ. જોન્સની પ્રથમ નિમણુંક થઇ. આ મંડળીમાં અંગ્રેજી ભાષા બોલતા એંગ્લોઇન્ડીયન અને ભારતના અંગ્રેજી ભાષા બોલનારા-સમજનાર સભાસદો હતા. ભારત અને ભારતીય મંડળી સંબંધી ઓછું જ્ઞાન ધરાવતા હોવાં છતાં મંડળીના સભાસદો સુવાર્તિક કાર્ય અને બદલાણની જરૂરીયાત સંબંધી અને પ્રભુ ઈસુ સમગ્ર માનવજાતના ઉધ્ધારકર્તા છે એ બાબતો જાણતા હતાં. રવિવાર સવાર અને સાંજની ભક્તિસભામાં વેદી આગળ આવી સમર્પણ કરવા લોકોને આહ્‌વાન આપવામાં આવતું હતું. મંડળીના આગળ પડતા આગેવાનો અને બદલાણનો અનુભવ પામેલા રવિવારની ભક્તિસભામાં ચાલી આવતી પ્રણાલિકાને વળગી રહ્યા હતા. પરંતુ ડૉ. જોન્સને એમ લાગ્યું કે આ સભાસદોનો, જેઓ મંડળી બહાર લોકો છે તેઓની સાથે કોઇ સંર્પક નહતો. આમ તેઓ ભારતના લોકોના સામાજીક અને ધાર્મિક જીવનથી અજ્ઞાન હતા. આ સમય ભારતીય સ્વતંત્રતા અભિયાનનો હતો. પરંતુ મંડળીને તેની સાથે જાણે કે કોઇ સંબંધ ન હોય એવું લાગતું હતું મંડળી તેમાં સક્રિય ભાગ લેનાર બની ન હતી, તેઓ લખે છે : આ ચાર વર્ષ દરમિયાન એક પાળક તરીકે હું ભાષા શીખતો હતો પરંતુ જાણતો હતો કે ભૌગોલિક દ્રષ્ટિએ ભારતની ભૂમિ પર હોવા છતાં હું વાસ્તવિક રીતે ભારતમાં નહતો કારણકે પરિવર્તન પામતું, ક્રાંતિ કરતું એક એવું ભારત જે ભવિષ્યમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરશે તેવા ભારતથી હું બહુ દૂર હતો સામ્રાજ્યવાદી હકક મેળવવા આતુર એવા લુપ્ત થનાર સમાજના પક્ષે હતો (S0AP.82)

૧૫. આ સમયે ડૉ. જોન્સ લખનૌના ઇઝાબેલા થોબર્ન કોલેજમાં કામ કરતા મિશનેરી બાનુ મેબલ લોસીકા સાથે લગ્ન ગ્રંથીથી જોડાઇને સીતાપુર ગયા ત્યારપછીના ચાલીસ વર્ષ દરમ્યાન સીતાપુર તેમનું કાર્યસ્થળ બન્યું. તેમના પત્નિએ ત્યાંની શાળાના શિક્ષણની જવાબદારી ઉપાડી લીધી જયારે ડો.જોન્સ ત્યાં મેથોડીસ્ટ

કાર્યના જીલ્લા અધિકારી બન્યા. તેમનું કામ મુખ્યત્વે સીતાપુરના અછૂત અને પછાત લોકો મધ્યે હતું. પરંતુ લખનૌ કરતાં અહી ભારતના લોકોની વધુ નિકટતાનો અનુભવ તેમણે કર્યો. તેમણે એ શોધી કાઢયું કે આવા અછૂત લોકોને ભારતીય જ્ઞાતિપ્રથામાં કોઇ સ્થાન ન હતું. જ્ઞાતિ પ્રથાની બહાર અથવા તેના તદ્દન છેલ્લે પગથીયે તેઓ હતા તેમનાથી નીચેની કક્ષામાં કોઇ ન હતું. આર્થિક અને સામાજીક રીતે આ સ્તરમાંથી નીકળવાનો તેમને માટે કોઇ માર્ગ અથવા અવકાશ ન હતો. તેઓ આ દયનીય સ્થિતિ તેમના પૂર્વજન્મના લાંછનરૂપ કર્મોને લીધે સહન કરી રહ્યા હતા. જીવન અને મરણનું ચક્ર કર્મના સિધ્ધાંત પર આધારિત હતું. જે દ્વારા સર્વ બાબતો નિર્ધારીત હતી. ખ્રિસ્તી કાર્ય જે એમનામાં થઇ રહ્યું હતું તેનો એવો ઉપદેશ તથા શિક્ષણ હતા કે ખ્રિસ્તી વિશ્વાસ પ્રમાણે કોઇપણ વ્યક્તિ ઊંચ અથવા નીચ નથી. કોઇ જ્ઞાતી ઇશ્વર નિર્મિત નથી, લોકોનું જ્ઞાતિઓમાં વિભાજન માનવીય લોભ અને લાભને આધારે થયેલું છે. ધાર્મિક માન્યતાઓએ આ સામાજીક અન્યાયને પડકારવાને બદલે બહાલી આપી છે. આવા નીચલી કક્ષાના લોકોને જેઓ સામાજીક દ્રષ્ટિએ તેમનાથી ઉંચા છે તેમની કક્ષામાં લાવવા માટે મિશનેરી પ્રયત્નો અને પ્રવૃત્તિ હતી.આ નવી વિચારધારા જે ખ્રિસ્તી વિશ્વાસ દ્વારા પ્રચલિત કરવામાં આવી રહી હતી તેથી આ અછૂત લોકોને એક નવી આશા મળી હતી. મિશનેરીઓની તેઓ મધ્ય હાજરી અને તેઓના સેવાકાર્યએ એક નવો માર્ગ આ લોકોને બતાવ્યો હતો. પરંતુ ડૉ. જોન્સે એ અનુભવ્યું કે પ્રભુ ઇસુનો પ્રચાર તો સર્વ લોકો મધ્યે કરવો જોઇએ નહિ કે ફકત અછૂત લોકો મધ્યે. પ્રત્યેક વ્યક્તિને બદલાણની જરૂર છે. અને એ બદલાણ પ્રભુ ઇસુ દ્વારા થાય છે. ડૉ.જોન્સનું દર્શન સર્વ જગ્યાએ સર્વ લોકો માટે હતું, કારણ કે પ્રભુ ઇસુ સર્વ લોકોના સ્વામી અને ઉધ્ધારકર્તા છે. સર્વ લોકોને તેમની જરૂર છે. પ્રભુ ઇસુનું સેવાકાર્ય કોઇ એક વિશેષ લોકસમૂહ પ્રત્યે સિમીત રહે એ બરાબર નથી. તેઓ તો ભારતના મિશનેરી તરીકે ભારત આવ્યા હતા અને તેથી તેમણે જયાં સુધી દ્વાર ન ખૂલે ત્યાં સુધી રાહ જોવાની હતી.

૧૯. ડૉ.જોન્સનું પ્રથમ દસ વર્ષ માટે ચાલ્યા આવતા સામાન્ય મિશનકાર્ય જેવું હતું. તે સંસ્થાકીય હતું. તેઓને એ ચીલામાં જ ચાલવાનું હતું પરંતુ તેમની એક નોંધપાત્ર બાબત હતી કે સીતાપુર અને આસપાસના વિસ્તારમાં એક ખ્રિસ્તી તરીકે અથવા એક મિશનેરી તરીકે તેઓ ઓળખાય તે કરતાં તેઓ પ્રભુ ઇસુના અનુયાયી તરીકે ઓળખાય એ જરૂરનું હતું. ત્યાંના એક નાના છોકરાએ તેમની તરફ આંગળી ચીંધી એમ કહ્યું કે આ માણસ ઇસુ ખ્રિસ્તનો માણસ છે. પોતાની આવી ઓળખ

સામાન્ય પ્રજામાં થાય એ એમની અંતરઇચ્છા હતી. તેઓ જણાવે છે કે આ બાબતે મને નમ્ર અને આનંદિત બનાવ્યો અને તે પ્રમાણે રહેવાને માટે મને પડકાર કર્યો. "ઈસુ ખ્રિસ્તનો માણસ" (SOA P 84). આ ઉપનામે મિશનેરી તરીકેના કામ અને સેવા સંબંધી તેઓ વધુ વિચારવા લાગ્યા. પ્રભુ ઈસુના શિષ્યો પણ આ નામથી ઓળખાતા હતા-પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથેના લોકો (પ્રે.કૃ.૪:૧૩).

૧૭. ઉચ્ચ જ્ઞાતિના લોકો માટે સુવાર્તા પ્રચાર અને સેવાકાર્ય થોડી ઘણી સફળતા સાથે કોઇ કોઇ જગ્યાએ થયા હતા. પરંતુ ડૉ.જોન્સ ભારતમાં આવી અછૂત અને પછાત જાતિના લોકો મધ્યે કાર્ય કરનાર મિશનેરીઓમાંના એક જેવા હતાં. પ્રભુ ઈસુના જીવન અને કાર્ય અને લોકોની જરૂરીયાતના સંદર્ભમાં આ સેવાકાર્ય અને ઉદ્દેશ્ય વખાણવા લાયક હતા. પરંતુ લોકોનો વિશાળ સમુદાય પ્રભુ ઈસુના ઉધ્ધાર કરનાર પ્રેમથી વંચિત રહે તે તેમને સ્વીકાર્ય ન હતું. તેઓ લખે છે, ભારતમાંના સતત આઠ વર્ષના સેવાકાર્ય પછી, મિશનેરી તરીકે એક પાસ્ટરથી શરૂઆત કરી, ગ્રામ્ય વિસ્તારોમાં સુવાર્તિક કાર્યક્રમો બાદ અને છેવટે જીલ્લા અધિકારી બની ખૂબ વિશાળ ક્ષેત્રમાં સેવા આપી. હવે તેમને ઉચ્ચ જ્ઞાતિના લોકો મધ્યે કામ કરવા માટે જાણે કે પ્રભુ ઈસુ તેમને ખેંચી રહ્યા હોય એમ તેમને લાગવા માંડયું (CIR P.9) સુવાર્તિક કાર્યની આ ખૂટતી કડીને પૂરવાની અગત્ય હતી. ડૉ.જોન્સ આ કામ કરવા માટે પ્રભુ ઈસુ તરફથી સચોટ તેડું પામ્યા.

૧૮. ડૉ.જોન્સે તેમના મિશનેરી કાર્યકાળના પ્રથમ તબક્કામાં પોતાના સુવાર્તિક કાર્યની નોંધ લીધી અને તેનું મુલ્યાંકન કરવાનો પ્રયત્નો કર્યો. તેમની પહેલાં આવેલાં મિશનરીઓએ ઘડી કાઢેલી પ્રાથમિક ત્રણ વ્યુહ રચનાઓ તેમને અપૂર્ણ અને ભારતીય સંસ્કૃતિ સાથે સંઘર્ષ કરનારી લાગી. પ્રથમ વ્યુહ રચનામાં અન્ય ધર્મના નબળા પાસાઓને શોધી કાઢી ખ્રિસ્તી ધર્મના હકારાત્મક પાસાઓ સાથે સરખામણી કરવાની હતી. આ પધ્ધતિએ સ્વાભાવિક રીતે લોકોને સુવાર્તા સંભળાવતા. તેઓએ ઘણા બધાને દુશ્મન બનાવ્યા હતા. તે સમયના અધિકારીઓ અને સત્તા કરનાર બ્રિટિશ લોકો હોવાથી આ વ્યૂહરચનાથી ખાસ કોઇ મુશ્કેલી પડી નહિ; પરંતુ સુવાર્તાને સફળતા પ્રાપ્ત થઇ નહીં. મોટા ભાગના અધિકારીઓ એંગ્લીકન મંડળીના હતા. જો કે તેઓ નામના જ ખ્રિસ્તી હતા. એંગ્લીકન મંડળી એ ઇંગ્લેન્ડની રાજમાન્ય મંડળી હતી. મિશનેરીઓ પણ ગૌર વર્ણના હતા. તેથી ખ્રિસ્તી લોકોના દેવમાં વિશ્વાસ કરવો એટલે પરદેશી શાસકો સાથે સંબંધ રાખવા જેવું હતું. તેથી ઉઘાડો વિરોધ હતો નહિ. શિક્ષિત લોકોને ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષવા આ પધ્ધતિ સફળ પૂરવાર થઇ નહિ. જે સુવાર્તિકો આ મિશનેરીઓના હાથ નીચે કામ કરતા હતા તેઓને કેટલીક વાર વિરોધ અનુભવવો પડતો હતો. આ પધ્ધતિમાં "અમે તમારા કરતાં વધારે સારા" અથવા "તમારા કરતાં વધુ

પવિત્ર" એવું વલણ પેદા કરનારી ભાવના અને પ્રભુ ઈસુના જીવન અને સેવાકાર્યથી વેગળી હતી.

૧૯. બીજી વ્યુહરચના અથવા પધ્ધતિએ એક બીજો વળાંક લીધો. એમાં ખ્રિસ્તી વિશ્વાસ અન્ય ધર્મોની મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરે છે એ બતાવવામાં આવે છે. દરેક ધર્મ અપૂર્ણ છે અને તેની પૂર્ણતા ખ્રિસ્તી ધર્મમાં મળે છે એ પૂરવાર કરવામાં આવતું. જો કે પહેલી વ્યૂહ રચનાની દૃષ્ટિએ આ કાંઈક સારી દેખાય. પરંતુ અન્ય ધર્મોના શાસ્ત્રોનો પૂરો અભ્યાસ કર્યા વિના આવી માન્યતા ધરાવવી અને પ્રચલિત કરવી એ યોગ્ય ન કહેવાય. આ વ્યૂહરચનાનો પ્રથમ ઉપયોગ ડૉ. ફર્કહાર અને ત્યારબાદ ડૉ. પાન્નીકરે કર્યો હતો. પરંતુ તેમાં કેટલી સફળતા મળી એ કહી શકાય નહિ. વળી દરેક ઉપદેશક અને સુવાર્તિક અન્ય ધર્મોના ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરી શકે નહિ અને તેમનું અધકચરૂં જ્ઞાન ઘણીવાર તેમને અન્ય ધર્મોના વિદ્વાનો આગળ હાસ્યજનક બનાવે એ શકયતા હતી. એ ઉપરાંત આ ઉપદેશકોએ બાઈબલના જ્ઞાનમાં પણ નિપૂણતા મેળવવાની હતી જે તેમને માટે શક્ય ન હતું. પ્રત્યેક મિશનેરી અને સુવાર્તિક આ પધ્ધતિને, વ્યૂહ રચનાને અપનાવી શકે નહિ એ સમજી શકાય છે.

૨૦. ત્રીજી અને છેલ્લી વ્યૂહ રચના જે તે સમયે પ્રચલિત હતી. તેમાં એક સર્વ સામાન્ય વિષયની સમસ્યાના રૂપમાં જુદા જુદા ધર્મોને આધારે ચર્ચા કરવાની હતી. અને ખ્રિસ્તી દૃષ્ટિબિંદુ શ્રેષ્ઠ છે એ પૂરવાર કરવાનું હતું. આ તો આડકતરી રીતે સુવાર્તા પ્રચારનો માર્ગ હતો. પરંતુ આ માર્ગ પણ અસરકારક બની શક્યો નહિ. કારણ કે તેમાં પણ અન્ય ધર્મને જાણવાની જરૂર હતી. તેમજ દરેક સુવાર્તિક સમાજના અને લોકોના પ્રશ્નોને બધા જ દૃષ્ટિકોણથી સમજવા, જોવા અસમર્થ કહી શકાય. વળી સમસ્યા અને તેનો ખ્રિસ્તી ઉકેલ એને સુવાર્તા સાથે અને પ્રભુ ઈસુ ઉધ્ધાર કરનાર છે એ સાથે કેવો સીધો સંબંધ છે એ સમજાવવાનું ઘણીવાર મુશ્કેલ હતું. આ વ્યૂહ રચના પણ ખાસ અસરકારક બની શકી નહિ.

૨૧. ડૉ. જોન્સને આ ત્રણે વ્યૂહ રચના અસંતોષકારક લાગી, કારણ કે પ્રભુ ઈસુમાં દેવના અમાપ પ્રેમ ઉપર ભાર મૂકવામાં આવતો નથી અને ફક્ત આંકડાકીય પરિણામો પર તથા અન્ય ધર્મ પર વિજયી બનવાના આ પ્રયાસો હતા. બ્રિટિશ શાસન દરમ્યાન રાજકીય વાતાવરણને કારણે મળતા લાભને આધારે અન્ય વ્યક્તિ પર ખ્રિસ્તી વિચારધારા અને માન્યતા ઠોકી બેસાડવામાં તેઓ માનતા ન હતા. વળી ખ્રિસ્તી ધર્મ એ અન્ય બધા જ ધર્મોનું પૂર્ણત્વ દર્શાવે છે અને તેઓ ખ્રિસ્તી ધર્મ તરફ નિર્દેષ કરે છે તેવું બતાવીને ખ્રિસ્તી ધર્મની આત્મિક શ્રેષ્ઠતા પૂરવાર

કરવાની પણ તેઓ ઇચ્છા રાખતા ન હતા. સુવાર્તા એ અજોડ છે તેમાં કોઇ શંકા નથી. પ્રભુ ઇસુનો માનવજાત પ્રત્યેનો પ્રેમ અમાપ છે એમાં પણ કોઇ બે મત નથી. સર્વ ધર્મોથી સ્વાભાવિક રીતે અલગ હોવા છતાં એમ કહી શકાય નહિ કે તે સર્વ ધર્મોનું કેન્દ્રબિંદુ છે. એ જરૂર કહી શકાય કે પ્રભુ ઇસુની સુવાર્તા માનવ જીવનની સર્વ પરિસ્થિતિઓને અનુરૂપ છે અને માનવ જીવનના આનંદ અને સુખને માટે આવશ્યક છે. પરંતુ તે માટે સામાજીક અને રાજકીય પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ માનવ જીવનના સંદર્ભમાં કરવાની જરૂર છે. સુવાર્તા એ તો પ્રાથમિક રીતે વ્યક્તિગત તેડું છે. જીવનના અનેક પ્રશ્નોને માટે ખ્રિસ્તને સ્વીકારવા દરેક વ્યક્તિને સુવાર્તા પડકાર ફેંકે છે. અને એ ફક્ત બદલાણના અનુભવથી શક્ય બને છે. આ અનુભવ જ પ્રત્યેક વ્યક્તિને ખ્રિસ્તના અનુયાયી બનાવે છે. સામાજિક જીવનમાં ખ્રિસ્તી પ્રેમ, બીજાઓ માટે ચિંતા અને કૃત્યો પ્રદર્શિત કરતું બદલાણ પામેલું જીવન સમાજને બદલવાની શક્તિ પ્રદાન કરે છે.

૨૨. ડૉ. જોન્સને એ વાતની બરાબર સમજ પડી હતી કે બુધ્ધિજીવી વર્ગના લોકો મધ્યે કામ કરવા માટે ઉપરની ત્રણે વ્યૂહ રચના જે મિશનેરીઓ દ્વારા અપનાવવામાં આવી રહી હતી તે અપૂર્ણ હતી. મિશનેરી તરીકે જ્યારે તેઓ ભારત આવી રહ્યા હતા ત્યારે સ્ટીમર ઉપર તેમણે પોતાના કાર્ય સંબંધીનું લક્ષ નક્કી કર્યું હતું. તેઓ લખે છે : "હું ભારતમાં એક ધંધાદારી મિશનેરી તરીકે નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિના અંગત વ્યક્તિગત મિશનેરી બની રહીશ." સૌથી અગત્યની વાત તો એટલી કે સર્વ લોકો એક છે, તેઓની જરૂરિયાત પણ એક છે દરેકને બદલાણનો અનુભવ કરવાની જરૂર છે. અને તેથી હું પશ્ચિમી દેશના અથવા પૂર્વના લોકોને નહિ, હિન્દુ અથવા મુસ્લિમ ધર્મોના લોકોને નહિ, પરંતુ બધા જ લોકોની પાયાની જરૂરિયાત સંબંધી હરકોઇ વ્યક્તિને પ્રભુ ઇસુની વાત કરવાની જરૂર છે (SOA p. 77). આ બાબત ભારતમાં મિશનેરી કાર્ય કરવાની રીત અને વિચારધારામાં એક નવું પરિવર્તન લાવી. આ વિચારધારા મારા સુવાર્તિક જીવનના વર્ષોમાં વધુ મજબૂત બનતી ગઇ. તેમને હવે એક તકની જરૂર હતી કે આ વિચારધારા અનુસાર સુવાર્તા પ્રચાર કરે.

૨૩. ડૉ. જોન્સે આ વિચારધારા અનુસાર કામ કરવા માટે કેટલીક તૈયારી કરી. તેઓએ આ વાતની નોંધ લીધી કે તેમના સુવાર્તિક કાર્યમાં ઉચ્ચ જાતિના શિક્ષિત અને બુધ્ધિજીવી લોકોને સુવાર્તા સંભળાવતી વખતે તેઓ સંપૂર્ણપણે નિખાલસ રહેશે. જે લોકો સુવાર્તા સાંભળવા આવે તેઓને એ ખબર પડવી જોઇએ કે તેઓ ત્યાં કયા ચોક્કસ હેતુને માટે આવ્યા છે. ડૉ. જોન્સ દ્વારા અપાનાર સંદેશામાં કોઇપણ

જાતની છૂપી બાબત ન હતી. તેઓ એક સીધી, સાદી અને શુધ્ધ કહી શકાય એવી રીતે પ્રભુ ઈસુની સુવાર્તા સંભળાવવા માટે પ્રવૃત્ત હતા. તે સિવાય અને તેથી વધુ તેઓ કાંઇ જાણતા ન હતા. તે તેઓએ એ પણ નક્કી કર્યું હતું કે તેઓ અન્ય ધર્મ પર કોઇ ટિપ્પણી કરશે નહિ. તેમની સુવાર્તાની રજૂઆત તદ્દન સકારાત્મક હશે. લોકો પોતે જ પ્રભુ ઈસુના જીવન અને કાર્યની સમિક્ષતામાં પોતાની માન્યતાઓ અને વ્યવહારોનું આલોચન કરશે. સુવાર્તાનો પ્રચાર અને રજૂઆત એવી રીતે કરવી કે ઈસુ ખ્રિસ્તને એક ઉધ્ધારનાર તરીકે લોકોની આગળ મૂકવા કે જેથી લોકો પોતાના જીવન માર્ગોમાં ખ્રિસ્તની કેટલી બધી જરૂર છે એની ખાત્રી પામે. બદલાણ તેમના પર ઠોકી બેસાડવાનું નહિ પરંતુ ઈસુ ખ્રિસ્તને રજૂ કરવાથી મળેલા પડકારનો એક આંતરિક પ્રત્યાઘાત હોય ! બદલાણ એક એવું કાર્ય કે જે તેમના જીવનની એક ઝંખના બની જાય એ ઝંખના પ્રભુ ઈસુને વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકારવાથી જ પૂરી થાય !

૨૪. પ્રભુ ઈસુને શિક્ષિત લોકો મધ્યે પ્રગટ કરતી વખતે ડૉ. જોન્સે એ પણ નક્કી કર્યું કે તેઓ તેમના પ્રવચનને અંતે લોકોને પ્રશ્ન પૂછવા દેવાનો અવકાશ આપશે અને લોકોની સમાલોચનાઓને પણ સ્વીકારશે. તેથી ઊભી થતી કોઇ મુશ્કેલીઓને તેઓ રાખશે નહિ. તેમની પાસે તેમના વિશ્વાસની ચોક્કસતા હતી. તેથી તેઓ આ હિંમતભર્યું પગલું લેવા તૈયાર થયા હતા. ખ્રિસ્તના અનુભવનું આ એક પરિણામ હતું. તેઓ પ્રભુ ઈસુના વર્ષો પહેલાં થયેલા અનુભવના સાક્ષી ન હતા. સુવાર્તા તેમને માટે ગૌણસ્થાને ન હતી. સંત પાઉલની માફક તેમને જીવંત પ્રભુ ઈસુનો અનુભવ થયો હતો. તેઓ જે કાંઇ વિશ્વાસથી માનતા હતા તે સર્વમાં બહુ જ દઢ હતા. તેથી તેઓ સારી રીતે જાણતા હતા કે તેઓના પ્રચારનું હાર્દ શું હતું. તેઓ તો જીવંત પ્રભુ ઈસુના વ્યક્તિગત અનુભવનું વર્ણન કરનાર હતા. એ જ પ્રભુએ તેમને સુવાર્તિક બનવા તેડયા હતા. તેથી તેઓ જાણતા હતા જયારે લોકો તેમની વિરૂધ્ધ થાય એવી કઠણ પરિસ્થિતિમાં એ પડકારનો કેવી રીતે સામનો કરવો અને જીવંત પ્રભુ હંમેશા તેમને મદદ કરશે એ તેઓ માનતા હતા. વિશ્વાસની ઊંડી ખાત્રી જવાબદાર વાર્તાલાપને ટાળી શકતી નથી અને સાચો વિશ્વાસ પ્રમાણિક શોધકોને છોડી દેતો નથી.

૨૫. ડૉ. જોન્સ પોતાના શ્રોતાજનો માટે એક અનુકુળ તથા વ્યવસ્થાનું વાતાવરણ ઉત્પન્ન થાય એ માટે કાળજી રાખતા હતા. તેથી તેઓ પ્રવચન માટે શહેરના અથવા નગરના નેતા જે ખ્રિસ્તી ન હોય તેવી વ્યક્તિને મળી તેમના સહકારથી તેઓ જે સ્થળ પસંદ કરે ત્યાં સભાઓ ભરતા. તેમની મોટા ભાગની સભાઓ જાહેર પ્રજા માટે હોવા છતાં તેમાં આમંત્રિત લોકો સિવાય બીજા લોકોની હાજરી

રહેતી નહિ. આ એટલા માટે જરૂરી હતું કે તેઓ એમ માનતા હતા કે ખ્રિસ્ત બધા જ લોકોનો છે અને બધા જ લોકોએ તેમના વિષે જાણવાની જરૂર છે. પરંતુ કૂતુહલથી નહિ પણ તેમને સાંભળવાની ભાવનાથી જ લોકો સાથે વાર્તાલાપ થઇ શકે એ તેઓ માનતા હતા. વળી આ સભાની સર્વ બાબતો સંબંધી બીજે દિવસે સમાચાર પત્રોમાં છપાય તેની પણ તેઓ કાળજી રાખતા હતા. આ સભાઓની બાબત જાણવાથી શહેરમાં અને બીજા સ્થળોએ સભા ભરવા માટે જાહેરાત થતી હતી. ડૉ. જોન્સ કોઇ ધર્મની ટીકા કરતા નહિ, અને બદલાણની પણ દલીલ કરતા નહિ. તેઓ તો ડાઘ વગરની, કલંક વગરની, શુધ્ધ સુવાર્તાનો પ્રચાર કરતા હતા. શ્રોતાજનો અને સમાચારપત્રોના હેવાલો વાંચી જેઓ ખ્રિસ્તનો સ્વીકાર કરવા માટે આવવા માંગતા હોય તેઓને તેઓ આવકારતા હતા. સભાઓનું આયોજન, અને તેમના સંદેશાનો સારાંશ હંમેશા સમાચારપત્રોમાં છપાતો હતો. તેમણે તેમના પ્રવચનોમાં એક ખૂબ જ કાળજી રાખી હતી કે ખ્રિસ્તી વિશ્વાસને, ધર્મને નહિ, ઇસુ ખ્રિસ્તના વિશ્વાસરૂપે જ દર્શાવવો. તેને જુના કરારના સંદર્ભમાં નહિ, પાશ્ચાત્ય સંસ્કૃતિના સંદર્ભમાં નહિ, ધર્મશાસ્ત્રની જે વ્યવસ્થા પશ્ચિમના દેશોમાં છે તેમાં પણ નહિ. ખ્રિસ્તીત્વ એટલે ઇસુ ખ્રિસ્તને દૈનિક જીવનના અનુભવમાં સ્વીકારી જીવન જીવવા માટે લોકોને આમંત્રણ આપવું. જ્યારે જીવંત ખ્રિસ્તના અનુભવનું ખંડન કરવું અશક્ય છે. ઇસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવો એટલે દેવના રાજ્યના નાગરિક બનવું અને એ રાજ્યની જીવનશૈલીને અનુરૂપ બનવું. જે પડકાર હતો તે તો ઇસુ ખ્રિસ્તને અનુસરીને તેમની પાછળ ચાલવાનો હતો, નહિ કે મંડળીના સભાસદ બનવાનો. મંડળીના સભાસદ પાછળથી બની શકાય પરંતુ તેમના ઉપદેશનો તે હેતુ નહોતો અને તેથી તેઓ ભલામણ પણ કરતા નહિ.

૨૬. ડૉ. જોન્સ એ જાણી શકયા હતા કે ભારતીય પરિસ્થિતિ એ પશ્ચિમી પરિસ્થિતિથી જુદા પ્રકારની છે. ભારતના લોકો સમક્ષ સુવાર્તાની રજૂઆત સુવાર્તાની એક નવી સમજ માંગી લે છે. સાધુ સુંદરસીંગે કહ્યું હતું કે ભારતના લોકોને ભારતીય પ્યાલામાં જ સુવાર્તા પ્રગટ કરવાની જરૂર છે કારણ કે ઇસુ ખ્રિસ્ત સર્વ લોકોનો પ્રભુ, સ્વામી અને ઉધ્ધારનાર છે. પ્રભુ ઇસુને પૂરા વિશ્વના પ્રભુ તરીકે ઓળખવાની જરૂર છે. પ્રભુ ઇસુ કોઇ એક સંસ્કૃતિ કે સંસ્કારિતાથી મર્યાદિત નથી. દરેક સંસ્કૃતિમાં તેમને તેની સંસ્કારિતા અનુસાર પ્રગટ કરવા જોઇએ.

વળી વ્યક્તિની ભલે ગમે તે સ્થિતિ હોય, ઇસુ સર્વને અનુરૂપ છે, તેથી પ્રગટ કરવાનું માધ્યમ એવું હોવું જોઇએ કે વ્યક્તિ સુવાર્તાને સમજી તેનો સ્વીકાર કરી શકે. જ્યારે ડૉ. જોન્સ આ બાબત સમજ્યા ત્યારે તેમણે "ખ્રિસ્તી" શબ્દનો પણ ત્યાગ કર્યો કારણ કે લોકો એવું માનતા હતા કે આ શબ્દ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિ, સમાજ વ્યવસ્થા અને રાજકીય તાણાવાણા સાથે સંકળાયેલો છે. વિશેષ કરીને જ્યારે બ્રિટિશ લોકો શાસન કરી રહ્યા હતા અને ભારતની સ્વતંત્રતાની ઝુંબેશ ચાલી રહી હતી ત્યારે સુવાર્તાને પશ્ચિમની સંસ્કૃતિ સાથે સાંકળવી એ યોગ્ય ન હતું. આમાં એક મોટું સત્ય સમાયેલું છે. ભારતમાં ખ્રિસ્તીત્વ તે સમયે અને આજે પણ તે પાશ્ચાત્ય માળખા સમાન અને ઢાંચા જેવું બન્યું છે. તેની રજૂઆત અને સ્વીકાર કરવાની રીત પણ પાશ્ચાત્ય છે. તેથી બહુ ઓછા એવા કિસ્સાઓમાં તેને લોકોનો સાથ અને સહકાર મળતો હતો. જો કે ભારતમાં આવનાર મિશનેરીઓ અમેરિકા અને યુરોપના જુદા જુદા દેશોના હતા, પરંતુ ભારતના લોકો તેમને ગૌરવર્ણની સરકાર તરફથી મોકલાયેલ વ્યક્તિઓ તરીકે જોતા હતા. આ વિચાર લોકોના મનમાંથી દૂર કરવાની જરૂર હતી. પ્રભુ ઇસુ ખ્રિસ્તને કોઇ એક વિશેષ પ્રકારના લોકો, જાતિ કે વર્ણ અથવા દેશ સાથે સંબંધ નથી. તેઓ તો દેવના અમાપ પ્રેમને, ઉધ્ધાર કરનાર પ્રેમને સંસારના લોકોને પ્રગટ કરવા આવ્યા હતા. તેઓ તો સર્વ લોકોને દેવના રાજ્યના નાગરિક બનવા પડકાર આપવા આવ્યા હતા.

૨૭. ડૉ. જોન્સે ખ્રિસ્તીત્વ (Christianity) શબ્દને તેમની પ્રચાર ભાષામાંથી કાઢી નાખ્યો. તેમની જાહેર સભાઓની જાહેરાતોમાં તેઓ ફક્ત ઇસુ ખ્રિસ્તને રજૂ કરવાનું કહેતા. તેમના પ્રવચનોમાં પણ ખ્રિસ્તીત્વ નહિં પરંતુ ખ્રિસ્ત શબ્દનો ઉપયોગ કરતા હતા. તેમનો આશય હંમેશા ભારતીય સંદર્ભમાં ઇસુ ખ્રિસ્તને રજૂ કરવાનો હતો. એ સમયમાં રાષ્ટ્રીયતાની અને સ્વતંત્રતાની ભાવનાનો એક જુવાળ ફેલાઇ રહ્યો હતો, અને એક ભારતીય હોવાનું દરેક વ્યક્તિ માટે ગૌરવની વાત હતી. સ્વતંત્ર સેનાનીઓનું એવું માનવું હતું કે જો કોઇ વ્યક્તિ ખ્રિસ્તી બની જાય તો તે રાષ્ટ્રીય સ્વતંત્રતાની ઝુંબેશથી દૂર થાય છે. તેણે હવે બ્રિટિશ સરકાર સાથે સંબંધ બાંધ્યો છે. આ બાબત તે સમયે કેટલેક અંશે ભારતના કેટલાક ભાગો માટે સાચી હતી. પરંતુ તેનું સર્વ જગ્યાએ આ પ્રમાણે છે એવા સામાન્ય તારણ પર આવી શકાય નહિ. ખ્રિસ્તી થયેલા ઘણા ઓછા ભારતીય લોકો હતા કે જેઓએ

આ ચળવળમાં સંપૂર્ણ હૃદયથી જોડાઇને ફાળો આપ્યો હોય અથવા તેમાં આગળ પડતો ભાગ લીધો હોય. તેનું કારણ એ હતું કે મોટા ભાગના ખ્રિસ્તી લોકોની સામાજીક અને આર્થિક દરિદ્રતા રાષ્ટ્રિયતાની ભાવના અને અભિલાષા પ્રગટ કરવાને માટે અવરોધરૂપ હતી.

૨૮. ડૉ. જોન્સ એવું માનતા હતા કે ખ્રિસ્તી વિશ્વાસના ભવિષ્યનો આધાર સંપૂર્ણપણે ભારતના ખ્રિસ્તી લોકો પર રહેલો છે. એક ખ્રિસ્તી તરીકે ભારતના નાગરિક હોઇ તેઓએ ભારતને સંપૂર્ણપણે વિશ્વાસુ રહેવું જોઇએ. તેઓએ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લઇ સ્વતંત્ર સેનાનીઓ સાથે રહેવું જોઇએ, કારણકે સ્વતંત્રતા બધાંને માટે છે. એનો અર્થ એ નથી કે સ્વતંત્ર સેનાનીઓ દ્વારા સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના દરેક કાર્યોમાં અને માર્ગોમાં જોડાઇ જવું. પરંતુ સ્વતંત્રતાના આ અભિયાનમાં બીજા લોકો સાથે એક સમાન હિસ્સેદાર બનવું જરૂરી છે.

૨૯. ભારતના લોકોને એ સમજાવવાનું હતું કે ઇસુ ખ્રિસ્ત જે સ્વતંત્રતા બક્ષે છે તે એવી છે જે માત્ર રાષ્ટ્રીય ગુલામીમાંથી જ મુક્તિ નહિ પણ બધા જ લોકોને તેમના તમામ પ્રકારના બંધનમાંથી મુક્તિ અપાવનારા સંઘર્ષ સામેલ કરાવે છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સર્વને સમાનતા બક્ષનારી મુક્તિ સંબંધી તે કોઇ ખાત્રી આપતી નથી. કોઇપણ સરકારી વ્યવસ્થામાં પણ અણધાર્યા જોખમો સમાયેલા છે. માનવીય સ્વભાવ એવો છે કે પાપથી અશુધ્ધ થયેલો, ખરડાયેલો છે. તે કોઇપણ વ્યવસ્થાને સંતોષકારક રીતે કામ કરવા દેતો નથી. ડૉ. જોન્સે એવું કથન કર્યું છે કે દરેક વ્યક્તિએ લોકશાહી કરતાં જે ગૂઢ છે તેમાં ઉતરવાની જરૂર છે. અને આ ગૂઢ બાબત તો એ છે કે કેવી રીતે દરેક વ્યક્તિ પ્રભુ ઇસુ ખ્રિસ્તનો સાચો અનુયાયી બની શકે.

૩૦. બદલાણનો અનુભવ તેમને તેમના ભારતમાં મિશનેરી તરીકેના કાર્ય સંબંધી શું કહે છે ? કેવી રીતે તેઓ ભારતના લોકો આગળ પ્રભુ ઇસુ અને તેમના સંદેશને મૂકે કે જેથી તેઓ પ્રભુ ઇસુને સ્પષ્ટ જોઇ શકે અને સ્વીકારી શકે ? ચીલાચાલુ મિશનેરી તરીકે તેમણે અનુભવેલા અવરોધોને તોડવાની જરૂર હતી. દરેક જગ્યાએ લોકોની આગળ દેવના રાજ્ય સંબંધીનો પ્રભુ ઇસુનો સંદેશ મૂકવાની અગત્ય હતી. આખા વિશ્વના માલિક ઇસુને વિશ્વવ્યાપી જાહેર કરવાના હતા. પ્રભુ ઇસુ ખ્રિસ્તનો એક એવો અનુભવ કે જે માણસને તેના સર્વ બંધનમાંથી મુક્ત કરે છે એ

વર્ણવવાનો હતો. એક નાના શહેરના, અમૂક માનવ જાતિ અથવા જૂથ પૂરતો તેને મર્યાદિત રાખવાનો અનુભવ નહતો. પોતાના પ્રથમના વર્ષોમાં આ વિચારે તેમને શારીરિક રીતે નિર્બળ બનાવી દીધા કારણ કે તેમને હવે પ્રભુ ઈસુ ખ્રિસ્તને ફક્ત નીચલી જાતિના લોકો મધ્યે જ પ્રચાર કરવાને બદલે આખા ભારતમાં બધા જ લોકોને ઈસુ ખ્રિસ્તનો પ્રચાર કરવાનો હતો. કેવી રીતે એક નિમણૂંક પામેલા મિશનેરી તરીકે તેઓ આ સમજ પ્રમાણે કામ કરી શકે તે વિચારે તેમને માનસિક પીડામાં નાખી દીધા. એ અશાંતિમાં તેમને શારીરિક અને માનસિક આરામની જરૂર પડી અને દશ વર્ષની પ્રથમ નિમણૂંકના ફક્ત આઠ જ વર્ષમાં તેમને લાંબી રજા લેવાની જરૂર પડી.



# પ્રવચન ૨

## ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ
## દેવના રાજ્યના એક સુવાર્તિક

### (અ) એક મિશનેરીમાંથી એક સુવાર્તિક

૧. સીતાપુરમાં મિશનેરી તરીકેના પહેલી નિમણૂંકના દસ વર્ષો દરમિયાન ડૉ. જોન્સને પોતાની તંદુરસ્તીને લગતી તકલીફો સહન કરવી પડી હતી. તેઓ જીવનના સેવાકાર્ય માટે ચોક્કસ દિશાની ખોજમાં હતા તેમને ચીલાચાલુ ઘરોમાંથી એક જુદા પ્રકારના મિશનેરી તરીકેની જે એક નવી સમજ તેમને પ્રાપ્ત થઇ હતી તેને કેવી રીતે અમલમાં મૂકવી તે માટે મૂંઝવણ થતી હતી. તેઓની આ અનિશ્ચિતતા તેમની તંદુરસ્તી માટે હાનિકારક બની. તેમણે આ નવી સમજ પ્રમાણે કામ કરવા ઉપાય શોધવા નિર્ણય કરવાનો હતો કે જેથી તેમના પોતાના મન સાથે સમાધાન થઇ શકે.

૨. તે દિવસોમાં તેઓ સીતાપુરની કલબમાં ધનિક ઉચ્ચ વર્ણના લોકો સાથે ટેનીસ રમવા જતા હતા. એક એવા પ્રસંગે એક ન્યાયાધીશ સાથે વાતચીત કરતા તે ન્યાયાધીશે તેમને પૂછયું કે તેઓ અને અન્ય મિશનેરીઓ પછાત અને અછૂત લોકોની પાસે ઇસુની વાત લઇ જાય છે અને જેઓ ઉચ્ચ વર્ણના છે તેઓની પાસે કેમ નહિ ? આ પ્રશ્ન તેમની આંખો ખોલનાર બન્યો. મિશનેરીઓએ એવું માની લીધું હતું કે ઉચ્ચ વર્ણના અને જેઓ શિક્ષિત છે તેઓ ઇસુની વાત સાંભળવા ઇચ્છતા નથી. તેમણે એમ પણ માની લીધું હતું કે આ સવર્ણ લોકો પ્રભુ ઇસુ ખ્રિસ્ત અને ખ્રિસ્તીત્વ સંબંધી પ્રચાર કરવાના પ્રયત્નોનો વિરોધ કરશે. તેઓ એમ માની લેશે કે આ પ્રયત્નો દ્વારા તેઓ ધર્મપરિવર્તન કરાવશે અને ભારતની સંસ્કૃતિથી તેમને અલગ કરશે, પછાત અને અછૂત લોકોની આ મિશનેરીઓ દ્વારા લેવાતી મુલાકાતો અને તેમના પ્રતિ અપાતા ધ્યાન બદલ તેઓને ચિંતા હતી અને તેઓ આભારી પણ હતા. પરંતુ તેઓ આ લોકો સાથે સંબંધ રાખવા તૈયાર ન હતા. કલબમાં જ્યારે ન્યાયાધીશે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેઓ તેમની આ પૂછપરછમાં પ્રમાણિક જણાતા હતા. ઉચ્ચ વર્ગના અને શિક્ષિત લોકો આ મિશનેરીઓ જો શુધ્ધ અને સાચા ભાવથી ઇસુની વાત લઇને આવે તો તેઓ તે સાંભળવા અને સ્વીકાર કરવા તૈયાર હતા (SOA p. 86). આ "શુધ્ધ અને સાચા અભિગમ"નો શો અર્થ છે એ જાણવું જરૂરી હતું. આ મિશનેરીઓના આ

સવર્ણ લોકોની સાથેના અભિગમમાં એવું શું હતું કે તેઓને સ્વીકાર્ય ન હતું. શું ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરવામાં તેમનો આશય સ્વાર્થી હતો ? આ લોકોને પ્રભુ ઈસુની સુવાર્તા સ્વીકાર્ય બને તો આ પ્રશ્નનું નિરાકરણ થઇ શકે. તેથી આ અભિગમ કેવા પ્રકારનો હોવો જોઇએ એ શોધવાની અને અમલમાં મૂકવાની જરૂર હતી.

૩. આ ન્યાયાધીશ સાથેની ચર્ચા ડૉ. જોન્સે પોતાની તે સંબંધીની ખોજ માટે ઉત્તર સમાન અને પોતાના કાર્ય માટે દિશા બનાવનાર બની. તે ચર્ચાનો થોડોક ભાગ અહીં બતાવવાની જરૂર છે કારણ કે તે ડૉ. જોન્સના જીવન અને કાર્યની દિશા બદલનારી પળ બની. ડૉ. જોન્સ જે એક સામાન્ય મિશનેરી હતા, તેમાંથી નીકળી પ્રભુ ઈસુ ખ્રિસ્તના શુભ સંદેશની ઘોષણા કરનાર એક સુવાર્તિક બન્યા. તેમના ફક્ત અછૂતો મધ્યેના મિશનેરી તરીકેના કામથી નીકળી તેઓ શિક્ષિત અને બુધ્ધિજીવી લોકોને સુવાર્તા પ્રગટ કરનાર સુવાર્તિક બન્યા. સ્થળ અને સંસ્થાકીય વ્યવસ્થાના બંધનમાંથી મુક્ત થઇ જે સ્થળે અને લોકો મધ્યે તેમનો આવકાર થાય ત્યાં જવા માટે તેઓ પ્રભુ ઈસુ અને તેમના દાવાઓને સ્વીકાર્ય બનાવવા જવા લાગ્યા.

૪. પ્રચાર કરવાનો સાચો માર્ગ શોધવાની પ્રેરણાનું બીજ ન્યાયાધીશ દ્વારા રોપવામાં આવ્યું હતું. ડૉ. જોન્સ લખે છે કે મેં જયારે તેમને પૂછયું કે "હિન્દુ કોને કહેવાય ?" ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે "દરેક સારો માણસ હિન્દુ છે; તમે પણ હિન્દુ છો." ડૉ. જોન્સે તેમને પૂછયું "હિન્દુ વ્યક્તિનો હિન્દુ તરીકે અંત કયારે અને ક્યાંથી થાય છે અને જે હિન્દુ નથી તેની હિન્દુ તરીકે શરૂઆત કયાંથી થાય છે ?" તેમણે જવાબ આપ્યો, "તમે ગમે તે માન્યતા ધરાવતા હો તો પણ એક હિન્દુ હોઇ શકો છો." ડૉ. જોન્સે પૂછયું, "નાસ્તિકથી માંડીને સર્વેશ્વરવાદ સુધી, પરંતુ હિન્દુ અને બીજા હિન્દુ કયાંથી શરૂ થાય છે ? તેમણે ખૂબ વિચાર કરી જવાબ આપ્યો : "તમે ગમે તે માન્યતા ધરાવતા હો છતાં હિન્દુ હોઇ શકો છો, એટલું જ કે તમે તમારી માન્યતાઓની સાથે અન્ય માન્યતાઓને તરછોડતા ન હો."

૫. અહીં તેમણે હિંદુત્વની પ્રતિભા તરફ નિર્દેષ કર્યો. સર્વધર્મ એક છે તે આ વિચારધારા બતાવતી હતી. હિન્દુ ધર્મશાસ્ત્રોની સર્વ સ્વીકૃતતા જેવું કાંઇ નથી. તે તો ધાર્મિક સાહિત્યનો એ વિશાળ સંગ્રહ માત્ર છે. અન્ય માન્યતાઓનો અને વિશ્વાસનો અસ્વીકાર ન કરતી તમામ બાબતોને તે પોતાનામાં વણી લે છે. મનુષ્ય જીવનના દરેક પાસાઓને આવરી લેતું આ એક તત્વજ્ઞાન છે. પરંતુ પ્રભુ ઈસુની પાછળ ચાલનારો તેમનો શિષ્ય એ એવી વ્યક્તિમાંનો છે કે ઈસુને માર્ગ, સત્ય તથા

જીવન તરીકે પ્રગટ રીતે સ્વીકારે.છે. આવા સંજોગોમાં એક હિન્દુ ન્યાયાધીશની દૃષ્ટિએ તે સિવાય એક સત્ય માર્ગ બીજો કયો હોઈ શકે ? આશ્ચર્યજનક આ સમસ્યા હોવા છતાં તેની શક્યતા ડૉ. જોન્સને પ્રભાવિત કરવા લાગી. તેઓને અંદરથી એક દબાણનો અનુભવ થવા લાગ્યો. ભારતના શિક્ષિત વર્ગ મધ્યે પ્રવેશ કરવાનું, ખ્રિસ્તને પ્રગટ કરવાનું, ખ્રિસ્તને એક માત્ર માર્ગ તરીકે જણાવવાનું તેડું જાણે કે તેમને મળ્યું હોય એમ તેઓએ માન્યું. નવા ભારતનુ ભવિષ્ય આ વિચારધારા પર નક્કી કરાશે એ તેઓ જોઈ શક્યા.

૬. શિક્ષિત લોકોને સત્યના માર્ગે સુવાર્તા પ્રગટ કરવા માટેની અંદરની હાકલને હવે નવો જુસ્સો અને વેગ મળ્યા. તેમણે જણાવ્યું કે તેઓ લખનૌ અને પછી સીતાપુરમાં મિશનેરી કાર્ય દ્વારા મંડળીમાં રોજીંદા ઉપદેશથી જાણે કે સુવાર્તિક કામની ઉપરછલ્લી સપાટીને જ ખોતરી રહ્યા હોય એમ તેમને લાગ્યું. પ્રભુ ઈસુના પ્રેમની ઊંડાઈ અને પહોળાઈ હજુ ઓળખવાની હતી, લોકોને બતાવવાની હતી. તેમના કાર્યના ખાલીપણાએ અને છીછરાપણાએ, તેમની પાળક અને જીલ્લા અધિકારી તરીકેની સેવાની વિસંગતતાએ તેઓ વ્યથિત થવા લાગ્યા. તેમની તંદુરસ્તી પર અસર થઈ. ઉત્તર ભારતમાં આવેલા હવાસ્થળ મસુરીમાં આરામ અને પુનઃઆરોગ્ય પ્રાપ્તિ માટે જવા તેઓને રજા મળી. પરંતુ ત્યાં પણ તેમણે આરામનો અનુભવ થયો નહિ. જયારે જીવ વ્યાકૂળ હોય ત્યારે શરીરને શાંતિ મળતી નથી. જયારે ન કોઈ વિચારથી ભરાયેલું હોય ત્યારે શરીર પ્રત્યે નિષ્કાળજી સેવવામાં આવે છે. પરિણામે મિશન બોર્ડ તરફથી તેમને અમેરિકામાં લાંબી રજા માટે સૂચવવામાં આવ્યું. તેઓ ફક્ત આઠ જ વર્ષ ભારતમાં પ્રથમ દસ વર્ષમાંથી મિશનેરી તરીકે ગુજારી શક્યા. તેઓ આ બાબતને યાદ કરતાં જણાવે છે કે તેમની મિશનેરી તરીકેની પહેલી મુદ્દત તેમને મળેલા નવા તેડાં સાથે પડી ભાંગી. તેનો અંત આઠ વર્ષમાં જ આવ્યો. જે નવું દર્શન મળ્યું હતું તે પ્રમાણેની સેવા કરવા, પ્રભુ ઈસુનો પ્રચાર કરવા માટે તૈયાર થવાની જરૂર હતી. આ દર્શન ચીલાચાલુ મિશનેરી માળખામાં કેવી રીતે વાસ્તવિક બને ? મિશનેરી માળખામાં રહી આ દર્શન પ્રમાણે કામ કરવું અશક્ય હતું. આ એક ધર્મસંકટમાં તેઓ પોતાને જોતા હતા. તેથી લાંબા સમયની અમેરિકા જવાની જે રજા તેમને મળી તે તેમણે સ્વીકારી. જેથી વિચાર કરવાનો, માર્ગ શોધવાની તક મળે અને ભારતમાંથી પ્રતિસાદરૂપે આવતા તેડાંને પૂર્ણ કરવા માટે યોજના તથા નવી વ્યૂહરચના ઘડી શકાય.

૭. અમેરિકાની લાંબી રજાના સમયગાળા દરમિયાન તેમને કાંઈ ફાયદો થયો નહિ. રજાના સમયમાં તેમને રવિવારે ઉપદેશ આપવાનું, બીજા દિવસોમાં મિશનેરી

સભાઓને સંબોધવાનું અને બાકીના સમયમાં અભ્યાસ કરવાનો હતો. આમ વ્યસ્ત હોવાથી તેમને બીજું કાંઇ વિચારવાનો સમય રહ્યો નહતો. અને આમ તેમની એક વર્ષની રજા પૂરી થઇ ગઇ અને ભારતમાં લખનૌ શહેરમાં એજ માનસિક અચોક્કસતાની સ્થિતિમાં પાછા ફર્યા પરંતુ સર્વસમર્થ દેવ તેના પસંદ કરેલા સમયે આવી અશાંત સ્થિતિવાળી વ્યક્તિને શાંતિ પૂરી પાડે છે. તેમની આવી પરિસ્થિતિમાં તેમને લખનૌમાં સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચમાં ચાલતી રેવ. તામીલ ડેવિડની સુવાર્તિક સભાઓમાં જવાની તક મળી. આ સભામાં જવા માટેની દોરવણી જાણે કે દેવે જ આપી ન હોય ! આ સુવાર્તિકની એક સભામાં દેવે તેમને નવેસરથી તેડું આપ્યું અને તેમનું નવીનીકરણ થયું. ત્યારપછીના સમયમાં તેમને પોતામાં રહેલી વ્યક્તિગત ક્ષમતાઓને પૂરેપૂરી રીતે જોવાની જરૂર પડી. તે સમયથી દેવે તેમની સર્વ બાબતો સંભાળી લીધી છે એવી તેમને ખાત્રી થઇ અને હવે જે વિચારધારા તેઓ પોતાના કાર્ય માટે વિચારી રહ્યા હતા તેમાં હવે પીછેહઠ કરવાની હતી નહિ. લખનૌમાં સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચમાંની આરસપહાણ પથ્થરની તકતી તે પ્રસંગની આજે પણ યાદ આપે છે. તે તકતી પ્રમાણે : "આ જગ્યાએ શારીરિક રીતે ભાંગી પડેલા સ્ટેન્લી જોન્સ ઘૂંટણે પડયા અને શારીરિક રીતે સ્વસ્થ માણસ તરીકે ઊભા થયા." ડૉ. જોન્સ આ બાબતનો ઉલ્લેખ કરતાં લખે છે કે તેઓ શારીરિક રીતે સ્વસ્થ બનીને ઊભા થયા એટલું જ નહિ "પરંતુ શરીર, મન અને આત્મામાં સ્વસ્થ અને સંપૂર્ણ બન્યા" (SOA p. 89-90). તેમણે નવી શક્તિ અને સામર્થ્યની લહેરનો અનુભવ કર્યો. જે કાર્યને માટે તેમને તેડવામાં આવ્યા હતા તેની પૂરતી સમજ સાથે એક નવા ઉત્સાહનો તેમને અનુભવ થયો.

૮. હવે પછી ફક્ત ઇસુ ખ્રિસ્ત તેમના જીવન અને પ્રચારનો મુખ્ય વિષય હતો. તેમનું આખું પ્રચારકાર્ય ખ્રિસ્ત કેન્દ્રિત બન્યું. જૂનો કરાર, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સંસ્થા મંડળી, જે બાબતો પ્રભુ ઇસુ ખ્રિસ્તનો પ્રચાર કરવામાં અવરોધરૂપ હતી, તેને તેઓએ ઇસુ ખ્રિસ્તના પ્રચારથી અલગ કરી. સંત પાઉલની જેમ પુનરુત્થાન પામેલા વિજયવંત ખ્રિસ્તને જાણવા સિવાય બીજા કશામાં રસ ન દાખવવાનો તેમણે નિર્ણય કર્યો. ખ્રિસ્તીત્વ (Christianity) એટલે ખ્રિસ્ત એજ એમના માટે એક વિષય હતો અને ઇસુ ખ્રિસ્તને માટે જીવવું અને તેમને પ્રગટ કરવા એજ એમના જીવન માટે સર્વસ્વ હતું. ઇસુ ખ્રિસ્તને ઇશ્વરવિદ્યાના સિધ્ધાંત તરીકે અથવા તત્વજ્ઞાનની એક દલીલ તરીકે નહિ પણ વ્યક્તિગત જીવનના અંગત અનુભવના સંદર્ભમાં હવે તેમને લોકોની આગળ મૂકવા એ તેમણે પસંદ કર્યું.

૯.. ખ્રિસ્તી વિશ્વાસને નામે ઉપર ઉલ્લેખવામાં આવેલાં ત્રણ પાસાઓ, જૂનો કરાર, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સંસ્થાકીય મંડળીને સુવાર્તા પ્રગટ કરતાં બાજુ પર મૂકવાના હતા. કારણ કે આ બાબતો પ્રભુ ઈસુને સ્વામી અને પ્રભુ તરીકે રજૂઆત કરવામાં ગૂંચવણભરેલી બનતી હતી. જૂનો કરાર જો કે ઈસુ ખ્રિસ્તને સમજવા માટે ઐતિહાસિક દૃષ્ટિકોણ પૂરો પાડે છે છતાં તે ખ્રિસ્તી વિશ્વાસની પહેલાંનો છે. હિન્દુ શિક્ષિત લોકો સમક્ષ ઈસુ ખ્રિસ્તને રજૂ કરવાના કાર્ય સાથે તેને કાંઈ લાગતું વળગતું નથી. આ બાબત સંત પાઉલે શોધી કાઢી હતી. જ્યારે તેણે ગ્રીક અને રૂમી લોકોમાં ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરી ત્યારે એમ કહ્યું કે : વિશ્વાસથી તમારા હૃદયોમાં ખ્રિસ્ત વસે જેથી તમારાં મૂળ પ્રીતિમાં નાંખેલા રહે." (એફેસી ૩ : ૧૭). આ વચનોથી એફેસસની મંડળીના લોકોને તેણે ઉત્તેજન આપ્યું. ઈસુ ખ્રિસ્તનો યહૂદી વિચારધારાનો ખ્યાલ કરતાં, તેમનો વ્યક્તિગત તારનાર તરીકે અને જીવંત પ્રભુ તરીકેના વ્યક્તિગત અનુભવનું વર્ણન કરવું વધારે જરૂરનું છે. વળી પ્રભુ ઈસુએ પોતે જૂના કરાર સંબંધી અંતિમ શબ્દો ઉચ્ચાર્યા હતા. મુસાના નિયમશાસ્ત્ર ઉપર યહૂદી પ્રજાનો વિશ્વાસ હતો, તેને પ્રભુ ઈસુએ પોતા દ્વારા અપૂર્ણ જાહેર કર્યું. તેમણે અધિકારપૂર્વક કહ્યું : "તમે સાંભળ્યું છે કે પુરાતન સમયથી આમ કહેવામાં આવી રહ્યું છે....પણ હું તમને કહું છું...." (માત્થી ૫ : ૨૧-૪૮) તેમણે પોતે જૂના નિયમોની જગ્યા લીધી; કારણ કે જે વધુ મોટો છે તે તો ખ્રિસ્ત છે અને તે હાજર છે. પ્રભુ ઈસુ એક નવા અધિકાર અને નવી વ્યાખ્યા સાથે આવ્યા હતા. નિયમશાસ્ત્રની એવી વ્યાખ્યા નહિં કે જે પથ્થરની પાટીઓ પર લખાયેલી હોય; તે તો તેમના પોતાના જીવનમાંથી ઉદ્‌ભવ પામેલી, પોતાના અનુભવો દ્વારા અભિષિકત બનેલી જે લોકોના હૃદય પર લખવાની હતી. માનવજાતના જીવનની સામે ઝઝુમનારા તમામ પ્રશ્નોનું તેમણે ઉદ્‌બોધન કર્યું. ઈસુ ખ્રિસ્તમાં જ તે બધાનું નિરાકરણ હતું. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ આ ત્રણે યુગો તેમનામાં પૂર્ણ થતા હતા. તેમનામાં માનવ ઈતિહાસની એક નવીન શરૂઆત હતી. જે જુનું હતું તે જતું રહ્યું છે અને જુઓ તે નવું થયું છે (૨ કોરીંથી ૫ : ૧૭). પ્રભુ ઈસુની હાજરીમાં જૂનો કરાર ઝાંખો પડે છે કારણ કે તેમનામાં સર્વ નિયમો અને પ્રબોધકોની ભવિષ્યવાણીઓ સંપૂર્ણ થયેલી છે. જ્યારે સંપૂર્ણતા આવી ગઈ છે, ત્યારે જે જુનું છે, અપૂર્ણ છે તે તરફ દૃષ્ટિ કરવાની જરૂર નથી. જૂનો કરાર પ્રભુ ઈસુનો નિર્દેશ કરે છે તેથી પ્રભુ ઈસુ જ્યારે હવે લોકોની સમક્ષ છે તેથી પાછા ફરી જોવાનું રહેતું નથી.

૧૦. બીજું પ્રભુ ઈસુને પાશ્ચાત્ય સંસ્કૃતિ અથવા પાશ્ચાત્ય ખ્રિસ્તીત્વના માળખામાં જોવાની જરૂર નથી. એ બાબત સત્ય છે કે ભારતના મોટા ભાગમાં પાશ્ચાત્યના રંગથી રંગાયેલી સુવાર્તા આવી અને પ્રભુ ઈસુનો પ્રચાર થયો. પાશ્ચાત્ય સંસ્કૃતિના સારા અને ખરાબ આદર્શો હતા અને તેથી જે ખરાબ હતા, તેને ટાંકયા વિના સારાની રજુઆત ખરાબ ચિત્ર ઉપસાવવા માટે કારણરૂપ હતી. પ્રભુ ઈસુ ખ્રિસ્તને ભારતની સંસ્કૃતિ બદલવા માટે અને પશ્ચિમની સંસ્કૃતિનો સ્વીકાર કરે તે માટે પ્રગટ કરવાના ન હતા. પરંતુ વિશ્વની દરેક સંસ્કૃતિને એક ભેટ તરીકે તેમનો પ્રચાર કરવાનો હતો. દેવના રાજ્યની નીતિ મૂલ્યોથી વણાયેલી સંસ્કૃતિ અને સમાજ રચના ઈસુ ખ્રિસ્તને કેન્દ્ર રાખી કરવાની હતી. બધી જ સંસ્કૃતિઓ પછી ભલે તેઓ ગમે તેટલી પ્રાચીન હોય તો પણ દેવના રાજ્યના માપદંડને આધારે તેઓ ધીરે ધીરે ઝાંખી થઈને નાશ પામે છે. માત્ર ઈસુ ખ્રિસ્ત જ એક છે કે જે અપરિવર્તનશીલ છે. માત્ર તે જ સંપૂર્ણ છે. તેમના પ્રકાશમાં સર્વ સંસ્કૃતિ તોળાવી જોઈએ. દરેક સંસ્કૃતિ અને સમાજને પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનને માટે પોતાનો ફાળો આપવાનો છે કારણ કે તે મુખ્ય પાયાનો પત્થર છે. જ્યારે તેને કાઢી નાખવામાં આવે ત્યારે જીવનનો, સમાજનો, સંસ્કૃતિનો જે એક માત્ર પાયો છે તેને જ જાણે કાઢી નાખ્યો હોય : દરેક વ્યક્તિગત જીવન, સમાજવ્યવસ્થા અને રાષ્ટ્ર તેના વગર વીખેરાઈ જાય છે. ઈસુ ખ્રિસ્ત એક સત્ય ખડક છે તેના પર બાંધવામાં આવેલું જીવન અને સમાજ તેમજ રાષ્ટ્રનું માળખું અંત સુધી ટકી રહે છે.

૧૧. જ્યારે શરૂઆતના મિશનેરીઓમાં ભારતમાં ઉત્સાહથી સુવાર્તા પ્રગટ કરવા તથા ખ્રિસ્તી મંડળી સ્થાપવા આવ્યા ત્યારે તેઓને ભારતના લોકો, તેમના રીતરિવાજો, તેમના ધર્મો, માન્યતાઓ અને સંસ્કૃતિ સંબંધી ખાસ વધુ જાણ ન હતી. તેમને જે વારસામાં મળ્યું હતું તે તેઓ સુવાર્તાની સાથે લાવ્યા હતા. જો કે એવું ઘણું બધું હતું કે જેનું મૂલ્ય ખૂબ હતું, પરંતુ સુવાર્તાને વિસંગત અને વિરોધાભાષી પણ ઘણું હતું. ગોરી ચામડીવાળા માણસોની સંસ્કૃતિ ગોરી ચામડીવાળા માણસો માટે હતી. ભારતની ગરીબાઈ, અશિક્ષિતતા અને જે અજ્ઞાનતા ફેલાયેલી હતી તેની સરખામણીમાં તેઓની સંસ્કૃતિ ઉચ્ચ હતી; પરંતુ ભારત અને ભારતીયો માટે પશ્ચિમની મંડળીના ભજનો, આરાધનાવિધિનું સ્વરૂપ, સ્થાપત્યો અને સંસ્થાકીય નમૂના તેમજ પોષાક તદ્દન જ વિદેશી હતા. મિશનેરીઓ ભારતમાંથી હિન્દુ ધર્મ ઉખેડી નાંખી ખ્રિસ્તી મંડળી સ્થાપવા સાથેના એક વિજયની વિચાર ભાવના સાથે ભારતમાં આવ્યા હતા. ભારતીય સમાજમાં પ્રવર્તમાન સર્વ સામાજીક

દુર્ગુણોને પાશ્ચાત્ય સંસ્કૃતિ દ્વારા બદલી નાખવાના સાર્વત્રિક ધ્યેય સાથે તેઓ આવ્યા હતા. તેથી એવું સામાન્ય કથન હતું કે જે કોઇ ખ્રિસ્તી બને તેણે પોતાની ભારતીય રાષ્ટ્રીયતા ગુમાવી દીધી છે. ખ્રિસ્તી બનવું એ ભારતના ધાર્મિક અને રાષ્ટ્રીય નેતાઓની નજરે એક શંકાસ્પદ બાબત બની હતી કારણ કે ભારતના લોકોની સંસ્કૃતિ અને જીવનશૈલીને ધ્યાનમાં રાખવામાં આવી ન હતી. ખ્રિસ્તી ધર્મ એ એક વિદેશી ધર્મ બની રહ્યો હતો. એ એક એવો ધર્મ માનવામાં આવતો હતો કે જે ભારતના લોકોને તેમની માતૃભૂમિથી અલગ કરનાર અને પરદેશી બનાવનાર છે અને પરદેશી લોકો દ્વારા લાવવામાં આવેલો હોવાથી શરૂઆતથી જ પરાયો બની ગયો હતો.

૧૨. એક સમયે ડૉ. જોન્સે મહાત્મા ગાંધીને આવો એક પ્રશ્ન કર્યો હતો. ખ્રિસ્તી ધર્મને ભારતમાં વધુ સ્વાભાવિક બનાવવા માટે, એક વિદેશી ધર્મ છે એ તરીકે નહિ, વિદેશી સરકારના એક ભાગ તરીકે ઓળખાવનાર નહિ પરંતુ ભારતના રાષ્ટ્ર જીવનના એક ભાગ તરીકે, એવો કે જે ભારતનો ઉધ્ધાર કરે અને તેને સંસ્કૃતિના ઉચ્ચસ્થાને લઇ જઇ શકે એવું સામર્થ્ય બક્ષનારો બને એ માટે ખ્રિસ્તી લોકોએ શું કરવું જોઇએ ? મહાત્મા ગાંધીએ ચાર બાબતોનું સૂચન કર્યું. પ્રથમ, બધા જ ખ્રિસ્તી લોકો અને મિશનેરીઓ ઇસુ ખ્રિસ્ત જેવું જીવન જીવવાની શરૂઆત કરે; બીજુ, તેઓ ખ્રિસ્તી ધર્મને સાચી રીતે અમલમાં અને દૈનિક વ્યવહારમાં મૂકે, ત્રીજું, પ્રેમ પર વધુ ભાર મૂકે, તેને જ એક કાર્યાન્વીત બળ બનાવે કારણ કે પ્રેમ ખ્રિસ્તી ધર્મને કેન્દ્રસ્થાને છે; ચોથું, વધારે સહાનુભૂતિથી લોકો સુધી પહોંચવા બિન ખ્રિસ્તી ધર્મોનો તેમનામાં રહેલા સારાપણાનો અભ્યાસ કરી તેને ઉપયોગમાં લે. (CIR p. 102-103) આ તો એક ઉત્તમ સલાહ હતી કે જે સર્વ સમયને માટે હતી. ખ્રિસ્તી લોકોની તમામ પેઢીઓને માટે એ યોગ્ય સૂચનો હતા. તેઓએ સાચે જ ખ્રિસ્તી જીવન જીવવાની જરૂર હતી. તત્વજ્ઞાન અથવા ઇશ્વરવિદ્યાની વાત કરવાની જરૂર ન હતી. જેઓ પોતાને ખ્રિસ્તી કહેવડાવે છે તેઓએ પ્રથમ ખ્રિસ્તી બનવાની, થવાની જરૂર હતી. તેમણે તેમના વિશ્વાસને જીવન દ્વારા પ્રદર્શિત કરવાનો હતો. પ્રભુ ઇસુના શબ્દોમાં તેઓએ તેમનું અનુસરણ કરવાનું હતું. ખ્રિસ્તી વિશ્વાસ એ વિશ્વવ્યાપી વિશ્વાસ છે. આ વિશ્વાસ દરેક પરિસ્થિતિમાં દરેક ઘર, દરેક સમાજ, દરેક સંસ્કૃતિ માટે સ્વાભાવિક અને કુદરતી છે કારણ કે તેને પ્રેમના પાયા પર સ્થાપિત કરવામાં આવ્યો છે. દરેક મનુષ્યને માટે દેવના પ્રેમને ઇસુ ખ્રિસ્તમાં સર્વ શ્રેષ્ઠ રીતે પ્રદર્શિત કરવામાં આવ્યો છે. હર કોઇ જગ્યાએ પ્રભુ ઇસુ ખ્રિસ્ત સર્વનો છે. પ્રત્યેક વ્યક્તિએ તેમને અનુસરીને, જેમ પ્રભુ ઇસુ

ખ્રિસ્તે પ્રેમના કાર્યો કર્યા તેવા કાર્યોમાં પ્રવૃત્ત થવાનું છે. પ્રત્યેક વ્યક્તિએ તેમનું અનુસરણ કરવાનું છે. તેઓએ તેમના અનુયાયી બનવાનું છે. સંસ્કૃતિ અને ભાષામાં જે સર્વોત્તમ છે તેને અપનાવવું એક વાત છે, પરંતુ પરિસ્થિતિની વાસ્તવિકતાને સમજવા માટે એક વિશ્વવ્યાપી પ્રેમની જરૂર છે; પ્રેમની ભાષાની જરૂર છે. મિશનેરી ઉત્સાહ, આત્મા અને ખ્રિસ્તી સેવા તેને જ કહી શકાય કે જે લોકોનું બદલાણ કરે છે. પ્રેમ સમાજ અને સંસ્કૃતિને બદલી નાખે છે. અસ્તિત્વ ધરાવતી સંસ્કૃતિ ભલે ગમે તે હોય અને ગમે તે સ્થળે હોય પરંતુ તે ખ્રિસ્તી વિશ્વાસ ને પ્રેમના વ્યવહારને બદલી શકતી નથી; જ્યારે ખ્રિસ્તનો પ્રેમ દરેક જગ્યાએ અને સર્વ સમયે પ્રવર્તમાન સંસ્કૃતિને બદલી નાખે છે, નવી બનાવે છે.

૧૩. ત્રીજું પાસું, ડૉ. જોન્સે જેનો ઉલ્લેખ કર્યો, કે જેનો સુવાર્તા પ્રચારમાં ભાર મૂકવાનો નથી તે તો સંસ્થાકીય મંડળી છે. જ્યારે મંડળી શબ્દનો ઉપયોગ કરવામાં આવે ત્યારે ડૉ. જોન્સની માન્યતા પ્રમાણે મંડળી એક સંસ્થાના રૂપમાં નહિ, એક સંપ્રદાયના રૂપમાં નહિ, એક માળખાના રૂપમાં નહિ, એક સંગઠનના રૂપમાં નહિ જોવી જોઇએ. આજની મંડળીની મોટા ભાગની પ્રવૃત્તિઓ ગૌણ પ્રકારની પ્રવૃત્તિઓની હરોળમાં આવે છે. કોન્ફરન્સો અને સમિતિઓમાં નજીવી બાબતો અને મુદ્દાઓની ઉપર લાંબો વિચાર વિમર્શ કરવામાં આવે છે જ્યારે ન્યાય, ન્યાયીપણું, પ્રેમ અને કરુણા, એકતા અને વિશ્વાસુપણું જેવી મોટી બાબતોને પડતી મૂકવામાં આવે છે. ડૉ. જોન્સ સંસ્થાકીય મંડળીના વિશ્વ સમાજ પ્રત્યેના ફાળાની જરૂર કદર કરે છે. તેઓ કહે છે : "તેની સર્વ ભૂલો સાથે ખ્રિસ્તી મંડળી પૃથ્વી પર સૌથી સારી સેવાભાવી સંસ્થા છે." તેના ઘણા બધા આલોચકો છે . પરંતુ મંડળીના પ્રતિસ્પર્ધી તરીકે ઉભા રહેનાર કોઇ નથી. ખાસ કરીને માનવ જીવનના ઉધ્ધાર કાર્યમાં મંડળીએ વિશ્વ સમાજને શાળાઓથી, દવાખાનાઓથી, અનાથ અને રક્તપિત્તીયાઓના આશ્રમોથી, ખેતીવાડી સંસ્થાઓથી વાસ્તવિક રીતે માણસને ઊંચા સ્તર પર લાવવાના ઉદ્દેશવાળી સર્વ પ્રકારની સંસ્થાઓથી સભર કર્યો છે. કોઇપણ બીજી સંસ્થાએ ખ્રિસ્તી મંડળીના જેવું કાર્ય કર્યું નથી" **(CAR p. 204)**. આમ હોવા છતાં મંડળી એ એક માટીનું પાત્ર છે. તેમાં જે ખજાનો છે તે તો ઇસુ ખ્રિસ્ત છે. જે માટીનું પાત્ર છે. તેમાં તિરાડ પડી શકે, ઘસાઇ જઇને જુનું થઇ શકે અને તે ભાંગી પણ જાય. જ્યાં સુધી આ માટીનું પાત્ર પોતાનામાં ઇસુ ખ્રિસ્તના વ્યક્તિત્વને અને કાર્યને ધારણ કરી રાખે ત્યાં સુધી તે એક અતિ મૂલ્યવાન, સૌથી ઉત્તમ અને આખા વિશ્વમાં સૌથી આધુનિક જે મૂલ્ય છે તેને ધારણ કરી રાખે છે **(RC p. 9)**. પરંતુ જો આ યુગની મંડળી યુગના

આત્મા સાથે, સંસાર સાથે જોડાણ અને સંબંધ રાખે તો આવતી પેઢીને માટેની યોગ્યતાને ગુમાવી દે છે. દરેક પેઢીને પોતાની સંસ્કૃતિ અને ભાષા હોય છે. દરેકને સંસારમાં એક નવો અલગ ચહેરો અને દેખાવ હોય છે અને તેથી જે અનંતકાળિક છે, જે વિશ્વવ્યાપી છે, જે દરેક પેઢીના લોકોનું ધ્યાન કેન્દ્રિત કરી શકે તેની જરૂર છે. પ્રભુ ઇસુ ખ્રિસ્તની વાસ્તવિક્તા અને તેમનામાં પ્રગટ કરાયેલો દેવનો અનુપમ પ્રેમ એજ અનંત અને વિશ્વવ્યાપી છે. તે પ્રેમ દરેક યુગના લોકો સાથે વાત કરી શકે છે અને તેથી તે લોકોને માટે જરૂરી છે. દરેક રાષ્ટ્રમાં મંડળીનું અને તેના બંધારણીય માળખાનું નવિનીકરણ દરેક પેઢીને માટે અનિવાર્ય છે. બંધારણીય મંડળીમાં બાપ્તિસ્મા દ્વારા જોડાવું અને સારા હોવાની છાપ ઉપસાવવી એ માત્ર જરૂરનું નથી. આ બદલાણની જગ્યા લઇ શકે નહિ. બદલાણ અને પરિવર્તન વગર ખ્રિસ્તી લોકો આપત્તિરૂપ બની જાય છે, મંડળીના પ્રચાર કાર્યમાં વિઘ્નરૂપ બને છે. તેઓ એમ લખે છે : "આજે આપણી આ મંડળીમાં આત્મિક જુસ્સા વગરના લોકો છે" તેઓ ઉત્સાહવિહિન મંડળીને પ્રગટ કરે છે. તેઓ તેમના જીવનમાં જીવંત ખ્રિસ્તને પ્રદર્શિત કરતા નથી. તેઓને માટે સંસ્થા અગત્યની બની જાય છે નહિ કે તે સંસ્થાને અને તેમને જીવંત બનાવનાર ઇસુ ખ્રિસ્ત. તેમને માટે રવિવારની ભક્તિસભામાં હાજરી આપવી અને જે બંધારણ છે તેને ટકાવી રાખવું, સમિતિઓમાં કામ કરવું એજ છે. મંડળીનું પ્રતિનિધિત્વ તેમના માટે એક એવી સંસ્થા છે કે જે સંસારની પ્રતિસ્પર્ધામાં પોતાનું સ્થાન જાળવી રાખી શકે. જો મંડળી પ્રભુ ઇસુને સંપૂર્ણપણે કબજે નથી તો અન્ય સામાન્ય સંસ્થા કરતાં, તે કોઇપણ રીતે વધુ સારી છે એમ કહી ન શકાય. જે ખજાનો તે ધારણ કરે છે તે તો પ્રભુ ઇસુ ખ્રિસ્ત છે, અને મંડળીએ તેને જ જગતમાં પ્રગટ કરવાનો છે અને તેનો જ પ્રચાર કરવાનો છે. માત્ર એમ કરવાથી જ તે મંડળી તરીકે રહી શકે છે. દેવ કોણ છે તે માત્ર એમ કરવાથી નથી, કોઇ મત પ્રગટ કરવાનો નથી. આ તો જીવંત પ્રભુ ઇસુને બીજા લોકોની આગળ પ્રેમથી પ્રગટ કરવાનો છે. મંડળીએ જે અનુભવ્યું છે, જે જોયું છે, સાંભળ્યું છે તે વિષે વાત કરવાની છે. એમ ન હોય તો તેની સાક્ષી પોકળ છે; તેના દાવાઓ પાયા વગરના છે. મંડળીના સંપૂર્ણ જીવનમાં ખ્રિસ્તની કેન્દ્રતા જ મંડળીને મંડળી બનાવે છે. ડૉ. જોન્સ માટે હંમેશા ઇસુ ખ્રિસ્ત જ કેન્દ્રસ્થાને છે સંસ્થા ગૌણ છે. જ્યાં સુધી મંડળી ખ્રિસ્તરૂપી ખજાનાને ધારણ કરે છે ત્યાં સુધી જ તે મહત્વની અને અગત્યની બની રહે છે, એ સિવાય નહિં.

૧૪. જ્યારે ખ્રિસ્તી.મંડળી એક સંસ્થા તરીકે ભારતમાં આવી તેનાં મૂળ પાશ્ચાત્યના દેશોના હતા. તેનું માળખું, આયોજન અને કાર્યપધ્ધતિ સર્વ પાશ્ચાત્ય હોવાથી તે લોકોને આકર્ષી શકી નહિ. તેની જીવનશૈલી, કાર્યપધ્ધતિ, ભજન કરવાની રીત મોટે ભાગે ભારતના લોકોથી જુદી હતી. મંડળીએ તેના આ દેશના ફેલાવવાના સંદર્ભમાં હજુ સુધી ભારતની સંસ્કૃતિને ધ્યાનમાં લીધી નથી. એણે એક નવી સંસ્કૃતિની સ્થાપના કરી છે તેથી તેણે ખ્રિસ્તી બનેલા લોકોને તેમના મૂળમાંથી અલગ કરી નાંખ્યા છે. તેથી મંડળી એક વિદેશી સંસ્થા તરીકે અલગ દેખાય છે અને તેને સામ્રાજ્યવાદ સ્થાપનારી સંસ્થા તરીકે ગણવામાં આવે છે. તેથી ખ્રિસ્તી વિશ્વાસને શંકા અને રાષ્ટ્રિય ભાવનાથી અલગ કરનારૂં બળ ગણવામાં આવે છે. આઝાદીના પચાસ વર્ષો પછી પણ આપણે એજ ટીકા સાંભળીએ છીએ અને એવા જ આક્ષેપો મંડળી પર થઇ રહ્યા છે. આ બાબત પોતાનામાં સત્ય છે. મંડળી માણસના આત્મા માટે અને તેને સ્વર્ગમાં લઇ જવા માટે એટલો બધો બોજો ધરાવે છે કે તેનું બધું જ ધ્યાન ફક્ત એજ બાબતમાં રહે છે. માણસ જે સામાજિક વાતાવરણમાં રહે છે અને તેમાં તે દ્વારા પોતાને ઓળખે છે, પ્રદર્શિત કરે છે એ બાબત મંડળી ભૂલી ગઇ છે. ડૉ. જોન્સ જણાવે છે કે કોઇપણ અભિયાન સફળ થવા માટે સંસ્કૃતિના માળખાને, જેમાં લોકો જીવન વિતાવી રહ્યા છે તેને ધ્યાનમાં લેવાની જરૂર છે. દેશની સંસ્કૃતિ તે દેશની સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક વાસ્તવિક્તાનો સમાવેશ કરે છે. એ સંસ્કૃતિમાં ત્રૂટીઓ હોઇ શકે પરંતુ ખ્રિસ્તને ભારતીય વિચારધારામાં પ્રગટ કરવાનો છે. મંડળીનું ધ્યેય માત્ર, પ્રભુ ઇસુ અને તે સિવાય બીજું કોઇ નહિ એ હોવું જોઇએ. એથેન્સ શહેરમાં પોતાની નિષ્ફળતા પછી સંત પાઉલ કોરંથિની મંડળીને લખતાં જણાવે છે કે : “હું તમારામાં રહીને વધસ્તંભે જડાયેલા ખ્રિસ્ત સિવાય બીજા કશાને ન જાણું એવો મેં નિર્ણય કર્યો છે” (૧ કોરંથિ ૨ : ૨). જ્યાં સુધી ભારતની મંડળી આ સાદી હકીકતને ન ઓળખે ત્યાં સુધી તેને એક વિદેશી સંસ્થા અને તેના ધ્યેય અને કાર્યને રાષ્ટ્ર વિરોધી અને શંકાશીલ જ ગણવામાં આવશે.

## (બ) દેવનું રાજ્ય એ જ એક સુવાર્તા

૧૫. સુવાર્તા પ્રચાર એટલે શું ? ડૉ. જોન્સ માટે સુવાર્તા પ્રચાર એટલે પ્રભુ ઇસુને પ્રગટ કરવો. પ્રભુ ઇસુના પ્રગટીકરણનો મુખ્ય ઉદ્દેશ તો દેવનું રાજ્ય હતો. પ્રભુ ઇસુ અને દેવનું રાજ્ય એકબીજા સાથે સંકળાયેલા છે. તેઓને છૂટા પાડી ન શકાય. એકબીજા વગર તેઓ અધુરા અને અપૂર્ણ છે. તો પછી દેવના રાજ્યનો અર્થ શો ? પ્રભુ ઇસુ દેવના રાજ્યને પ્રગટ કરનારા છે અને તેને પ્રભુ ઇસુના જીવન

અને શિક્ષણથી અલગ કરી શકાય તેમ નથી. દેવનું રાજ્ય પ્રભુ ઈસુમાં દૃષ્ટિમાન થાય છે. “દેવનું રાજ્ય પ્રભુ ઈસુમાં દેહ ધારણ કરે છે” (UKUP p. 25). પ્રભુ ઈસુ દેવના રાજ્યની કથાવસ્તુ છે. તેઓ તેને સાર્થક બનાવે છે. તેમના વગર દેવના રાજ્ય વિષે આપણે ઝાઝુ જાણી શકતા નથી. હા, એ વિષે તર્ક કરી શકીએ, અનુમાન બાંધી શકીએ, પરંતુ માત્ર પ્રભુ ઈસુ દ્વારા આપણે તેને નિહાળી શકીએ છીએ, અનુભવ કરી શકીએ છીએ અને જાણી શકીએ છીએ.

૧૬. પ્રથમ આ રાજ્ય વિશ્વવ્યાપી છે. તેને અમૂક રાષ્ટ્રના સંદર્ભમાં ઓળખાવી શકાય નહિ. યહુદી રાષ્ટ્ર એટલે ઈસ્ત્રાએલના રાજ્યથી પણ નહિ. પ્રથમ યહુદીઓ અને હવે ખ્રિસ્તીઓએ હંમેશા એવું માની લીધું છે કે તેઓએ જન્મથી જ આ રાજ્યનો વારસો પ્રાપ્ત કરી લીધો છે. પરંતુ તે એમ નથી. ખરી રીતે જોતાં તો આ રાજ્ય એવા લોકોનું છે જેઓ ફળ ઉપજાવે છે. પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું કે : “પૂર્વથી અને પશ્ચિમથી ઘણા લોક આવશે ને ઈબ્રાહીમની તથા ઈસ્હાકની તથા યાકુબની સાથે રાજ્યમાં બેસશે પણ રાજ્યના દીકરાઓ બહારના અંધકારમાં નંખાશે (માત્થી ૮ : ૧૧-૧૨). દેવના રાજ્યનો વારસો દૈહિક જન્મથી મળતો નથી. જો કે કોઈ વ્યક્તિનો જન્મ તેમાં થયો હોય પણ તેને બહાર નંખાઈ જવાની શક્યતા હંમેશા રહેલી છે. વાસ્તવમાં જેઓ ફળ ઉપજાવે છે તેઓ જ તેમાં પ્રવેશ કરી શકે છે. પરંતુ બાળકો જેઓ તેમાં જ જન્મ પામ્યા હોય તેઓ કદાચ બહાર રહી જાય ! રાજ્યનો વારસો ધારણ કરવાની કસોટી, પ્રભુ ઈસુના કથન પ્રમાણે, દેવના રાજ્યને આધુનિક રાષ્ટ્ર, સમાજ અને તેથી આગળ વધીને મંડળીની નાગરિક્તા અને સભ્યપદથી ઉપર ઊઠાવે છે. કોઈપણ વ્યક્તિને આ રાજ્યમાંથી બાકાત રાખવામાં આવતી નથી પરંતુ તે માટે એક શરત છે કે તેણે દેવના રાજ્યને યોગ્ય ફળ ઉપજાવવા જોઈએ જેથી તે તેની વારસદાર વ્યક્તિ બને.

૧૭. આ ફળ ઉપજાવવાનો શો અર્થ હોઈ શકે ? શરૂઆતમાં એવું દર્શાવવામાં આવ્યું હતું કે દેવનું રાજ્ય અને ઈસુ ખ્રિસ્તને જુદા કરી ન શકાય. તેથી ફળોને પ્રભુ ઈસુના જીવન અને સેવાકાર્યના પ્રકાશમાં જોવાની જરૂર છે.

૧૮. પ્રભુ ઈસુએ “મારે ખાતર” અને “રાજ્યને ખાતર” એવા શબ્દોનો ઉપયોગ કર્યો છે. પોતાના પ્રવચનોમાં આ શબ્દોને એકબીજાને બદલે વાપર્યા છે. આ બાબત એ દર્શાવે છે કે પ્રભુ ઈસુ પોતાને દેવના રાજ્ય સાથે એકરૂપ બનાવે છે. તેઓ દેવના રાજ્ય સંબંધી માત્ર બોલતા નથી પરંતુ તેમના પોતાનામાં આ રાજ્ય પ્રગટ થયું છે, વાસ્તવિક બન્યું છે, પ્રવેશ યોગ્ય અને પ્રાપ્ય બન્યું છે એમ જણાવે છે. લોકોએ એ રાજ્યને જ્યારે ઈસુને જોયા અને મળ્યા ત્યારે જોયું અને અનુભવ્યું.

તેમની બહારના અને તે સિવાયના બધાંજ રાજ્ય અધૂરાં છે. સમયની સાથે તેઓ નાશ પામે છે. કોઇપણ સામાજિક વ્યવસ્થા પણ ટકી શકતી નથી. મુડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, જાતિવાદ અને મંડળીવાદ પણ સમય મર્યાદિત છે. દેવનું રાજ્ય એ પ્રભુ ઇસુમાં પ્રવેશીય છે તે જ ટકી રહે છે. આ રાજ્યમાં બીજા અન્ય સંસારના રાજ્યોના સારા તત્વો હોઇ શકે પરંતુ તે સંપૂર્ણ રીતે ગુણવત્તા તેમજ સંખ્યા એ બંન્નેમાં તે તદ્દન જુદું અને અજોડ છે અને તેના ધ્યેયમાં, હેતુમાં અને સ્થાનમાં બીજા રાજ્યો કરતા ભિન્ન છે.

૧૯. જેમ પ્રભુ ઇસુએ કહ્યું છે તેમ કોઇપણ વ્યક્તિ ઉધ્ધારની તકની બહાર નથી. સમસ્ત ઉત્પત્તિ ઉધ્ધારની ઉત્કંઠા સેવી રહી છે અને ખૂબ આતુરતાથી તેની પ્રતિક્ષા કરી રહી છે (રૂમી ૮ : ૧૦). પ્રભુ ઇસુમાં તેનો ઉદય થયો છે અને જે લોકો તેના વિષે જાણી તેનો સ્વીકાર કરે છે. તેઓ એ રાજ્યને યોગ્ય ફળ ઉપજાવી તેમાં પ્રવેશ કરી રહ્યા છે. આ રાજ્ય દરેકને ઉપલબ્ધ થાય એવું હોવાથી તે એક શુભ સમાચાર છે. આ સુવાર્તા-શુભ સમાચાર સિવાય બીજી કોઇ સુવાર્તા નથી. કેમકે દેવનું રાજ્ય પ્રભુ ઇસુમાં સાક્ષાત્કાર બન્યું છે અને આ બાબત જ સુવાર્તા છે. પ્રભુ ઇસુએ આ રાજ્યનો પ્રચાર કરવા પોતાના શિષ્યોને મોકલ્યા (લુક ૯ : ૨, ૧૦ : ૯). શિષ્યોના સેવાકાર્યમાં આ બાબત કેન્દ્રસ્થાને હતી. તેઓ હરખાતા હરખાતા પાછા ફર્યા કારણ કે દેવના રાજ્યનો પ્રચાર જે એવો છે કે તે પ્રગટ કરનાર, પ્રચાર કરનાર અને સાંભળનાર બંન્નેને આનંદ પમાડે છે.

૨૦. પુનરુત્થાન પછી પણ પ્રભુ ઇસુ શિષ્યોને ચાલીસ દિવસ સુધી દેવના રાજ્યની વાતો સંબંધી સમજાવતા રહ્યા. (પ્રે. કૃ. ૧:૩) શિષ્યોની સામે જે પડકાર હતો તે તો દેવના રાજ્યના શુભ સમાચારને આખી પૃથ્વી પર તેઓ પ્રગટ કરે યરૂશાલેમથી માંડીને યહુદીઆ, સમરૂન અને પૃથ્વીના છેડા સુધી આ સમાચાર ફેલાવવાના હતા. (પ્રે. કૃ. ૧:૮) આ એક એવો પડકાર હતો કે તેની પરિક્રમણ કક્ષામાં સર્વ લોકો, સર્વ રાષ્ટ્રો, સર્વ સમાજો, સર્વ સંસ્કૃતિઓ અને સર્વ અભિયાનોને તે આવરી લે છે. પ્રભુ ઇસુ અને દેવના રાજ્યની વિશ્વવ્યાપકતા સ્પષ્ટ છે. કોઇપણ માણસ એવું કહી ન શકે કે પ્રભુ ઇસુમાં જે રાજ્યમાં પ્રવેશ મળે છે તેના સંબંધી તે અજાણ છે, કારણ કે પુનરુત્થાન પામ્યા પછી ચાલીસ દિવસ સુધી તેઓએ શિષ્યોને રાજ્ય સંબંધીનું વિશેષ શિક્ષણ આપ્યું હતું. દેવનું રાજ્ય એ સિવાય કોઇ અન્ય શિક્ષણ તેમને અપાયું ન હતું. તેમણે પોતાના સેવાકાર્યની શરૂઆત જે દેવના રાજ્યથી કરી હતી (માર્ક ૧:૧૫) અને તેમની આ પૃથ્વી પરની સેવાનો અંત પણ તેનાથી જ તેમણે કર્યો (પ્રે.કૃ. ૧:૩) આ બન્ને વચ્ચેના સમયગાળા દરમ્યાન તેઓ દેવનું રાજ્ય જીવ્યા, તેમનામાં લોકોએ દેવનું રાજ્ય જોયું અને અનુભવ્યું.

હવે તેઓ આ જવાબદારી, દેવના રાજ્યને જાહેર કરવાની, શિષ્યોને સોંપે છે. આ એક મહાન જવાબદારી હતી. તેઓના સંકુચિત હૃદયોને માટે આ જવાબદારી ખૂબ મોટી કહી શકાય. તેઓ તો યહુદી હતા. તેઓ રાજકીય મસીહાની આશા રાખી રહ્યા હતા. તેઓને મસીહા દ્વારા સંચાલિત આ પૃથ્વી પરના યહૂદી રાજ્યની ઝંખના હતી (પ્રે. કૃ. ૧ : ૬) તેઓએ દેવના વ્યાપી રાજ્યને રાષ્ટ્રવાદીય સમજથી ઓળખ્યું. એવું રાજ્ય પામવાની તેમની ઇચ્છા હતી. તેઓએ દેવના રાજ્યના આ વિચારને અવગણ્યો નહિ. પરંતુ તેઓએ તેને પોતાના સાંસારિક યહુદી રાજ્ય સુધી સિમીત બાનાવી દીધો. કેવી ગેરસમજ ! ઇસુની સાથે રહેવા છતાં તેઓ દેવના રાજ્યના મૂળ તત્ત્વોનું દર્શન ન પામી શક્યા. હા, કદાચ એવું કહી શકીએ કે આવું વિચારનારા આ શિષ્યો કેવા મૂર્ખ હતા !

૨૧. પરંતુ આપણે પોતે પણ પ્રભુ ઇસુમાં જે દેવનું રાજ્ય પ્રગટ થયું છે. તેને આપણા મંડળીવાદ સુધી જ મર્યાદિત બનાવી દીધું છે. મંડળી, મારી મંડળી, મારો સંપ્રદાય એજ દેવનું રાજ્ય બની જાય છે. આપણે તેને આપણા વ્યક્તિગત પ્રભુ ઇસુનાં અનુભવ સુધીજ સિમીત બનાવી દઇને એવો દાવો કરીએ છીએ કે આ જ રાજ્ય છે અને આ સિવાયના અન્ય લોકોના પ્રભુ ઇસુના અનુભવોને સ્વીકારતા નથી. આ જે રાજ્ય છે તે આપણા નાના મગજો ગ્રહણ કરી શકે તેનાં કરતાં વધુ અને વિશેષ છે. આપણે માત્ર તે રાજ્યનો એક ભાગ બની શકીએ છીએ અને તે પણ દેવની કૃપા થકી જ વિશ્વાસ દ્વારા.

૨૨. મંડળીના બે હજાર વર્ષના ઇતિહાસમાં દેવના રાજ્યની કેન્દ્રીયતા પરનો ભાર લુપ્ત થઇ ગયો છે. જે શુભસંદેશ જે પ્રભુ ઇસુ ખ્રિસ્ત છે અને તેમની સાથે સંકળાયેલું દેવનું રાજ્ય હવે મંડળીઓનું મુખ્ય કેન્દ્ર અથવા કેન્દ્રનો વિષય રહ્યું નથી. ખ્રિસ્તીત્વનું પ્રગટીકરણ એ તો રાજ્યનું અભિયાન હોવું જોઇએ. પરંતુ મંડળી માત્ર એક સંસ્થા જ બની રહે છે તેનું સંપૂર્ણ સંસ્થાકીયકરણ થઇ ગયું છે. મંડળીએ દેવના રાજ્યનું સ્થાન લઇ લીધું છે. રાજ્યની કાંઇ સીમા નથી, કોઇ મર્યાદા નથી તે એક જ સમયે આખી પૃથ્વીને આવરી લે છે. મંડળીએ પોતાની હદ અને સીમાઓ ઠરાવી છે અને બીજા લોકોને તેમાંથી બહાર કાઢી નાખ્યા છે અને તેણે મંડળીમાંના લોકો જે રીતે વર્તન કરે છે તે પ્રમાણે નહિ વર્તન કરનારાઓને માટે પ્રવેશ દ્વાર બંધ કરી દીધું છે. દુષિત મંડળીએ દેવના રાજ્યની અદુષિતતાનો દાવો કરવાની શરૂઆત કરી દીધી છે. સભ્યની મર્યાદામાં રહેલી મંડળીએ હવે દેવના રાજ્યના અનંતકાળીક લક્ષણનો દાવો કરવાની શરૂઆત કરી છે. હવે દેવના રાજ્યનું અભિયાન મંડળીના માળખામાં રૂંધાય રહ્યું છે; તેથી મંડળી પાંગળી

બની ગઇ છે. શરૂઆતનો જે જુસ્સો પ્રભુ ઇસુએ દર્શાવ્યો હતો અને જે શરૂઆતના ખ્રિસ્તીઓમાં અને ખ્રિસ્તી સમાજોમાં જે પવિત્ર આત્માના પરાક્રમ અને દોરવણીની હેઠળ હતો તેનાથી વંચિત થવાથી મંડળી આગળ વધી શક્તી નથી (પ્રે.કૃ.૨:૪૧,૪૭,૪:૪,૫:૧૪ વગેરે)

૨૩. જ્યારે મંડળીએ દેવના રાજ્યનું સ્થાન લીધું, જ્યારે દેવના રાજ્યના સભ્યપદને કોઇ એક મંડળી અથવા સંપ્રદાયના સભ્યપદની સાથે ઓળખવાની શરૂઆત કરી ત્યારે મંડળીએ પોતાને આ પૃથ્વી પરના રાજ્યની સર્વ મર્યાદાઓ, નબળાઇઓ અને ભૂલો સાથે પોતાને સિમીત બનાવી દીધી. વિશ્વવ્યાપી બનવાને બદલે તેણે પોતાને સંકોચી લીધી અને ચોક્કસ સીમાઓમાં પોતાને બાંધી લીધી. સમસ્ત સંસારના સામાજિક, રાજ્ય આર્થિક સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનને દેવના રાજ્યને અનુરૂપ બનાવીને તેને પોતાના વાડામાં લેવાને બદલે તેણે પોતાને તેના નાનકડા રાજ્યમાં કે જેમાં નાના નાના સંપ્રદાઓ અને વાડાઓ છે, જેમાં ધાર્મિક ક્રિયાકાંડો અને પ્રણાલીઓ અને પરંપરાઓ છે. એમાં સંકોચી લઇને દેવના રાજ્યના ધ્યેયને અને સ્થાનને ગુમાવી દીધું તેથી દરેકને તે આશ્ચર્ય સાથે પૂછે છે કે મંડળીએ કઇ જગ્યાએ ભૂલ કરી છે ? દેવના રાજ્યના નીતિમૂલ્યોને સ્થાને તેણે (મંડળીએ) પોતે રચેલા માળખામાં, પોતાની વ્યવસ્થાને અને પોતાનાજ ધાર્મિક જીવનને મૂકી દીધું છે. તેથી તેણે પોતાના મૂળ ઉદ્દેશ અને નિશાનને ગુમાવી દીધાં છે.

૨૪. "પ્રત્યેક સાંસારિક વસ્તુની ભીતરમાં એક જોખમ રહેલું હોય છે." (UKU P P:31)અને આ જોખમ એ છે કે માણસ એટલો બધો મહાન બને તો પણ સાંસારિક વસ્તુઓથી પૂર્ણ રીતે સંતોષ પામી શકતો નથી. જીવનમાં એકંદરે તે પોતાને ખાલી, અર્થવિહીન અને નકામો જાહેર કરે છે. મંડળીનું સભાસદપણું પણ વ્યક્તિને ખાલીપણા સિવાય બીજું વધારે બક્ષતું નથી કારણકે જે વસ્તુ માટે માણસ ઝંખના કરી રહ્યો છે તે વસ્તુ તેને મંડળીનું સભ્યપદ આપી શકતું નથી. માણસને તો એવી વસ્તુ જોઇએ છે કે જે તેને હાથમાં લીધા પછી તે પોતે અડગ અને સ્થિર ઉભો રહી શકે અને તે પણ હમેશાં માટે. તેને તો એવા "કાંઇક" ની જરૂર છે કે જે ઘડપણનો, માંદગીનો અને મૃત્યુનો પણ ખૂલ્લેઆમ પ્રતિકાર કરી શકે કે જેથી કરીને માર્ટીન લુથરની જેમ કહી શકે કે "હું અહીં ઉભો છું" અને એવું ગીત ગીઇ શકે કે સંસારની કોઇ પણ બાબત તેને ડગાવી શકશે નહિ, કારણ કે તે દેવના રાજ્યનો સભાસદ છે અને એ રાજ્યમાં પ્રભુ ઇસુ દ્વારા પ્રવેશ પામેલો છે. આ રાજ્ય, નહિ બદલનાર. અપરિવર્તનશીલ ઇસુને લીધે ડગાવી ન શકાય એવું છે. પ્રભુ ઇસુ આજે, કાલે અને સર્વકાળ એવો ને એવો જ છે (હિબ્રુ.૧૩:૮).

૨૫. મિશનેરી તરીકેના પોતાના શરૂઆતના કાર્યમાં, અને જે કાર્ય મિશનેરીઓ કરી રહ્યા હતા તેમાં તેમણે સંકુચિતતા જોઇ અને અનુભવી તેથી તેમને પેતાના મિશનેરી તરીકેના કાર્ય સંબંધી પ્રશ્ન ઉભો થયો હતો. તેમણે જોયું કે સંસ્થાકીયકરણ પામેલી મંડળી પોતાનાજ કામમાં એટલી બધી સંડોવાયેલી છે કે ભારતના લોકો ને દેવના રાજ્યની સુવાર્તાને પૂરેપૂરી રીતે પ્રગટ કરવા તે શક્તિમાન ન હતી. તેમને એવું જણાયું કે સુવાર્તા પ્રચારનો ઉદ્દેશ પોતાની મંડળીના સભ્યો વધારવા પૂરતો જ હતો. લોકોને દેવના રાજ્ય માટે આમંત્રિત કરવામાં નહોતા આવતા.

૨૬. મંડળી પોતાના જ બંધારણની જાળમાં એવી ફસાઇ ગઇ હતી કે તેણે સુવાર્તા પ્રચારનો હેતુ અને તક ગુમાવી દીધા હતા. તેણે પોતાના જ મિશનવાડા સુધી પોતાને કુંઠીત કરી નાખી હતી. તેણે જાણે કે અછૂતો અને પછાત જાતિના લોકો સિવાય બીજા અન્ય સાથે સુવાર્તાને કોઇ સંબંધ નથી એમ માની ફક્ત તેઓને જ સુવાર્તાનો સંદેશ આપ્યો હતો આમ તેણે મંડળીના સભાસદો વધારવામાં જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું આથી તેણે સુવાર્તાના વિશ્વવ્યાપી પાસાને ગુમાવી દીધું હતું. ઇસુ ખ્રિસ્ત અને તેના રાજ્યની વિશ્વવ્યાપકતા પણ મંડળી ભૂલી ગઇ હતી. મંડળીના સાંખ્યિક વિકાસના ઉત્સાહમાં તેણે જેઓએ પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો છે તેઓને તેમની સંસ્કૃતિ અને દેશપ્રેમથી અલગ કર્યા હતા.

૨૭. ખ્રિસ્તી વિશ્વાસ અને મંડળી એક આયોજિત સંસ્થાના રૂપમાં જયારે છે ત્યારે તે દેવના રાજ્યના વારસાનો પોતાને જ અદ્વિતિય હક્ક છે એવો દાવો ન કરી શકે. પ્રભુ ઇસુએ યહુદીઓના મસીહ સંબંધીના વિચારને તોડી પાડીને દેવના રાજ્યને વિશ્વવ્યાપી બનાવ્યું તેજ રાતે તે બંધારણીય મંડળીના માળખાને તોડીને દેવના રાજ્યને દરેક વ્યક્તિને માટે મોકળું ખુલ્લું કરે છે. આમ દરેક વ્યક્તિને દેવના રાજ્યને અનુરૂપ ફળ ઉપજાવવાની તક આપે છે (UKUP P:35). તેથી એક ખ્રિસ્તી મંડળી જયારે અનેક નાના મોટા વાડાઓમાં વહેંચાયેલી છે. ત્યારે દેવના રાજ્યમાં ઉત્તમોત્તમ જીવન ધારણ કરેલું હોય તો પણ સૈધ્ધાંતિક રીતે તે દેવનું રાજ્ય નથી. મંડળી એ તો પ્રાસંગિક છે. સમય પૂરો થયે તે લુપ્ત થવાની છે. દેવનું રાજ્ય સર્વકાળિક છે. તે ટકી રહે છે. મંડળી સમયથી બંધાયેલી છે. પરંતુ દેવનું રાજ્ય ડગાવી ન શકાય તેવું સદા રહે છે અને તેથી તે સંપૂર્ણ છે. મંડળી એ સંસારની સાથે બંધાયેલી હોવાથી એક સમયે લોપ થઇ જશે (પ્રકટી ૨૧:૧) દેવનું રાજ્ય જીવન પ્રભુ ઇસુ સાથે સંકળાયેલું હોય તે હમેશાં રહેશે.

૨૮. દેવનું રાજ્ય આ પૃથ્વી કરતાં વધારે ટકનારૂં છે (માત્થી ૨૫:૩૪) કારણ કે તે અપરિવર્તનશીલ વ્યક્તિ જીવંત પ્રભુ ઇસુ સાથે અતૂટ એકતાથી જોડાયેલું છે.

તેનો નાશ થનાર નથી. દેવનું રાજ્ય મંડળીનો ન્યાય અને ઉધ્ધાર કરે છે. મંડળી દેવના રાજ્યના જીવન અને આત્માને પોતામાં વણી લે તથા રાજ્યને આધીન થાય ત્યાં સુધી જ સક્ષમ છે. મંડળી દેવના રાજ્યની આશા રાખે છે. મંડળીની એક પ્રાર્થના છે, "તારૂં રાજ્ય આવો." રાજ્ય એ જ અંતિમધામ છે, નહિ કે મંડળી. આ એ જ રાજ્ય છે જ્યાં ખ્રિસ્તની ઇચ્છા સર્વોપરી છે અને ત્યાં પ્રભુ ઇસુ જ સદાકાળ રાજ્ય કરે છે.

૨૯. પ્રભુ ઇસુ જયારે આ પૃથ્વી પર હતા ત્યારે વ્યવસ્થાના માળખામાં જકડાયેલા યહુદી ધર્મની સામે ખુલ્લેઆમ બોલ્યા. તે સમયના ધાર્મિક આગેવાનોને અને ધર્મગુરૂઓને ઢોંગી, ધોળેલી કબર તરીકે ઓળખાવ્યા (માત્થી ૨૩:૧૩,૧૭). યરૂશાલેમનાં મંદિરને પણ તેમણે છોડયું નહિ. તેમણે તેના સંપૂર્ણ નાશ સંબંધી ભવિષ્યકથન કર્યું હતું (માર્ક ૧૩:૨). તેમણે એવું કહ્યું કે વ્યવસ્થાના માળખામાં જકડાયેલો ધર્મ એ દેવના ઇરાદા અને ઇચ્છાની હાંસી ઉડાવે છે. ધર્મને નામે આચરવામાં આવતા અન્યાય, લોભ, સત્તામાં લપેટાઇને ન્યાય અને દયાને પડતા મૂકી પોતાને આગળ કરવા માટે ધર્મના આગેવાનોને તેમણે પડકાર્યા હતા. વ્યવસ્થાના માળખામાં આવેલી મંડળી હંમેશાં ઔપચારિકતામાં ફસાઇ જાય છે. આંતરિક સ્વાર્થ જ્યારે મુખ્ય સ્થાન લે છે ત્યારે તે વિશ્વાસ અને વિશ્વાસના પ્રચારની હાંસી ઉડાવે છે. પ્રભુ ઇસુએ બહુ સ્પષ્ટ રીતે વ્યવસ્થાથી આયોજિત ધર્મના બાહ્ય આડંબર તથા છીછરાપણાને પડકાર્યા હતા, ખુલ્લા કર્યા હતા. આ તો દરેક ધર્મના ઇતિહાસને માટે, ખ્રિસ્તી મંડળીના ઇતિહાસને માટે પણ એક પાઠ છે.

૩૦. મંડળી વિષે આ પ્રમાણે કહેવા છતાં ડૉ. જોન્સ મંડળીને સંપૂર્ણપણે રદ્દબાતલ કે ફેંકી દેતા નથી. તેઓ કહે છે: " તેની સર્વ નબળાઇઓ અને ભૂલો સાથે પણ પૃથ્વી પરની સંસ્થાઓમાં સૌથી ઉત્તમ સેવા આપનાર એ જ એક સંસ્થા છે. તેના ઘણા આલોચકો છે પરંતુ જ્યાં સુધી માનવ ઉધ્ધારના કાર્યને લાગેવળગે છે ત્યાં સુધી તેના કોઇપણ હરીફ અથવા પ્રતિસ્પર્ધી નથી (UKUP P:37). તેઓ જણાવે છે કે માનવતાનું કાર્ય જે દુનિયાના ખૂણે ખૂણે મંડળી દ્વારા પ્રભુ ઇસુના નામ અને આત્મામાં થઇ રહ્યું છે તે દ્વારા સમગ્ર માનવજાતના આત્મા, શરીર અને જીવને ઉધ્ધાર, સ્વતંત્રતા, મૂક્તિ અને રાહત મળ્યા છે. આમ હોવાં છતાં મંડળીએ સમય મર્યાદિત અને સંપૂર્ણ છે. દેવનું રાજ્ય એ જ સંપૂર્ણ છે. મંડળી અંતિમતાનો દાવો કરી શકે નહિ. મંડળી રાજ્યનું સ્થાન લઇ શકે નહિ. રાજ્ય જ સદા રહે છે અને મંડળી તે રાજ્ય માટે સતત પ્રાર્થના કરે છે.

૩૧. આપણી પ્રાર્થના અને આપણો ઉપદેશ આ જ છે કે " દેવના રાજ્યને શોધો." રાજ્યને શોધવાથી આપોઆપ સર્વ વસ્તુઓ તેની સાથે પ્રાપ્ત થાય છે (માત્થી ૬:૩૩) આમાં મંડળીનો પણ સમાવેશ થાય છે. મંડળીને પોતાનો અંત છે. તે હમેશાં દેવના રાજ્ય તરફ અંગુલીનિર્દેશ કરે છે, અને તે પ્રમાણે કરવાથી તે પોતાની મહાનતા અને આવશ્યક્તા જાહેર કરે છે. જો તે પોતાની જાતનો બચાવ કરવા પ્રયત્ન કરશે તો તે પોતાને ખોઇ નાખશે. પ્રભુ ઇસુ ખ્રિસ્ત અને તેમના રાજ્ય વિરૂધ્ધના તમામ પ્રયાસો નિષ્ફળતામાં પરિણમ્યા છે. રાજ્ય એ કોઇ સંસ્થા નથી, તે કોઇ વ્યવસ્થા નથી એ તો એક માર્ગ છે. ઇસુ પોતે એ માર્ગ છે અને આ જ એક ફકત જીવનનો માર્ગ છે. તે માટે બીજો કોઇ વિકલ્પ નથી. જો આ માર્ગ સિવાય બીજા કોઇ માર્ગથી જીવન જીવવા તમે પ્રયત્ન કરો તો તે નિષ્ફળતામાં, નિરાશામાં, નાશમાં અને જીવનની અસ્તવ્યસ્તતામાં પરિણમશે. નૈતિકતાની જે ધરી પર જીવનનું પરિક્રમણ થવું જોઇએ તે તો પ્રભુ ઇસુ તેમનું જીવન અને તેમનો ઉપદેશ છે (UKUP P:37). આપણું આખું જીવન તેમની આસપાસ જ રહેવું જોઇએ. જો એમ નથી તો જીવન નાશના માર્ગમાં જાય છે.

૩૨. લોકોની આગળ રજુ કરવામાં આવતો પાયાનો વિચાર " દેવનું રાજ્ય છે. દેવની વ્યવસ્થા, માણસની બનાવેલી વ્યવસ્થાને, પછી ભલે ગમે તે વ્યવસ્થા હોય, ગમે તેટલી સારી વ્યવસ્થા અધક્રમ હોય, તેને બદલી નાખશે. બીજી અને ત્રીજી સદીમાં દેવના રાજ્યની વ્યવસ્થાને, વિચારધારાને ગૌણ બનાવવામાં આવી હતી પરિણામે ખ્રિસ્તીત્વમાં ઢીલાશ આવી. એ સમયનો વિચાર મંડળીનું સંસ્થાકીયકરણ કરવાનો હતો તેથી તેણે રાજ્યના મૂળ તથ્યને ગુમાવી દીધું. આ વિચારધારાથી મંડળી સંસ્થાનો આકાર લેવા પામી. સમય આવ્યો છે કે દેવના રાજ્યનું ફરી સંશોધન કરવું જરૂરી છે, જેથી કરીને ઇસુ ખ્રિસ્ત વિશ્વનો રાજા અને પ્રભુ બને. જગતમાંની મંડળી પરથી હવે દેવના વિશ્વવ્યાપી રાજ્ય પર ભાર મૂકાવો જોઇએ વિશ્વવ્યાપી મંડળીનો વિચાર એ સારો છે પરંતુ તે વિચાર દેવના રાજ્યના વિશ્વવ્યાપીપણાનું સ્થાન લઇ શકે નહિ. ડૉ. જોન્સ લખે છે : મંડળી એ પ્રભુ ઇસુમાં ઉધ્ધારનો પ્રચાર કરે છે. દેવનું રાજ્ય એ ઉધ્ધાર આપનાર છે. રાજ્ય એ એક એવું સ્થાન છે કે જયાં આપણે આપણા ઘૂંટણો નમાવવાના છે નહિ તો આપણે નાશ પામીશું કારણ કે જે સંદેશો છે તે તો "પસ્તાવો કરો કેમકે દેવનું રાજ્ય પાસે આવ્યું છે" (માર્ક ૧ : ૧૫). દેવનું રાજ્ય નજીક છે એ જયારે પ્રચાર કરવામાં આવે છે ત્યારે જ સાચે જ સુવાર્તા પ્રચાર થાય છે.

૩૩. જેમ મંડળી દશ્ય છે એમ શું દેવનું રાજ્ય દશ્ય છે ? આ એક અગત્યનો પ્રશ્ન છે. નવા કરારમાં કેટલાક વાક્યો એવું જણાવે છે કે આ દેવનું રાજ્ય ભવિષ્યના સમયમાં આવી રહ્યું છે અને તેથી આપણે એ રાજ્યની જોઇ રહ્યા છીએ. તેના આગમન વિષે આપણે જાણે કે હજુ સુધી અચોક્કસ હોઇએ એવું લાગે છે. પરંતુ તે સાથે બીજા કેટલાક વાક્યો એવું જાહેર કરે છે કે રાજ્ય તો આવી ગયું છે. હા, તેની સંપૂર્ણતામાં નહિ, પરંતુ તેની શરૂઆત પ્રભુ ઇસુ દ્વારા કરવામાં આવી ચૂકી છે અને વૃધ્ધિ અને વિશ્વવ્યાપક્તા રાઇના દાણાની વૃધ્ધિ માફક છે. (માત્થી ૧૩ : ૩૧). પ્રભુ ઇસુએ ખમીરની પણ ઉપમા આપી છે કે જે લોંદાને કેવી રીતે ખમીરી બનાવે છે. (માત્થી ૧૩ : ૩૩). દેવના રાજ્યની ધીમી પણ એકધારી વૃધ્ધિ છે. આ બન્ને દષ્ટિકોણ પ્રભુ ઇસુના ઉપદેશમાં જોવા મળે છે. કારણ કે દેવનું રાજ્ય એ તેમના ઉપદેશનો કેન્દ્રિય વિષય હતો. કેટલાકને એમ વિચાર આવે કે પ્રભુ ઇસુ તેમના આ યુગને અંતે પુનરાગમન કરશે ત્યારે દેવનું રાજ્ય આવશે. પરંતુ જ્યારે તેમણે એ પોકાર કર્યો કે "દેવનું રાજ્ય પાસે આવ્યું છે" ત્યારે તેઓ બહુ દઢ હતા તેઓ તો તેમના આગમન સાથે દેવના રાજ્યના આગમનને પ્રગટ કરતા હતા.

૩૪. પ્રભુ ઇસુ તેમની પોતાની હાજરીને દેવના રાજ્યની હાજરી તરીકે ગણાવે છે. એ વાસ્તવિક અને યોગ્ય લાગે છે. દેવનું રાજ્ય તો અત્યારે અને આ સ્થળે, અહીં જ હાજર છે (લુક ૧૭ : ૨૦). તેની શરૂઆત પ્રભુ ઇસુના આગમનમાં કરવામાં આવી છે અને આખી પૃથ્વીને તે ભવિષ્યમાં આવરી લેશે. આ બન્ને પાસાઓને સાથે લેવા જોઇએ. રાજ્ય અને ઇસુ ખ્રિસ્ત એકબીજાના પર્યાય શબ્દો છે. તેમનામાં દેવની સંપૂર્ણ અને આખરી માનવ ઉધ્ધારની યોજના આપણી સામે પસ્તાવો કરવાના આગ્રહથી કરવામાં આવી છે. આપણી ફરજ છે એ છે કે આપણે આપણું સમર્પણ કરીએ. આમ કરવાથી જીવન ઉધ્ધારના એક માત્ર માર્ગની આધીનતામાં આપણે આપણી જાતને મૂકીએ છીએ **(KGR p. 58)**. સંદેશો, સુવાર્તા તદ્દન સારૂં છે. "દેવના રાજ્યના આગ્રહને આધીન થાઓ અથવા નાશ પામો.

૩૫. પ્રથમના અનુયાયીઓને માર્ગના અનુયાયી તરીકે ઓળખવામાં આવતા હતા (પ્રે. કૃ. ૯ : ૨, ૧૯ : ૨૩). તે સમયના વિશ્વાસીઓ માર્ગને અનુસરતા હતા. "માર્ગ" શબ્દને બીજા કોઇ શબ્દો સાથે જોડવામાં આવ્યો નથી. ડૉ. જોન્સ કહે છે : "તે જ માર્ગ છે." તેને કોઇ વિશેષણની જરૂર નથી." શું ખ્રિસ્તી લોકોનો માર્ગ આ માર્ગ છે ? આ તો એક એવો માર્ગ છે જેમાં બધું જ આવી જાય છે. શું વિચારવાનો, વિચારને કાર્યાન્વિત કરવાનો, અનુભવવાનો આ એક જ માર્ગ

છે. આપણી સામે ફક્ત આજ વિકલ્પ છે કે પ્રભુ ઇસુ જીવનનો માર્ગ છે, અથવા. જીવનનો માર્ગ નથી. શું એમ માની શકાય કે બીજો કોઇ માર્ગ છે, અન્ય જગ્યાએ ? અન્ય કોઇની પાસે ? ઇસુ ખ્રિસ્ત એ એક જ માર્ગ છે જે જીવનની, ભરપૂરીપણાના જીવનની એક ઊંડી અને ઘેરી ખાત્રી આપે છે (ukup p. 161). દેવનું રાજ્ય એટલે પ્રભુ ઇસુને અનુસરવા, એ એક જ માર્ગ છે અને આ રાજ્યમાં આવવું એટલે એ માર્ગને સ્વીકારવો. દેવનું રાજ્ય લોકોની સમક્ષ નવા નીતિનિયમોને સ્થાપિત કરતું નથી. તે તો તેમની સામે એક માર્ગ મૂકે છે જેને અનુસરવો જરૂરી છે કારણ કે બીજો કોઇ માર્ગ નથી. જ્યારે આપણે પ્રભુ ઇસુને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે આ માર્ગ પર આવીએ છીએ અને આપણને એક રાજ્યમાં પ્રવેશ મળે છે. ત્યાં આપણે પોતાને સાચી રીતે મેળવીએ છીએ.

૩૬. પ્રાચીન સમયથી લોકો જીવનનો માર્ગ શોધવાને માટે અલગ અલગ જુથો બનાવતા આવ્યા છે કે જે માર્ગ તેમના સંપૂર્ણ જીવનની ખોજને પહોંચી શકે. તેઓએ એ માર્ગ શોધવા તમામ પ્રયત્નો કર્યાં છે. તત્વજ્ઞાનીઓ ઘણા લાંબા સમયથી તેને શોધી રહ્યા છે અને એ શોધ આજે પણ જારી છે. ઇશ્વરવિદ્યાના જાણકારો અને ધાર્મિક વડાઓએ યોજનાબધ્ધ પ્રયત્નો કર્યા છે તેમ છતાં હજુ સુધી તેમને સફળતા પ્રાપ્ત થઇ નથી. લોકો અસંતોષી રહ્યા છે. પર્વતોની ચોટીથી, નદીઓના કિનારા સુધી આ માર્ગ શોધવાને માટે લોકોએ પોતાને ઘસડયા છે. તેઓએ પોતે જ બનાવેલા દેવોની આગળ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યાં છે. ચુસ્ત શિસ્ત સાથે તેઓ તેમની આગળ પોતાની માન્યતાઓ પૂરી કરી રહ્યા છે. પરંતુ તેમને શાંતિ-સંતોષ પ્રાપ્ત થયા નથી. તેઓની આગળ એક માર્ગ છે. તેઓએ તેને સ્વીકારી તેને અનુસરવાનો છે. તેઓએ એવું સ્વીકારવાનું છે કે આ એક માત્ર માર્ગ છે અને તે સિવાય અન્ય માર્ગ નથી. હા, કેટલાક અન્ય માર્ગો છે પણ આ એક એવો માર્ગ છે કે જેઓ આ માર્ગને લેતા નથી તેઓ માર્ગમાં અટવાઇ જાય છે, નિષ્ફળતા મેળવે છે. તેઓ પોતાની જાતને એક વર્તુળમાં ફરતા જુએ છે. થોડા સમય માટે પોતાના જ માર્ગને અનુસરીને તેઓ ગોળ ફરી તે જ જગ્યાએ પોતાને આવી ઉભેલો જુએ છે. જે બાબત તેમણે કરવી જોઇએ તે તો સત્ય માર્ગને અનુસરવાની છે. તે માર્ગ પર કોઇપણ વ્યક્તિ માર્ગભ્રષ્ટ થઇ શકે નહિ, ભૂલો પડી શકે નહિ. તેમાં ચાલવા, તેને સ્વીકારવા પ્રભુ ઇસુનું ખૂલ્લેઆમ આમંત્રણ છે. તેઓ કહે છે:

"મારી પાછળ આવો" તેઓ જે માર્ગ છે તે તો તંદુરસ્ત જીવન તરફ દોરી જાય છે-બન્ને રીતે, દૈહિક અને આત્મિક રીતે. આ ફક્ત એક જ માર્ગ છે અને એનો સ્વીકાર કરવાથી જીવનની તમામ મૂંઝવણોનો અંત આવે છે. જેમ તમે તમારી જાત પર પ્રેમ કરો છો તેવો પ્રેમ તમારે તમારા પડોશી પર કરવાની ફરજ પાડવામાં આવી નથી. પણ જો તમે તે પ્રમાણે પડોશી પર પ્રેમ નહિ કરો તો તમે તમારા પડોશી સાથે અને તમારી પોતાની સાથે શાંતિથી જીવી શકશો નહિ (SOA p. 108). દેવના રાજ્યનું આ એક સત્ય છે કે જો કોઇ વ્યક્તિને પોતાની સાથે અને બીજાઓની સાથે શાંતિથી, આનંદથી જીવવું હોય તો તેણે આ માર્ગને અનુસરવો જોઇએ.

૩૭. જે સત્ય રીતે સ્વાભાવિક છે તે ખ્રિસ્તી છે અને જે ખ્રિસ્તી છે તે સત્ય રીતે સ્વાભાવિક છે. ફક્ત દેવ આપણા અસ્તિત્વનો પાયો છે. ખ્રિસ્ત "શબ્દ" છે અને "શબ્દ" દેવ છે. તેથી હવે ખ્રિસ્ત આપણા અસ્તિત્વનો પાયો છે. માણસને દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરવામાં આવ્યું. નર અને નારી દેવે તેમને ઉત્પન્ન કર્યા (ઉત્પત્તિ ૧ : ૨૬). માણસે પોતાની સ્વતંત્ર ઇચ્છા વાપરી પોતાને મળેલી દેવની પ્રતિમાને વટાળી છે. તેમ છતાં ઈસુ ખ્રિસ્ત હજુ પણ તે વટાળેલી પ્રતિમાવાળા માણસના અસ્તિત્વનો આધાર બની રહ્યો છે. આપણે નિર્ણય કરવો જોઇએ કે આપણે આપણા જીવનોમાં શું કરવું જોઇએ, કેવો વ્યવહાર કરવો જોઇએ, કેવું વર્તન કરવું જોઇએ, અથવા આપણા પડોશી સાથે, સાથી મનુષ્ય સાથે કેવો સંબંધ રાખવો જોઇએ. આપણે એવું નક્કી કરવું જોઇએ કે દેવની કૃપા આ સર્વ નિર્ણયોમાં આપણામાં અને આપણા દ્વારા કાર્યરત થઇ શકે કે કેમ ? આપણા અસ્તિત્વનો પાયો તો ઈસુ ખ્રિસ્ત છે. આ હકીકતનો સ્વીકાર કરીને આ પાયા પર આપણા જીવનને બાંધવાની જરૂર છે. જો આપણને તેના દ્વારા તેના માટે ઉત્પન્ન કરવામાં આવ્યા છે તો જે બળવો તેની સામે આપણે કરી રહ્યા છીએ તે ખરેખર આપણી પોતાની વિરૂધ્ધ છે; આપણા જ સ્વભાવની વિરૂધ્ધ છે. આમ કરવાથી આપણે કે કોઇપણ વ્યક્તિ શાંતિમય જીવન જીવી શકે નહિ.

૩૮. દરેક વ્યક્તિગત, સામાજીક અને રાષ્ટ્રિય આધુનિક વ્યવસ્થાતંત્રમાં એક માત્ર સંપૂર્ણ વ્યવસ્થા તે દેવનું રાજ્ય છે. જે એકતાની જરૂર છે તે દેવનું રાજ્ય પૂરી પાડે છે. એજ એક એવી વ્યવસ્થા છે કે જે સ્વાર્થમાં અંધ બનેલી જાતિઓને અને વિભાજીત થએલાં સમાજોને એકતામાં બાંધી શકે છે. તેથી પ્રભુ ઈસુની આજ્ઞા

"તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો" તેને એક અનોખું મહત્વ મળે છે (માત્થી ૨૮ : ૧૯). જે આજ્ઞા છે તે તો પ્રભુ ઇસુના શિષ્યો બનાવવાની છે. તેમની પાસેથી દેવના રાજ્ય વિષે શીખવાની છે અને તે જે માર્ગ છે તેને અનુસરવા કહેવાનું છે. ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું "એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે ફસલને સારૂ મજુરો મોકલે (માત્થી ૯ : ૩૮). જે ફસલ છે તે અત્યારે અને જ્યાં સુધી સંપૂર્ણ લણણી ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. રાજ્ય એ વાસ્તવિક છે. તે હમણા અને અહીં છે તે રાજ્ય પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં આ પૃથ્વી પર આવી ચૂક્યું છે. જેઓ ઇસુનું અનુસરણ કરી, તેના શિષ્ય બની રહ્યાં છે તેઓ આ રાજ્યમાં પ્રવેશ પામી ચૂક્યા છે.

૩૯. અંતમાં રાજ્ય એક એવું ધ્યેય નથી કે જે વિષે આ યુગના અંતે તેની જાણ થશે અથવા સમજાશે. રાજ્ય પોતાનામાં જ એક હકીકત છે. પ્રભુ ઇસુએ દેવના રાજ્યને એક વિચાર અથવા ખ્યાલ કે પધ્ધતિ તરીકે રજુ કર્યું નથી. તેમણે તો દેવના રાજ્યને એક હકીકત કે જે હયાતી ધરાવે છે, જેને પ્રાપ્ત કરવાનું છે, જેને માટે આજે જ જીવનમાં કામ કરવાનું છે અને તે પણ હમણાં જ અને તેથી તે વાસ્તવિક છે અને પ્રાપ્ત કરી શકાય છે. તે અહીં જ હોવાથી દરેક વ્યક્તિ તેમાં પ્રવેશ કરી શકે છે. શિષ્યો આ જગતમાં હોવા છતાં આ જગતના ન હતા. તેઓ તો તે રાજ્યના હતા. જેઓ દેવના રાજ્યના નથી તેઓ એમાં જીવન જીવતા નથી. તેઓ આ જગતમાં જીવન જીવે છે અને જે સડેલું છે, જે ગંધાતું છે તેને તેઓ મેળવે છે. તેઓ જયારે એમ વિચારે છે કે આ પ્રેમ છે તો તે વાસનામાં પરિણમે છે. તેથી તેઓ અસંતુષ્ટ અને ધૃણાપાત્ર બની રહે છે. તેઓ સેવા કરવાનો પ્રયત્ન કરે છે અને તરત જ તેનું ગુલામીમાં રૂપાંતર કરી નાખે છે. તેઓ એક માનવી સંબંધને સ્પર્શ કરે છે અને તેમાં સ્વાર્થ, અદેખાઇ અને ધિક્કાર પ્રવેશ કરે છે. તેઓ જે કાંઇ સુવર્ણ સમાન છે તેનો તેઓ સ્પર્શ કરે છે અને તે તેમના માટે તેમની ખ્યાતિ અને લોભ બની નકામી ધાતુ બની જાય છે. દેવના રાજ્યની બહાર કોઇ વાસ્તવિક્તા નથી. દેવના રાજ્યના બનવું એટલા ઇસુના શિષ્ય બનવું. તેમનામાં જ રાજ્યનું પ્રગટીકરણ થાય છે અને તે વાસ્તવિક છે.

૪૦. આ દેવનું રાજ્ય અત્યંત વ્યક્તિગત છે. તેમાં પ્રભુ ઇસુનો વ્યક્તિગત અનુભવ જીવંત બની રહે છે. આ અનુભવ વ્યક્તિગત છે. આ એક વ્યવસ્થા ક્રમમાં જીવવામાં આવે છે જે પ્રભુ ઇસુ દ્વારા જીવવામાં અને દર્શાવવામાં આવ્યો છે. એ

તો પ્રભુ ઈસુ સાથેનો સતત ગાઢ સંબંધ છે કે જે દેવના રાજયના વ્યવસ્થાક્રમને અનુસરવા માટે માર્ગ મોકળો કરે છે. એ અનુભવ પ્રભુ ઈસુની પાછળ ચાલવા, તેમને. અનુસરવા દોરવણી શક્તિ અને હિંમત પૂરા પાડે છે. જોકે તે અત્યંત વ્યક્તિગત હોવાં છતાં આપણને બીજા લોકોથી ભિન્ન અને ઉધ્ધત બનાવતો નથી. બીજા લોકો કરતાં આપણે વધારે પવિત્ર છીએ અવું વલણ આપણને મળતું નથી. પરંતુ બીજી રીતે જોતાં તે અનુભવ આપણી દ્રષ્ટિને અને સમજને વિશાળ બનાવે છે. દેવનું રાજય કોઈ એક વ્યક્તિવિશેષનું નથી. તે તો આખા જગતનું છે. તે દરેક માટે છે. એમાં જાતિ, વર્ગ, રાષ્ટ્રીયતા વગેરેનો કોઈ ભેદ નથી તે તો એક વિશ્વવ્યાપી વ્યવસ્થા છે કેમકે પ્રભુ ઈસુ સર્વ જગ્યાએ વિશ્વવ્યાપી હોવાથી તે તે વ્યવસ્થાનો એક ભાગ બની રહે છે. એ માટે તેમાં " કોઈ યહુદી નથી કે ગ્રીક નથી, કોઈ દાસ કે સ્વતંત્ર નથી, કોઈ પુરુષ કે સ્ત્રી નથી કારણ કે ખ્રિસ્તમાં સર્વ એક છે. (ગલીતી ૩:૨૮, કોલોસી ૩:૧૧)

# પ્રવચન ૩

## દેવનું રાજ્ય

## દેવના રાજ્યની વાસ્તવિકતા

૧. દેવના રાજ્યને પ્રભુ ઈસુ સાથે એકરૂપ ગણવામાં આવ્યું છે. પ્રભુ ઈસુ એક માત્ર માર્ગ છે. તેમને અનુસરવામાં તે માર્ગને અનુસરવા સમાન છે. જે રાજ્ય છે એ તો એવી બાબત છે કે જેને અનુસરવાની છે. એ તો એવો કોઈ રસ્તો અથવા નકશો નથી જેનો કોઈ અભ્યાસ કરે ત્યાર બાદ મુસાફરીએ નીકળે, આરામખુરસીમાં બેસી અનુસરનાર નકશો જોનાર અનુયાયીઓ આ માર્ગમાં હોતા નથી. તે માર્ગ કોઈ ખ્રિસ્તી ધર્મસંગઠન કે પંથ નથી કે જેને અને જેના બંધારણને અનુસરવાનું છે. એ રવિવારની ભજનસેવામાં હાજરી આપી સંતોષ માનવાની બાબત નથી. જ્યારે વ્યક્તિ પ્રભુ ઈસુને સમર્પિત થાય છે ત્યારે તરતજ તે માર્ગનું અનુસરણ કરે છે. જો એમ ન થાય તો આ સંસારની ઝંઝાવાતો તે વ્યક્તિની આસપાસ મંડરાયા કરે છે અને તેમાં તે વ્યક્તિ ખોવાઈ જાય છે, માર્ગ ભૂલી જાય છે. આપણા દૈનિક જીવનમાં, જીવનની દરેક પ્રક્રિયામાં, દરેક નિર્ણયોમાં તેને અનુસરવાનું છે. કેટલાક લોકો એમ સમજે કે પ્રભુ ઈસુનું પુનરાગમન થશે ત્યારે તેઓ એ માર્ગને અનુસરશે એમ નથી. એ તો આજે, અત્યારથીજ, જ્યારે પ્રભુ ઈસુનો વ્યક્તિગત અનુભવ થયો ત્યારથીજ અનુસરવાનું છે.

૨. જે લોકો તે માર્ગનું અનુસરણ કરે છે તેઓ મુકત અને સ્વતંત્ર છે, કારણ કે તેઓને આ દુનિયાના અધિકારમાંથી તથા તેમાં અપનાવવામાં આવતા સર્વ પ્રકારના વ્યવહારના બંધનોમાંથી મુક્તિ અપાવે છે. હવે પ્રભુ ઈસુ જ એક માત્ર અને આખરી અંતિમ અધિકાર અને નમૂનો બની જાય છે જેથી જે નવો સંસાર બનાવવામાં દેવ કાર્યરત છે તેમાં તે પ્રવેશ કરે છે. પ્રભુ ઈસુએ દેવના રાજ્યની વ્યાખ્યા આપી નથી કારણકે તે સર્વ વ્યાખ્યાઓને પડકાર કરે છે. પરંતુ તેમણે દેવના રાજ્યનું વર્ણન દ્રષ્ટાંતો દ્વારા કર્યું છે (માત્થી ૧૩). વળી પ્રભુ ઈસુ પોતે જ દેવનું રાજ્ય હતા. તેમને જોવા, અનુભવવા એટલે દેવના રાજ્યનો અનુભવ કરવો. જો કે રાજ્યનો પ્રકાર સામાજિક છે અને તેથી માનવીના તમામ સામાજિક પાસાઓને તે આવરી લે છે. પરંતુ તેમાં વ્યક્તિગત અનુભવ અને સમર્પણ દ્વારા જ પ્રવેશ શકય બને છે. પ્રભુ ઈસુમાં દરેક વ્યક્તિ તે રાજ્ય પ્રાપ્ત કરી શકે છે. તેની શરૂઆત રાઈના દાણા જેટલી સુક્ષ્મતાથી થાય છે પરંતુ તેનો અનુભવ સમગ્ર જીવનની સંપૂર્ણ આધીનતા માગી લે છે.

૩. પ્રભુ ઈસુએ પ્રથમ બાબતોને પ્રથમ સ્થાન આપવા લોકોને જણાવ્યું. લોકોને તેમની અગ્રતાક્રમ (Priority) સ્થાપવા જણાવ્યું. તેમણે કહ્યું, પ્રથમ તમે તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો એટલે તે સર્વ વાનાંઓ તમને આપવામાં આવશે (માત્થી ૬ : ૩૩). જો રાજ્ય પ્રાપ્ત થાય તો આપોઆપ બીજી બધી જ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. સૌથી ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠ વસ્તુ તે તો દેવનું રાજ્ય છે. તે પ્રત્યેની વફાદારી પ્રથમ સ્થાને છે. તે સિવાય તમામ વસ્તુઓ ક્ષણિક, જતી રહેનારી છે. તેઓ સંતોષ આપી શકતી નથી. તેઓ માત્ર લોભ અને ભૂખ વધારનારી છે આ બાબતોને, વસ્તુઓને યોગ્ય મહત્વ ત્યારે જ મળે છે જ્યારે મુખ્ય વસ્તુ એટલે દેવનું રાજ્ય સૌથી પ્રથમ સ્થાને હોય છે. જો દેવનું રાજ્ય પ્રથમ સ્થાને નથી તો બીજી વસ્તુઓ ભલે માણસ પ્રાપ્ત કરે તેના જીવનમાં અશાંતિ અને અસંતોષ તે અનુભવશે; જીવન અપૂર્ણ અને ખાલી, અર્થ વગરનું બની રહે છે. દેવના રાજ્ય સિવાય બીજું કાંઈપણ જીવનને શાંતિ આપી શકવાને શક્તિમાન નથી. કોઈપણ રાજકીય વ્યવસ્થા, સામાજિક માળખું અથવા સંસ્કૃતિ કે નીતિમૂલ્ય દેવના રાજ્યનું સ્થાન લઈ શકે નહિ, કારણ કે દેવનું રાજ્ય અજોડ છે. તેની જગ્યા પૂરવા માટે જો કોઈ અન્ય વસ્તુ સ્વીકારવામાં આવે તો કહોવાણ તરફ લઈ જાય છે અને અંતમાં નાશ લાવે છે. માત્ર રાજ્ય જ અનંતકાળિક છે અને તેથી તે હલાવી ન શકાય તેવું સદાકાળ રહેનારૂં છે.

૪. "દેવના રાજ્યને શોધો" એ દર્શાવે છે કે તે મળી શકે છે. પ્રભુ ઈસુએ કહ્યું કે "શોધો અને તમને મળશે" (માત્થી ૭ : ૭) તેને શોધવાને માટે પ્રયત્ન કરવાની જરૂર છે. ખરૂં જોતાં તો દેવનું રાજ્ય તો આપણા માટે એક ભેટ છે કે જેને બિનશર્તીય આપવામાં આવે છે. તે મેળવવાનો એક માત્ર માર્ગ છે કે કોઈપણ જાતના પૂર્વગ્રહ, શરત વગર સંપૂર્ણ રીતે વ્યક્તિએ પોતાને પ્રભુ ઈસુને સમર્પિત કરવી.આમ કરવાથી દેવના રાજ્યમાં પ્રવેશ કરાય છે. દેવનું રાજ્ય વ્યક્તિને મળે છે; અને તે સર્વ પ્રકારના બંધનમાંથી તરત જ મુક્તિ મેળવે છે. તે વ્યક્તિ પોતાના જીવનને તેમાં ભરપૂરીપણામાં જીવવા મુક્ત થઈ જાય છે. એક અર્થમાં રાજ્ય આપણા માટે એક ભેટ છે જેને મુક્તતાથી વિનામૂલ્ય આપવામાં આવે છે. તે મેળવવા માટે કિંમત જેવું કશું જ ચૂકવવું પડતું નથી. તેને મેળવવા ક્રિયાકાંડોની, ધાર્મિક વિધિઓની તથા સંસ્થાઓને દયાદાન આપવાની જરૂર રહેતી નથી. તેને હવે અર્પણો અને માનતાઓ પૂરી કરવાની જરૂર નથી. કોઈ વિશેષ સેવા કરવાની રહેતી નથી. તે તો એક ભેટ છે અને આપણી આગળ મૂકવામાં આવી છે. એ અહીં જ આપણી સામે છે. તેને મેળવવાનો સ્વીકારવાનો એક માત્ર માર્ગ છે, તે

તો પસ્તાવો, આત્મસમર્પણ અને આપણા પોતાના પરના ભરોસાનો ત્યાગ, સ્વાભિમાન અને સ્વઇચ્છાને ત્યાગી દેવામાં છે. દેવની ઇચ્છામાં લીન થવામાં આ ભેટ આપણી બને છે. તેને સ્વીકારવા માટે આપણે પોતાની જાતને પ્રભુ ઈસુના હાથમાં સ્વેચ્છાએ મૂકવાની જરૂર છે.

૫. માંગવું અને ભેટ આપવી આ બન્ને શબ્દો વચ્ચે મોટો તફાવત છે. દેવના રાજયને પ્રાપ્ત કરવા માટે પ્રભુ ઈસુ દ્વારા કોઈ માગણી કરવામાં આવતી નથી કારણ કે કોઈપણ વ્યક્તિ માગણી પૂરી કરી શકે તેમ નથી. પાપનું માનવજીવનમાં ઊંડાણ એટલું બધું છે કે પ્રભુ ઈસુની માંગને પૂરી શકાય તેમ નથી. પાપના અધિકારમાંથી નીકળવાનું અશક્ય છે પરંતુ તેથી તેમાંથી છૂટકારો મેળવવા માટે માણસની પાસે કોઈ મૂલ્ય નથી. સંત પાઉલ નિરાશાથી આ પ્રમાણે પોકારે છે : "હું કેવો દુર્ભાગ્ય માણસ ! કોણ મને આ મરણના શરીરમાંથી મુક્ત કરશે ?" (રોમ ૭ : ૨૪). માગણી કરવી એ એક એવી બાબત છે કે દરેકને એવી ચિંતા રહે છે કે તેઓ એ કેવી રીતે પૂરી પાડી શકે. ઘણા બધા લોકોએ નિરાશામાં પોતાના જીવનોનો અંત આણ્યો છે. તેઓ હતાશ થઇ ભાંગી ગયા છે. હિન્દુ ધર્મના કર્મનો સિધ્ધાંત વ્યક્તિના મૃત્યુના ચક્રમાંથી પસાર થવાના અનુભવથી જરૂર જણાય છે કે મૃત્યુ અને પુનર્જન્મ જીવનની માંગોને પૂરી કરી શકતા નથી. દેવનું રાજય એક ભેટ છે તે તો મફત છે; તે દરેકને માટે છે. વ્યક્તિ કોણ છે, કેવી સ્થિતિમાં હોય ત્યાં જ તેને તે ભેટ આપવામાં આવે છે. સંત પાઉલે પોતાના નિરાશા જીવને આ પ્રમાણે ઉત્તર આપ્યો : "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવની સ્તુતિ કરું છું" (રોમ ૭ : ૨૫).

૬. પ્રભુ ઈસુએ કોઇ ચોક્કસ ઢાંચામાં દેવના રાજયને વર્ણવ્યું નથી. પ્રભુ ઈસુમાં જ દેવનું રાજય દશ્યમાન થાય છે. રાજય એટલે ખ્રિસ્તપણું. તેમણે કહ્યું : પસ્તાવો કરો કેમકે દેવનું રાજય તમારી પાસે આવ્યું છે (માત્થી ૪ : ૧૬-૧૭). એ તો આપણી સમક્ષ મૂકવામાં આવેલી એક ભેટ છે જેની આ સંસારના લોકો સંસારની બાબતોમાં રચ્યાપચ્યા રહેવાથી અવગણના કરે છે. આ ભેટ તો એક આમંત્રણ છે તેનો સ્વીકાર કરવો આવશ્યક છે. તેનો અસ્વીકાર કરવો કે ન કરવો તે માણસ પર આધાર રાખે છે. સ્વીકાર ન કરવામાં માણસ જીવનભરની એક અમૂલ્ય તક ગુમાવી દે છે જયારે તેનો સ્વીકાર કરનારને પાપની માફી અને સ્વતંત્રતા, આનંદ, જીવન, સમાધાન અને શાંતિ મળે છે. તેને સ્વર્ગીય પિતાના ઘરમાં હોવાનો અનુભવ થાય છે. પુત્ર તરીકેની સ્વતંત્રતાનો તે અનુભવ કરે છે.

૭. આ દેવના રાજ્યમાં કેવી રીતે પ્રવેશ મેળવવો એ એક પ્રશ્ન થાય છે. સુવાર્તામાં એ માટે જુદા જુદા શબ્દો વાપરવામાં આવ્યા છે. નવો જન્મ પામવો જોઇએ એમ પ્રભુ ઇસુ નિકોદેમસને કહે છે (યોહાન ૩ : ૩). તમારૂં બદલાણ થવું જોઇએ. આ બન્ને શબ્દો નિર્ણયાત્મક છે. તેની ગેરસમજ થવાની શક્યતા નથી. આ શબ્દોનો બે અર્થ થઇ શકે નહિ. આ શબ્દો ચોક્કસ છે. દરેકે પોતાની સ્વઇચ્છાથી નિર્ણય લેવાનો છે. તે નિર્ણય લેતાં પહેલાં તેને સમજવાની જરૂર છે કારણ કે વ્યક્તિનું સમગ્ર જીવન તેમાં સમાઇ જાય છે. સમગ્ર જીવન પરિવર્તન, જીવનને માટે એક નવો દષ્ટિકોણ અને જીવનની સાથે વણાયેલા તમામ સંબંધો એમાં સમાઇ જાય છે. સંત પાઉલ લખે છે : જો કોઇ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે" (૨ કોરંથી ૫ : ૧૭). માણસે પોતાના જુના માણસપણાને ત્યાગી દઇ નવું માણસપણું પહેરી લેવાનું છે (કોલોસી ૩ : ૧૦). તેણે નવું જીવન જે ખ્રિસ્ત દ્વારા મળે છે તે ધારણ કરવાનું છે.

૮. ઉદાહરણ તરીકે, દમસ્કના રસ્તા પર શાઉલને દર્શન થયું અને તે આંધળો થઇ ગયો. જીવનની પુરાણી જીવનશૈલી પ્રત્યે તે આંધળો થઇ ગયો. ધર્મ વિષેના જુના દષ્ટિકોણથી, ધાર્મિક વિધિઓ અને ક્રિયાકાંડોની દુનિયાથી, નિયમશાસ્ત્ર અને આજ્ઞાઓ પાળવા સંબંધી તે આંધળો થઇ ગયો. અનાન્યા દ્વારા પ્રાર્થના કરવાથી જયારે તેણે દૃષ્ટિ પ્રાપ્ત કરી ત્યારે તેની આંખોએ એક નવા દષ્ટિકોણને નિહાળ્યો. તેને દેવના રાજ્યની વાસ્તવિક્તાનો અનુભવ થયો. દેવની મહાન કૃપાનો તેણે અનુભવ કર્યો. આ જે અનુભવ હતો તે તો નવા જન્મ પામેલ વ્યક્તિનો હતો. તે તો જીવન બદલાણનો અનુભવ હતો. ત્યારપછી, શાઉલ હવે પાઉલના નામથી ઓળખાવા લાગ્યો. તેણે સર્વ વસ્તુઓને, સર્વ લોકોને ખ્રિસ્તના દષ્ટિકોણથી કે જે દેવના રાજ્યનો દષ્ટિકોણ છે તેનાથી જોવા લાગ્યો (૧ કોરંથી ૧૩ : ૧૧). દેવના રાજ્યમાં પ્રવેશવા માટેની યોગ્યતા તે તો નવો જન્મ છે પણ તેનું અમલીકરણ સામાજિક છે. જે સર્વ બાબતો માટે એક સમય સંત પાઉલ અભિમાન ધરાવતો હતો, તેનો તેણે સંપૂર્ણપણે નકાર કર્યો. જુનાને બદલે હવે નવાએ સ્થાન લીધું. જુનું હવે મરી પરવાર્યું હતું. તેથી તે બધું જ નવી દૃષ્ટિએ અનોખી રીતે જોવા લાગ્યો. દમસ્કના રસ્તા પર થયેલો અનુભવ જીવનને બદલનાર હતો તેથી તેણે આ પ્રમાણે જાહેર કર્યું કે તેણે તે દર્શનને વિશ્વાસુ રહેવાનું છે (પ્રે. કૃ. ૨૬ : ૧૯). તે દર્શન તો દેવના રાજ્યનું હતું. હવે તેના માટે વધસ્થંભે જડાયેલા, મૃત્યુ પામેલા અને પુનરુત્થાન પામેલા ઇસુ સિવાય બીજી કોઇ બાબતો સાથે લાગતું વળગતું નથી. જીવનનો આ નવો અનુભવ નવા જીવનની શરૂઆત

બન્યો. તેને માટે આ નવો જન્મ હતો. આ નવા જન્મનો અનુભવ તેને એક નવા સામાજિક જીવન અને કાર્ય તરફ દોરી ગયો. નવા દષ્ટિકોણની નીચે સર્વ વસ્તુઓ આવી જાય છે.આખું જગત, તેની સર્વ સંસ્થાઓ સાથે, માળખા સાથે અને સંસ્કૃતિના દરેક પાસા સાથે આ બદલાણના અનુભવની આલોચક દષ્ટિ નીચે આવી જાય છે. બદલાણના પરિણામો જગતમાં જોવા મળે છે કારણ કે જીવન બદલાણની ઘટનાથી જુનું જતું રહે છે, સર્વ બદલાઇ જાય છે, સંપૂર્ણ રીતે, ફરી કદી ન આવનાર હોય એ રીતે. આ ઘટના જીવન પરિવર્તનની હોવાથી તેની અસર વિશ્વવ્યાપી છે. સમાજ પર તેની અસર થાય છે. ડૉ. જોન્સ જણાવે છે કે "બદલાણનો અર્થ અમર્યાદિત બદલાણ". તે એક ગીત જેવું છે જે આમ કહે છે : "બદલાણ જીંદગીમાં કેવું અજબ જે દિનથી ખ્રિસ્ત ઇસુ આવ્યો".

૯. બદલાણનું એક સામાજિક પાસું છે એનો અર્થ હોય શકે? માનવીની દરેક પ્રકારની ભિન્નતામાં પણ એક પાયાની એકતા રહેલી છે. સંત પાઉલ કહે છે કે "કોઇ યહૂદી નથી, કે કોઇ ગ્રીક નથી પણ ખ્રિસ્ત સર્વમાં સર્વ છે" (કોલોસી ૩ : ૧૧, ગલાતી ૩ : ૨૫). દેવના રાજ્યની અંદર માણસ જાતના વિભાજનને કોઇ જ સ્થાન નથી. જ્યારે આ પાયાની માનવતાના પાસાને આપણે સ્વીકારીએ છીએ ત્યારે તમામ પ્રકારના ભેદભાવ દૂર થાય છે. ખરેખર, દેવે પ્રત્યેક વ્યક્તિને પોતાની પ્રતિમામાં ઉત્પન્ન કરી. તે પ્રતિમાને વિકૃત કરવામાં આવેલી છે. અને આ તો પાપને લીધે થયું. આમ હોવાથી તેઓ કોણ છે અને કયાં છે તે ભૂલાઇ ગયું છે. અને એમ માનવામાં આવે છે કે તે પ્રતિમા સાથે માણસને હવે કોઇ લેવાદેવા નથી. પરંતુ દેવે કરેલ માનવ ઉત્પત્તિમાં વિશ્વાસ એ બતાવે છે કે આ ઉત્પત્તિની દષ્ટિએ સમગ્ર માનવજાતમાં એક પાયાની એકતા છે. દેવ પરનો આ એવો વિશ્વાસ છે, જે માણસમાં વિશ્વાસ પેદા કરે છે અને દેવના રાજ્યનું વાતાવરણ પેદા કરે છે. આ જગત માણસ અને માણસ વચ્ચે જાતિ, વર્ગ, રંગ, ભાષા અને કુળ વગેરેને આધારે ભેદભાવ ઉત્પન્ન કરે છે. દેવનું રાજ્ય આવા તમામ પ્રકારના ભેદભાવોને નાબૂદ કરીને સર્વ લોકોને દેવની પ્રતિમા જે ઉત્પત્તિ સમયે હતી તેની છાયા નીચે લાવીને મૂકે છે. દેવની પ્રતિમા અવિકારી છે અને આ પ્રતિમા પૃથ્વી પરના તમામ લોકો પર છવાયેલી છે. દેવના રાજ્યમાં તેથી એક નવા જ પ્રકારની માનવતા અસ્તિત્વમાં આવેલી જોઇ શકાય છે. હવે બદલાણ પામેલી વ્યકતિ અન્ય વ્યક્તિઓને દેવની પ્રતિમામાં ઉત્પન્ન કરાયેલી જુએ છે. તે વ્યક્તિને માટે ખ્રિસ્ત વધસ્તંભે મરણ પામેલા છે. તેના જ મરણમાં અને મરણ દ્વારા આ પ્રતિમાને તેના અસલ સ્થાનમાં પુનઃ સ્થાપિત કરવામાં આવી છે. હવે પછી બાહ્ય દેખાવ

પરથી જોવાને અવકાશ નથી. જો બદલાણ અને નવો જન્મ થયેલો છે તો બાહ્ય દેખાવ પરથી ભેદભાવ કરવાનો નથી રહેતો. નવો જન્મ દેવના રાજ્યમાં સર્વને સમાન જોવા માટે આંખો ખોલી નાખે છે.

૧૦. દેવનું રાજ્ય હંમેશા સર્વ સમયને માટે આગળ ધપનારૂં છે. તેથી બદલાણ પહેલાં કોઇ માણસ કેવો હતો તે તરફ જોવાનો અને તે બાબતો પર ધ્યાન દેવાનો અવકાશ રહેતો નથી. વ્યક્તિનો ભૂતકાળ હંમેશા માટે ભૂંસી નાખવામાં આવ્યો છે. તેને ભૂલી જવામાં અને માફ કરવામાં આવ્યો છે. સાંસારિક વારસો અને કૌટુંબિક પાર્શ્વ ભૂમિકાને હવે કોઇપણ રીતે અગત્યની ગણવામાં આવતી નથી. પ્રભુ ઇસુએ કહ્યું છે કે "હળ પર હાથ દીધા પછી જે કોઇ પાછળ જુએ છે તે દેવના રાજ્યને માટે યોગ્ય નથી (લુક ૯ : ૬૨). તેને તો વર્તમાન અને ભવિષ્યમાં જ રસ છે. જે વર્તમાન છે તે દેવના પ્રેમથી દોરવાય છે, અને જેમ જેમ વ્યક્તિ પ્રભુ ઇસુની કૃપામાં આગળ વધે છે તેમ તેમ તેના ભવિષ્યને તેની સમક્ષ ખૂલ્લું કરવામાં આવે છે.

૧૧. દેવના રાજ્યને કાં તો સર્વસ્વની જરૂર છે અથવા તો કાંઇપણ નહિ. જો જીવનમાં દેવનું રાજ્ય કેન્દ્રસ્થાને છે તો તે સિવાયનું તમામ કોઇ જ વિસાતનું નથી. એ તો એવા પ્રકારનું રાજ્ય છે જે અહ્મની વિરૂધ્ધનું છે. જ્યારે વ્યક્તિ દેવના રાજ્યની વિરૂધ્ધ જાય છે ત્યારે તે પોતાની જાતની જ વિરૂધ્ધ જાય છે. દરેકને દેવના રાજ્યને માટે જ ઉત્પન્ન કરવામાં આવેલ છે. પ્રભુ ઇસુના શિષ્યો જો કે તેમની સાથે હતા છતાં આ બાબતને તેઓ સમજી શક્યા નહિ. તેઓએ તેમનું અનુસરણ યહૂદીઓના મસીહા તરીકે કર્યું. પહાડ પરના રૂપાંતરના સમયે ત્રણે મુખ્ય શિષ્યોએ તેમને રૂપાંતર પામેલા જોયા હતા. તેમને વિષે સાંભળ્યું પણ હતું એ તેઓ મનુષ્ય સ્વરૂપમાં પ્રગટ થયેલા દેવ હતા. તેઓ પહાડ પરના આ રૂપાંતરને સમજી શક્યા ન હતા કારણ કે તેઓ તેમની સંસ્કૃતિને લીધે ભૂતકાળની સાથે બંધાયેલા હતા, જકડાયેલા હતા (માત્થી ૧૭ : ૧-૮). તેઓએ તો તેમને યરૂશાલેમની સવારી સમયે તેમની સત્તા અને અધિકારને જાહેર કરીને સાંસારિક અને મર્યાદિત રાજ્ય સ્થાપન થાય એવી આશા રાખી હતી કે જેથી તેઓ તેમની સાથે સત્તા અને દબદબા સાથે રાજ્ય કરે. આ તો શિષ્યોનો "સ્વ" પ્રત્યેનો પ્રેમ હતો જે બિનસ્વાર્થી ઇસુના પ્રેમને સમજી શક્યો નહિ. કેવી રીતે આજે 'સ્વ' છે તે મૂળ રસ્તામાંથી વળાંક લઇને પોતાની સ્વાર્થી ઇચ્છાઓનું પોષણ કરે છે એનું આ એક ઉદાહરણ છે. શિષ્યોને દેવના દીકરાની દૈહિક્તાની નજીક રહેનારા હતા પરંતુ તે નજીક્તા એ તેમને ઝાઝી મદદ કરી નહી. માનવને માટે જે ઊપયોગી થઇ શકે એવા ઉચ્ચ

પ્રકારના જ્ઞાનને મેળવ્યા પછી પણ તેઓ તેમની સ્વાર્થી મહત્વાકાંક્ષામાંથી બહાર નીકળી ન શક્યા. તેમાંથી અપાયેલું "સ્વ" અથવા અહ્મ જ રાજ્યને કૃપાદાન તરીકે સ્વીકારી શકે છે તે સિવાય બીજો કોઇ માર્ગ નથી.

૧૨. કદાચ કોઈને એમ લાગે કે "સ્વ"ને અર્પી દેવાથી જીવનમાં બીજું કાંઇ બાકી રહેતું નથી. પછી જીવન જીવવાનો કોઇ અર્થ નથી રહેતો. આ તો મુખ્ય ભય છે. આશ્ચર્ય એ થાય છે કે શું "સ્વ" વગર જીવી શકાય ? આ "સ્વ" આપણી ઓળખ આપે છે, આપણને મુખ્ય બક્ષે છે જેના દ્વારા આપણે આપણા વ્યક્તિત્વને પ્રદર્શિત કરી શકીએ છીએ. તેથી "સ્વ"નું અર્પણ કરવું, જતું કરવું એ બહુ મુશ્કેલ લાગે છે. પરંતુ આ "સ્વ"ને જ્યારે ત્યાગી દઈએ છીએ ત્યારે જીવનમાં કાંઈક અવનવું બને છે. પ્રભુ ઈસુએ કહ્યું છે કે જેઓ પોતાના જીવને ખોએ છે તેઓ તેને મેળવશે (માત્થી ૧૦ : ૩૯). "સ્વ"નો ત્યાગ કરવામાં જીવનનું સમગ્ર સમર્પણ છે કે જેથી કરીને વ્યક્તિ જીવનના સાચા આનંદ અને જીવનના અર્થને પ્રાપ્ત કરે છે. "સ્વ" કેન્દ્રિત લોકો હંમેશા દુ:ખી હોય છે. તેઓ એવું ઇચ્છે છે કે બધા જ લોકો તેમની આસપાસ ફરતા રહે, તેમની આગતાસ્વાગતા કરે, તેમને માન આપે. પરંતુ એવું કદાપિ બનતું નથી. તેથી નિરાશા ઉત્પન્ન થાય છે. પરંતુ દેવના રાજ્યમાં હોવામાં અને તેને પોતાના જીવનને સમર્પવામાં જ દરેકને જીવનની સાર્થકતા મળે છે. ત્યારપછી સ્થાન કે મોભાને સ્થાન નથી કારણ કે દેવનું રાજ્ય એક એવું નાગરિકત્વ આપે છે કે જેની સાથે સ્થાન, મોભો અને પ્રતિષ્ઠા જોડાએલાં છે. એક નવો અધિકાર, એક નવી શક્યતા વ્યક્તિના જીવનનો કબજો લે છે જેમાં "સ્વ'ને સ્થાન નથી પણ પ્રભુની ઇચ્છા પ્રમાણે કરવાની તમન્ના બની રહે છે.

૧૩. જ્યારે વ્યક્તિ પોતાને ખ્રિસ્તને સ્વાધીન કરે છે ત્યારે તે દેવના સર્જનાત્મક પ્રેમને આધીન થાય છે. નવી સર્જનાત્મક શક્તિનો જુવાળ તેના શરીરમાં પ્રસરવાની શરૂઆત થાય છે. સુષુપ્ત રહેલા કોષોને જીવંતતા સાંપડે છે. હવે સમસ્યાઓ તક બની જાય છે અને નિરાશાની પળો આનંદમાં પલટાઇ જાય છે. હવે જીવન જીવવાનો આનંદ મળે છે. સર્જનાત્મક પ્રેમ પછી જીવન પર અધિકાર જમાવે છે. આધીન થયેલું "સ્વ" હવે જાણે કે પોતાના ઘરમાં જ છે કારણ કે તે હવે તેના સ્વર્ગીય પિતાના ઘરમાં છે". "સ્વ" સમર્પણનું જે તાત્કાલિક પરિણામ એ છે કે વ્યક્તિ તરત જ દેવની ઇચ્છાને જાણનાર બની જાય છે. દેવની નજરમાં જે સારૂં, સ્વીકાર્ય છે તેની તેને જાણ થાય છે (રૂમી ૧૨ : ૧-૨). આ બાબત પ્રભુ ઇસુના જીવન પરથી જોઇ શકાય છે ) તેઓ પોતાની ઇચ્છા પૂર્ણ કરવા નહિ પરંતુ દેવની

ઈચ્છા પૂર્ણ કરવા આવ્યા હતા. તેઓએ સ્પષ્ટ જાણતા હતા કે દેવની ઈચ્છા હંમેશા સારી હોય છે. આપણા જીવનને માટે જે હંમેશા સારૂં છે, લાભદાયી છે તેજ દેવની ઈચ્છા છે. દેવનો એ તો સ્વભાવ છે. તે તેમનું ચારિત્ર્ય છે. દેવ પોતાના સ્વભાવ અને ચારિત્ર્યની વિરૂધ્ધ કાંઇ પણ કરતા નથી. વળી તે આપણને પણ એવું કાંઈપણ કરવાનું કહેતા નથી જે તેમણે પ્રભુ ઇસુમાં કદી કર્યું ન હોય **(ukup p. 98)**. પોતાની જાતને સમર્પી દેવાની બાબત પ્રભુ ઈસુની નજરમાં ઉત્તમ છે અને તેથી તે આપણા માટે પણ સારી છે. આપણું સ્વાર્પણ એ એક જીવતું સ્વાર્પણ છે કારણ કે ત્યારે આપણે ભરપૂરીપણાનું જીવન જીવીએ છીએ. આપણે નવી શક્યતાઓને માટે અને કાર્યશીલતાને માટે જીવંત બનીએ છીએ. પ્રભુ ઈસુ વિષે જીવન દ્વારા સાક્ષી આપવાની આપણા જીવનમાં શરૂઆત થાય છે અને એવી જીવંત સાક્ષીથી બીજા જીવનો જીવંત બને છે. આપણા જીવનના પાયામાં જ સ્વાર્પણને વણી લેવામાં આવ્યું છે. તેને સ્વીકારવામાં અને તેમાં ચાલુ રહેવામાં જ જીવનનો પાયો છે, જીવનનું મૂળ છે.

૧૪. દેવના રાજ્યને આધીન થયેલું "સ્વ" આ જગતના નમૂના અને તેના નીતિમૂલ્યોને આધીન થતું નથી. તેણે પોતાને આ જગતના ધારાધોરણો અને આકર્ષણો, પરીક્ષણો અને માંગોથી પોતાને મુક્ત કર્યું છે. જગતના મૂલ્યો હવે તેને લોભાવતા નથી. તે સાંસારિક લોકોની સાથે સરસાઇ કરવાથી પોતાને અલગ રાખે છે. જે છે તેને તે સ્વીકારે છે. નવી નીતિવ્યવસ્થા અને એક નવા નમૂનાનું તે સર્જન કરે છે. પ્રભુ ઈસુના અનુયાયીઓને આ જગતને ઉથલપાથલ કરનારા તરીકે ઓળખવામાં આવ્યા હતા (પ્રે. કૃ. ૧૭ : ૬). માત્ર તેમના ઉપદેશથી નહિ પણ તેમની જીવનશૈલીથી અને વ્યવહારથી તેઓ એક નવા સમાજનું સર્જન કરતા હતા. પાઉલ અને સીલાસ સૌથી વિશેષ બંધનયુક્ત વ્યક્તિ હતા. સાંકળોથી જકડાયેલા જેલમાં બેઠા હતા. છતાં તેઓ આનંદિત હતા. ગીત ગાઇ શક્તા હતા. જે આંતરિક રીતે સ્વતંત્ર હોય, મુક્ત હોય તે જ ગીત ગાઇ શકે. આગ્રીપા રાજાના કેદી તરીકે ઉભો રહીને સંત પાઉલ અરજ કરી શક્યો કે : "હું એવું ઈચ્છું છું કે હે રાજા માત્ર તમે જ નહિ, આજે અહી મને સાંભળનારા તમામ લોકો મારા જેવા બને (પ્રે. કૃ. ૨૬ : ૨૮). આ સંત પાઉલનું એક બહુ જ ગંભીર કથન હતું અને જેઓ દેવના રાજ્યના નાગરિક છે, જેઓએ પોતાના "સ્વ"ને ત્યાગી પ્રભુની ઈચ્છા સર્વોપરી બનાવી છે તેઓ જ આવું હિંમતભર્યું કથન કરી શકે.

૧૫. આપણી "સ્વ"ની દેવને આધીનતા આપણા સ્વભાવના પરિવર્તનનું કારણ બને છે. સંત પાઉલ મનના નવીનીકરણ વિષે વાત કરે છે (રૂમી ૧૨ : ૧૨). આ એવું

મન છે જે આપણા શબ્દો, વિચારો અને કૃત્યોને નિયંત્રણમાં રાખે છે. તેથી આ મનનું સમર્પણ જીવનના પુનઃઘડતરનું કાર્ય કરે છે, આપણા સ્વભાવનું પરિવર્તન કરે છે, આ તો મુખ્ય જરૂરિયાત છે. પસ્તાવો મનનું પરિવર્તન કરે છે. પ્રભુ ઈસુ જે ઈચ્છે છે તે તો "પસ્તાવો કરો કેમકે દેવનું રાજ્ય પાસે આવ્યું છે" (માર્ક ૧ : ૧૫). પ્રભુ ઈસુના સેવાકાર્યનો એ મુખ્ય સંદેશ હતો. વિચારોની પ્રક્રિયામાં પરિવર્તન એ વફાદારી અને વિશ્વાસુપણામાં પરિવર્તન લાવે છે. દુનિયા તરફની વફાદારીમાંથી ફરીને દેવના રાજ્ય તરફની વફાદારી એ એનો અર્થ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત હવે વફાદારીનું કેન્દ્ર બની જાય છે. ખ્રિસ્ત એજ દેવનું રાજ્ય છે. તેમનામાં દેવનું રાજ્ય સાકાર બન્યું અને હવે પછી જીવન તેનાથી નિર્ધારિત થાય છે. સમર્પણ પહેલાં મન આ જગતની ક્ષણિક વસ્તુઓ સાથે જકડાયેલું હતું. પણ હવે "સ્વ"ના સમર્પણની સાથે પ્રભુ ઈસુ તેના જીવનનું ઉગમન બિંદુ બને છે. હવે પછી દેવના રાજ્યની વફાદારી તે સૌથી પ્રથમસ્થાને રહે છે. દેવનું રાજ્ય જેમ સંસારથી અલગ છે તેમ તેનાં કામો પણ અલગ જ છે અને તેથી આપણા મનની સાથે, આપણો સ્વભાવ નવો બની જાય છે.

૧૬. બદલાણની સાથે દેવની ઈચ્છાની પરખશક્તિ આવે છે. દેવની ઈચ્છા હંમેશા પ્રત્યેક વ્યક્તિ માટે સારી જ હોય છે. દેવ પોતાની ઈચ્છા એવી રીતે પ્રગટ કરે છે કે તેની ઈચ્છાનું અનુસરણ આપણા માટે અનિવાર્ય બની જાય છે. સ્વાધીન અને સમર્પણ કરેલો અને પ્રભુ ઈસુની સાથે સ્થપાયેલો નવો સંબંધ માણસ અને માણસ વચ્ચે એક નવા સંબંધની સ્થાપનામાં પરિણમે છે. દેવના રાજ્યની નવી નૈતિકતા માનવીય સંબંધોમાં કાર્યાન્વિત થવા પામે છે. જાણે પ્રભુ ઈસુ એમ કહેતા હોય : "જેમ મેં તમારી સાથે વ્યવહાર કર્યો તેવો જ વ્યવહાર તમે બીજાઓ સાથે રાખો". અને આ તો દેવના રાજ્યનો આખરી અને અંતિમ સિધ્ધાંત છે. દેવના રાજ્યમાં સઘળું પ્રભુ ઈસુ પર નિર્ભર છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનો આત્મા સર્વ જગ્યાએ સર્વ લોકોને માટે છે કારણ કે તેમનો આત્મા પણ વિશ્વવ્યાપી છે. પુનરૂત્થાન પામેલા પ્રભુનો આત્મા આજે પણ સંસારમાં કાર્યરત છે. આ જગતમાં અને સ્વર્ગમાં પણ એવી કોઈ વ્યક્તિગત અથવા સામાજિક પરિસ્થિતિ કે સમસ્યા નથી કે જેનો પ્રભુ ઈસુના આત્મા અને વલણથી નિરાકરણ ન થઈ શકે. દેવનું રાજ્ય હંમેશા વિજયી જ બને છે. આ રાજ્યના નિયમો તોડવા તે પોતાની જાતને જ તોડવા બરાબર છે. અને આ રાજ્યના નિયમો એટલે પ્રભુ ઈસુની ઈચ્છાને જીવનમાં સર્વોપરી બનાવવી.

## (બ) દેવના રાજ્યનો કાર્યક્રમ

૧૭. જે સંદેશ પ્રભુ ઈસુ આપણને આપે છે તે તો પ્રેમનો સંદેશ છે. તેઓ આપણા પર પ્રેમ રાખે છે અને એ વિશ્વાસ કરે છે કે આપણે એ પ્રેમનો પ્રતિભાવ આપીએ. તેઓ માણસમાં વિશ્વાસ રાખે છે પછી ભલે ને તે માણસ ઊંડા અને ઘેરા પાપમાં ફસાયેલો હોય ! પ્રભુ ઈસુ હંમેશા ઉધ્ધારના માર્ગને જુએ છે. તેઓ શિક્ષક કરતાં વધુ ઉધ્ધારક છે. નૈતિકતા આપણા જીવનમાં વણાયેલી છે પણ આપણે તેને નકારી છે. તત્વજ્ઞાની ઈમેન્યુઅલ કાન્ટ જણાવે છે કે "આ પ્રમાણે થવું જ જોઈએ" એ માનવ અંતઃકરણનો અવાજ છે. આ બાબત ખાત્રી આપે છે કે નૈતિકતાથી અર્થસભર જીવન જીવવાની શરૂઆત થાય છે. આ આંતરિક ખાત્રી તો પ્રભુ ઈસુના સામર્થ્યનું પરિણામ છે. જ્યારે આપણે પોતાને પ્રભુ ઈસુને સમર્પિત કરીએ છીએ ત્યારે આ સામર્થ્ય આપણામાં કામ કરતું થાય છે. તે સાથે જ દેવના રાજ્યનો કાર્યક્રમ શરૂ થાય છે. આ કાર્યક્રમ તો પ્રભુ ઈસુએ પોતાના કાર્યની શરૂઆતમાં જ નાઝારેથના સભાસ્થાનમાં સ્પષ્ટ કર્યો. તેની રૂપરેખા આપી (લુક ૪ : ૧૮-૧૯). ત્યાં તેમણે દેવના રાજ્યના નાગરિકના કાર્યનું નિરૂપણ કર્યું, તેની સ્પષ્ટતા કરી. તે સાથે કેવી રીતનું વર્તન હોવું જોઈએ એ પણ જાહેર કર્યું. આ નિરૂપણ દેવના રાજ્યનું હાર્દ છે તે તો જગતને દેવે આપેલો કાર્યક્રમ છે જેની શુભ શરૂઆત પ્રભુ ઈસુમાં થઈ ગઈ છે. અને આ બાબતો દેવના રાજ્યના ભાગરૂપ છે કે જે દેવના આત્માના અભિષેકનું પરિણામ છે.

૧૮. ગરીબોને માટે, જેઓ આર્થિક રીતે વારસાહીન છે, જેઓ સામાજિક રીતે તરછોડાયેલા છે, અથવા તો જેઓ આત્મિક રીતે નબળા છે, જેઓનું ધાર્મિક શોષણ કરવામાં આવે છે તે બધાને માટે પ્રભુ ઈસુ શુભ સંદેશ છે. પ્રત્યેક વ્યક્તિને જ્યાં સુધી માનસિક તથા ભૌતિક રીતે જેટલી તેને જરૂર છે તેટલાં જ જગીક વાનાંથી તૃપ્ત કરીને તેને દેવના રાજ્યને માટે યોગ્ય બનાવે છે. આ શુભ સમાચાર ભૌતિક, માનસિક અને આત્મિક રીતે જેઓ ગરીબ અવસ્થામાં જીવન જીવે છે તેવા લોકોને એક માનવ તરીકે માનસહિત જીવન જીવવા શક્તિમાન કરે છે. ડૉ. જોન્સ એવું માનતા હતા કે ભૌતિક દરિદ્રતા દૂર કરવા જો પ્રબળ સંકલ્પ હોય તો તે એક જ પેઢીમાં દૂર કરી શકાય તેમ છે. તે દૂર કરવા એવા સાધનો આજે ઉપલબ્ધ છે; પરંતુ જે નથી તે તો પ્રબળ સંકલ્પ. ફક્ત દેવના રાજ્ય પ્રત્યેની વફાદારી જ એ પ્રબળ સંકલ્પનું માણસના હૃદયમાં સર્જન કરી શકે છે (ukup p. 116). એવું કહેવામાં આવે છે કે આ જગતના બધા જ લોકોની ભૌતિક જરૂરિઆતોને સંતોષી શકાય એટલા બધા સ્ત્રોત છે પરંતુ બધા લોકોના લોભને પહોંચી શકાય તેમ નથી.

૧૯. આર્થિક અને સામાજિક રીતે જેઓ વારસાહિન છે તેઓના ઉધ્ધારની જરૂર છે. આ લોકો એવા છે કે જેઓનો ઉપયોગ અન્ય લોકો પોતાના સ્વાર્થ માટે કરે છે. ભારતમાં તેઓનું શોષણ થાય છે કારણ કે તેઓ નિમ્ન જાતિના અથવા અછૂત ગણાય છે. આ લોકો જેઓ ભારતમાં ૬૦%થી પણ વધુ છે તેઓ સૈકાઓથી જાતિવાદના નિયમોને આધારે ઠરાવેલા કામો કરે છે. તેઓને સમાજમાં કોઇ સ્થાન અથવા માન નથી. શૈક્ષણિક સુવિધામાંથી તેઓને વંચિત રાખવામાં આવ્યા છે. તેઓનું સામાજિક ઉત્થાન થઇ શકે તેમ નથી કારણ કે હિન્દુ ધર્મની જાતિપ્રથા પ્રમાણે પાડવામાં આવેલા વિભાગો તેમનું ઉત્થાન કરવામાં આડે આવે છે. તેઓ અને તેમના બાળકો આ વિનાશક જાતિપ્રથાને લીધે ઉદ્ભવેલી વ્યવસ્થાના ગુલામ અથવા કેદી બન્યા છે. આ દયનીય સ્થિતિમાંથી છૂટકારો મેળવવાની તેમને માટે તેમના ધર્મમાં કોઇ જ આશા નથી.

૨૦. વળી તેઓ હંમેશા ઉચ્ચ જ્ઞાતિના લોકોની દયા પર જીવન જીવે છે. તેમનો કોઇ અવાજ નથી. રાજકીય વ્યવસ્થા પણ તેમનું શોષણ કરે છે કારણ કે લોકશાહીમાં તેમનું મતદાન ઉપયોગી હોવા છતાં તે વ્યવસ્થા તંત્રના લાભોને પામી શકતા નથી. દેવનું રાજ્ય તેમને એક એવા રસ્તા તરફ દોરી જાય છે કે જેમાં તેઓ એક આશાનું કિરણ જુએ છે. તે એક એવો માર્ગ પૂરો પાડે છે જે તેમને આશા વગરની સ્થિતિના ઊંડા અને ભયાનક કીચડમાંથી બહાર કાઢી શકે છે. દેવના રાજ્યમાં જાતિપ્રથા નથી. બધાં જ સરખા, સમાન છે અને તેમાં લાભ, ફાયદો સરખી રીતે વહેંચવામાં આવે છે. આથી બધા જ લોકોની પ્રતિષ્ઠા જળવાઇ રહે છે. કોઇએ બીજાની દયા પર જીવવાનું નથી અને કોઇપણ વ્યક્તિને સદાને માટે કંગાલ પરિસ્થિતિમાં રહેવું પડતું નથી. દેવનું રાજ્ય આવા લોકો માટે છૂટકારો પૂરો પાડે છે. તેઓને ધાર્મિક અને સામાજિક વ્યવસ્થા તંત્ર જે ગુલામગીરીનું છે તેમાંથી બહાર કાઢીને દેવની પ્રજા બનાવે છે. આપણે એવું માનવું જોઇએ કે જ્યારે કોઇએક વ્યક્તિ ગુલામગીરીમાં છે તો આપણે સર્વ કંઇક અંશે ગુલામગીરીની સ્થિતિમાં છીએ. તેની દરિદ્રતાના બંધનમાં આપણે પણ બંધાયેલા છીએ. તેમના હલકાપણામાં આપણે પણ ભાગ લઇએ છીએ. તેની મુક્તિમાં આપણે પણ મુક્ત બનીએ છીએ (ukup p. 117).

૨૧. આ કાર્યક્રમ એ જાહેર કરે છે કે આંધળાઓને માટે દૃષ્ટિ. કેટલાક લોકો આ સંસારમાં એવા છે કે જેઓ ભૌતિક રીતે આંધળા છે. આપણે એ નોંધવું જોઇએ કે માંદાઓનું સાજાપણું અને તેમની નિર્બળતામાં તેમને મદદ કરી સાજાપણું આપવું, નિર્બળતા દૂર કરવી તે દેવના રાજ્યનો એક અવિભાજ્ય ભાગ છે. પ્રભુ ઇસુ

ચારે તરફ લોકોને સાજાપણું આપતા હતા, પછી તે ગમે તે પ્રકારની માંદગી તથા નબળાઇ હોય (માત્થી ૪ : ૩૨). દેવના રાજ્યના પ્રચારની સાથે હંમેશા લોકોને માંદગીમાંથી સાજાપણું આપવાની બાબત સંકળાયેલી છે. દેવની ઇચ્છા એ નથી કે લોકો માંદગીમાં જીવન જીવે. મનની ભૂંડાઇ એ આપણને પથભ્રષ્ટ કરે છે અને ખોટી લાગણીની ભૂંડાઇ એ પાપ છે અને દેહની ભૂંડાઇ એ પાપ છે, રોગ છે. આ વિનાશી જગતમાં શરીરના અવિનાશીપણાની આશા રાખી શકાય નહિ. પાપની અસર વિશ્વવ્યાપી છે. ઘણીવાર માંદગીમાંથી શરીર ભાંગી પડે છે. પરંતુ દેવ તેમના પ્રેમમાં સાજાપણું આપે છે. માંદગીમાંથી બહાર આવીને સાજાપણું દેવના મહિમાને માટે ઉપયોગ કરવામાં મદદ કરે છે. જેઓ આંધળા છે તેઓને દેવનું રાજ્ય એટલે પ્રભુ તેમના સામર્થ્ય અને તેમની ઇચ્છાની વાસ્તવિક્તાને નિહાળવાને આંખો આપે છે અથવા તેમને એક નવો દૃષ્ટિકોણ પૂરાં પાડે છે. જ્યારે સાલ્વેશન આર્મીના જનરલ બુથ અંધ બની ગયા ત્યારે તેમણે આ પ્રમાણે કહ્યું : મેં મારી આંખો સાથે દેવની અને લોકોની સેવા કરી. હવે મારા આંધળાપણા દ્વારા હું દેવની અને લોકોની સેવા કરીશ." આ તો દેવના રાજ્યના નાગરિકની સાક્ષી છે. આ તો જીવન પર અને જીવનની તકલીફો પર વિજય છે જે પ્રભુ ઇસુ દ્વારા મળે છે આ વિજય દેવનું રાજ્ય આપે છે.

૨૨. દબાયેલાઓને મુક્ત કરવા. અરામિક ભાષામાં બાઈબલના લેખ પ્રમાણે ડૉ. જોન્સ આ પ્રમાણે આનો તરજુમો કરે છે : "માફી આપીને જેઓ ઘવાએલા, કચડાએલા છે તેઓને શક્તિમાન કરવા" આ લોકોને જે ઘા છે તે તો નૈતિક અને આત્મિક છે. તેમનો ઉધ્ધાર દેવ તરફથી મળતી માફી દ્વારા જ થઇ શકે છે. જે આંતરિક જીવન છે તે ઘવાએલું છે અને દેવના રાજ્યના નીતિનિયમોની વિરૂધ્ધ જવાથી દબાએલું છે. તેથી તે દેવ તરફથી મળતી માફીથી જ સાજું થઇ શકે છે. તેનો ઘા તેનાથી મટી શકે છે. દેવની માફી જ જીવનના ભયને દૂર કરે છે. તે દંડાજ્ઞા પાપને કારણે મળનાર છે તેને પણ દૂર કરે છે. જેઓ પોતાના અંતઃકરણમાં પોતાને પાપને કારણે દબાયેલા માને છે, અનુભવે છે તેઓને તેમાંથી મુક્ત થવાની જરૂર છે. અને તે માફી ફક્ત પ્રભુ ઇસુમાં જ મળે છે. તે માફી મળવાથી સર્વ પ્રકારના દોષમાંથી મુક્તિ મળે છે. અને હવે દેવનું રાજ્ય તેમને માટે ખૂલ્લું થાય છે કેમકે દેવના રાજ્યમાં સર્વનો સમાવેશ થાય છે. દોષારોપણની, દોષિત કરવાની સર્વ લાગણીઓ પોતાની જાતને પ્રભુ ઇસુને અર્પણ કર્યું છે તે દેવનું બાળક બને છે. દેવના રાજ્યનો એક ભાગ અને હિસ્સો બનવા માટે નવો જન્મ જે સર્વ લોકો સમક્ષ તેને અપનાવવા માટે ખૂલ્લો મૂક્યો છે તે શક્ય બને છે આ

નવો જન્મ, જે ઉપરથી છે, જે દેવ તરફથી છે એજ સર્વસ્વ છે અને તેની જ જરૂર છે. આખું વિશ્વ તે વ્યક્તિને રાજયમાં સ્વીકારવા માટે મોકળું અને ખૂલ્લું બને છે.

૨૩. દેવના રાજ્યના કાર્યક્રમની અંતિમ જાહેરાત દેવના માન્ય વર્ષને પ્રગટ કરવાની છે. કદાચ આ બાબત જુના કરારમાં વર્ણવેલા જયુબીલીના ઉત્સવને બતાવે છે (લેવીય ૨૫). આ તો પચાસમું વર્ષ છે કે જે યહૂદી લોકોને ઉજવવા માટે દેવે ફરમાવ્યું છે. એ વર્ષમાં સર્વ પ્રકારના દેવાને માફ કરવામાં આવે છે; સર્વ ગુલામોને મુક્ત કરવામાં આવે છે, અને સર્વ ભૂમિને ફરીથી જેની હતી તેને સોંપવામાં આવે છે. આમ પ્રજા પર દેવની હકુમતનો સર્વ જગ્યાએ સ્વીકાર કરવામાં આવે છે. આ વર્ષ સર્વ પ્રકારના લોકોનું દરેક પ્રકારના બંધનમાંથી છૂટવાનું રાષ્ટ્રીય વર્ષ છે. સમગ્ર પ્રજા તરીકે ઉજવણી અને ઉત્સવ માટેનું આ વર્ષ છે. તે દરેકને માટે છે, પછી તે યહૂદી હોય અથવા બીનયહૂદી હોય. દેવની નજરમાં આ માન્ય વર્ષ છે. આખા જગતનો સ્વામી જેણે આ વર્ષ ઠરાવ્યું છે તેમાં સર્વને આનંદોત્સવ કરવાનો છે. હવે દેવના રાજ્યને સર્વ લોકોની મુક્તિને માટે ઉધ્ધારને માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. સર્વ લોકો તેનો ભાગ બની શકે છે. આ વર્ષ તેથી બધા જ લોકોને એકબીજા સાથે આનંદમાં સહભાગી કરવા નિમંત્રણ આપે છે જેથી કરીને દેવની નજરમાં બધાં સમાન રહે. ગરીબોથી ભરેલી દુનિયામાં ધનિક હોવું તે એક પાપ છે. આ તો એક એવું પાપ છે કે જે ઘણા બધાંની સામે તેમજ પોતાની સામેનું પાપ છે. તમારો ધનિક હોવાનો જે આનંદ છે તે તો રાજય વિરોધી બને છે. તમારી સંપત્તિમાં બીજાઓને સહભાગી બનવાની તકને ખૂલ્લી કરી જયારે સ્વાર્પણ કરવામાં આવે છે ત્યારે તે સ્વાર્પણ અને અર્પણ કરાયેલી વસ્તુઓ દેવને માન્ય થાય છે અને ત્યારે જ તમારી સંપત્તિ સાચે જ તમારી બને છે. ત્યારબાદ તે સંપત્તિ ખરેખર સમૃધ્ધિમાં પરિણામે છે. પરંતુ જયારે તેને પોતાના જ હેતુ માટે, સ્વાર્થ માટે, આનંદ અને મોજમજા માટે વાપરવામાં આવે છે ત્યારે તે દુઃખદ સંપત્તિ બને છે, ચિંતાનું કારણ બને છે અને તમને ખરેખર દરિદ્ર બનાવે છે. જયારે તમે તમારી મિલ્કતનું અર્પણ કરો છો ત્યારે તે સાચે જ તમારી થાય છે અને તેને કેવી રીતે ઉપયોગમાં લેવી તેની સમજ પડે છે. જો તેમ નથી કરતા તો તમારી પાસે જે છે તેના તમે ગુલામ બનો છો અને તમારે માટે એ ભારરૂપ બને છે. ખરૂ જોતા તમારી પાસે હોવા છતાં તમારી પાસે કાંઇ નથી એવું લાગે છે. સમય જતાં તમારી પોતાની જાત જે તમારી છે તેના પરની માલિકી પણ તમે ગુમાવી દો છો (ukup p. 119). તમે દેવની તથા દ્રવ્યની બન્નેની એક સાથે સેવા કરી શકતા નથી (માત્થી ૬ : ૨૪). તેથી જે પસંદગી કરવાની છે તે તો આ છે : દેવના માન્ય

વર્ષની ઉજવણી કરવી કે જે દેવનું રાજ્ય છે અથવા તો મૂંઝવણ, દોષિતપણું અને ગુલામગીરી ભરેલા વર્ષમાં પડી રહેવું. એ પસંદગી આપણે કરવાની છે. આ મફત ભેટ આપણી આગળ મૂકવામાં આવી છે. આપણે સાચો નિર્ણય કરી તેને સ્વીકારવાની જરૂર છે.

૨૪. આ કાર્યક્રમ જેની શરૂઆત પ્રભુ ઈસુ દ્વારા કરવામાં આવી છે અને આ બધાં તેનાં જુદા જુદા પાસા છે. લોકોને સંપૂર્ણ સ્વતંત્રતા છે કે તેને સ્વીકારી આ જગતમાં એક નવીન શરૂઆત કરે. આ નાશવંત સંસારમાં સ્થિર અને અડગ દેવનું રાજ્ય પ્રગટ થયું છે. પહેલાં કદીયે પ્રસ્થાપિત ન થયેલું એવું ક્રાંતિવાદી આ રાજ્ય છે. જેઓ પ્રભુ ઈસુમાં આપવામાં આવેલી આ તકને ઝડપી લે છે તેઓને માટે દેવનું રાજ્ય ભેટ બને છે અને તેઓ દેવના રાજ્યના કાર્યરત બને છે.

## (ક) દેવના રાજ્યની સુસંગતતા (Relevance)

૨૫. જીવનને માટે યોગ્ય અથવા સુસંગત જે છે તે જાણવા આજે લોકો પૂછે છે. શું દેવનું રાજ્ય આજના સમયમાં સુસંગત છે ? આધુનિક જીવનને તે યોગ્ય તથા અનુરૂપ થઈ શકે ? આજે જીવન બધુ જટિલ બનેલું છે. જગિકતા તરફ લક્ષ આપનારૂં અને વધું વ્યસ્ત બનેલું છે. પોતાની નોકરી, નાણાં અને કુટુંબ એ સિવાય બીજું વિચારવાનો ભાગ્યે જ કોઈની પાસે સમય છે. પરંતુ દેવનું રાજ્ય માનવી જીવનના દરેક ક્ષેત્ર અને પાસાઓને હર સમયે અનુરૂપ છે કારણ કે દેવનું રાજ્ય સર્વ માટે, સર્વ સમયને માટે બક્ષવામાં આવ્યું છે. અને તેથી તે પ્રાપ્ત કરી શકાય છે. બે જ વિકલ્પ છે : તેનો સ્વીકાર કરવો કે ન કરવો, તેને વફાદાર ન રહેવું એ તેની સામે બળવો પોકારવા જેવું છે. દેવનું રાજ્ય તો સર્વ સ્થળે અને સર્વ સમયે પ્રત્યક્ષ હાજર છે. ગમે તેવી ભયાનક, કઠણ સ્થિતિમાં પણ તેની હાજરી હોય છે. તેથી તેને ટાળી શકાય નહિ. તેનાથી દૂર નાસી જવાય નહિ. રાજ્યની અનુરૂપતા, સુસંગતતા માત્ર વ્યક્તિની પોતાની જાત સાથે જ નહિ તેના અન્ય લોકો સાથેના સંબંધમાં પણ રહેલી છે.

૨૬. રાજ્ય માત્ર અનુરૂપ છે એટલું જ નહિ તે અજોડ રીતે અનુરૂપ છે. કોઈપણ વિચારધારા, વ્યવસ્થા, તત્વજ્ઞાન, નૈતિક્તા અથવા તો વિશ્વાસ અનંતકાળિક અને અચલાયમાન, અપરિવર્તનશીલ વ્યક્તિ સંબંધી બોલતાં નથી. દેવનું રાજ્ય જ સર્વ પ્રકારના વિચારોની અથવા કૃત્યોનું ઉદ્‌ભવસ્થાન છે. એ સર્વ માનવી સંબંધોનું શિરોબિંદુ છે. રાજ્યનો પ્રસ્તાવ જ એવો છે કે તે તેનો સ્વીકાર કરવા આગ્રહ કરે છે. જો કોઈ તેનો સ્વીકાર નથી કરતું તો તે પોતાની જાત સાથે શાંતિથી

. રહી શકતું નથી. જો કોઇ વ્યક્તિ દેવની સાથે રહી શકતી નથી તો તે પોતાના "સ્વ"ની સાથે પણ રહી શકતી નથી. પરિણામે તે પોતાના પડોશી સાથે પણ શાંતિથી સંબંધ રાખી શકતી નથી. ત્યારબાદ જીવન પડી ભાંગે છે, અસ્તવ્યસ્ત થઇ જાય છે. દેવના રાજ્યનો પ્રસ્તાવ એટલે દેવના પ્રેમનો બીનશર્તીય સ્વીકાર કરવાનો પ્રસ્તાવ છે.

૨૭. પ્રેમ આખા વિશ્વમાં એક અતિ અનુરૂપ, સર્વ સાથે સુસંગત કહી શકાય એવી બાબત છે. આ એજ પ્રેમ છે જેને ઇસુ ખ્રિસ્તના જીવન દ્વારા શ્રેષ્ઠ રીતે વધ:સ્થંભ પરથી દર્શાવવામાં આવ્યો છે. વધસ્થંભ પોતે એ પ્રેમ વિષે ઉચ્ચારણ કરે છે. સર્વ સાંભળવામાં આવેલા અવાજોમાં સૌથી વિશેષ શક્તિશાળી અધિકારયુક્ત એ અવાજ છે. દેવ પોતે પ્રભુ ઇસુના વધસ્થંભના ભાગીદાર થયા છે કારણ કે તેમાં લોકો પ્રત્યેના તેમના પ્રેમને કાળજીને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. દેવના પ્રેમની આ બાબત આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય, સામાજિક અને વ્યક્તિગત સંબંધોમાં તથા જીવનના પ્રત્યેક સંજોગો અને પ્રસંગોમાં લાગુ થાય છે. દેવનું રાજ્ય દરેક પરિસ્થિતિમાં સુસંગત છે કારણ કે પ્રભુ ઇસુ સર્વ સ્થળે અને સર્વ પરિસ્થિતિમાં સુસંગત છે. દેવનું રાજ્ય હવે સર્વત્ર અને સર્વમાં તે મૂખ્ય વિષય છે. પ્રભુ ઇસુના પુનરાગમન સુધી દેવના રાજ્યને પ્રગટ થવાની રાહ જોવાની જરૂર હવે નથી.

૨૮. તો આ દેવના રાજ્યના નાગરિક, તેમાં પ્રવેશ પામેલા કોણ છે ? તેમની શી લાક્ષણિક્તા છે ? પ્રભુ ઇસુએ તે વિષે પણ કહ્યું છે. તેમણે દેવના રાજ્યના લોકોની જીવનશૈલી વિષે શિષ્યોને વાત કરી હતી. તેઓને દાસનું મન ધારણ કરીને અધિકાર ચલાવનારા બનવાનું કહેવામાં આવ્યું હતું. તેમની અધિકાર ચલાવવાની પધ્ધતિ વિદેશીઓની પધ્ધતિથી જુદી હતી. તેમને તે દેવના રાજ્યના નામમાં અને પવિત્ર આત્મામાં અધિકાર ચલાવવાનો હતો, નહિ કે જે જગત અને જગતનું રાજ્ય તેમની ચારેબાજુ હતું તે પ્રમાણે. તેમની અધિકાર ચલાવવાની રીત પ્રચલિત વ્યવસ્થાથી સંપૂર્ણ વિપરિત હતી. દેવના રાજ્યમાં સૌથી મોટા બનવા માટે સૌથી વધારે લોકોની સેવા કરવાની હતી (લુક ૨૨ : ૨૬). જો કોઇને મોટા થવું હોય તો તેણે સર્વના દાસ, સેવક બનવાનું છે આ બાબતનું નિર્દેશન કરવા માટે પ્રભુ ઇસુ આ જગતમાં આવ્યા હતા (માર્ક ૧૦ : ૪૫). મહાનતા દર્શાવવા આવો માર્ગ કદી પણ ચીંધવામાં આવ્યો ન હતો. જેઓ પોતાને નીચા અને નમ્ર કરે છે, ગુલામ અને દાસ બનાવે છે તેઓ જ દેવના રાજ્યમાં પામી શકે છે; તેની નાગરિકતા મેળવે છે. મહાન બનવાની ઇચ્છા માણસને ભ્રષ્ટ કરે છે અને તેથી

કરીને આ લોકો રાજ્યના નાગરિક બની શકતા નથી. સ્વાર્થ સાધવાને બદલે બીજાઓની જરૂરીયાતોને સ્થાન મળવું જોઇએ. સૌથી મોટા બનવાની ઇચ્છા, બીજાઓને ખાતર સર્વસ્વનો ત્યાગ કરવાની ઇચ્છા સાથે જોડાયેલી છે. દેવના રાજ્યને પ્રથમ શોધવામાં માનવજીવનની ત્રણ પ્રથમ આવશ્યકતાઓ પૂર્ણ થાય છે. પ્રથમ જરૂરીયાત માનવસંબંધની છે. દેવના રાજ્યના બનવાથી સૌથી ઉચ્ચ માનવ સંબંધ બંધાય છે કારણકે આ સંબંધ ઇસુ ખ્રિસ્ત સાથે જોડાયેલો છે જ્યારે વ્યક્તિ ઇસુની બની જાય છે ત્યારે તે આખા વિશ્વની બની જાય છે અને હવે પછી કોઇ પણ જાતની બીજી ઇચ્છા રહેતી નથી. બીજી બાબત મહાનતા અને યોગ્યતા ધારણ કરવાની જરૂરીયાત છે. તે પણ ફળીભૂત થાય છે કારણકે પ્રભુ ઇસુ જીવનને એક નવો અર્થ આપે છે અને રાજ્ય જીવનને સર્વ સમયને માટે અગત્યનું બનાવે છે. ત્રીજી બાબત, દેવનું રાજ્ય ઉચીત જરૂરી સલામતી બક્ષે છે. ખ્રિસ્ત એ અડગ, મજબૂત અને અચલાયમાન ખડક છે. તેમની પર અને તેમના વચનો પર આધારિત બનવા માટે તે વ્યક્તિને યોગ્ય બનાવે છે. જે વ્યક્તિ દેવના રાજ્યની બની જાય છે તે ભલેને પછી નિષ્ફળતા, માંદગી કે ઘડપણ હોય, અથવા તો મૃત્યુ પણ હોય તો પણ પોતાને સલામત માને છે અને સલામત હોય છે. હવે જીવન સંબંધી કોઇપણ જાતનો ભય રહેતો નથી કારણકે દેવનું રાજ્ય સર્વકાળિક અને અનંત છે. તેમાં પ્રવેશ કરેલ વ્યક્તિ અડગ અને અવિચળ રહે છે.

૨૯. દેવનું રાજ્ય અને પ્રભુ ઇસુ ખ્રિસ્ત એકજ છે. બન્નેનું સાથે હોવાનું અને એકરૂપ હોવાનું એક શુભ સમાચાર છે. દેવના રાજ્યનો માર્ગ પ્રભુ ઇસુ ખ્રિસ્ત છે અને તે માર્ગ ભરપૂરીપણાના જીવનનો છે. આપણે રાજ્યને બનાવતા નથી અને વધારતા પણ નથી પણ આપણે મંડળી બનાવીએ છીએ અને વધારીએ છીએ. પરંતુ તે જતી રહેશે, તેનો અંત આવશે. જગતના મંડાણથી માત્ર રાજ્ય જ સ્થાપન કરેલું છે તેથી તે સંપૂર્ણ છે. તેથી તેને કોઇ સ્થાપી શકતું નથી અને વધારી પણ શકતું નથી. તેને તો મેળવવાની પ્રાપ્ત કરવાની જરૂર છે. તેને તો જેમ એક ભેટ સ્વીકારવામાં આવે તેમ સ્વીકારવાની જરૂર છે. તે ભેટ જ્યારે સ્વીકારવામાં આવે ત્યારે તે મફત જરૂર છે. પરંતુ તે સસ્તી અથવા મૂલ્ય વગરની નથી જ્યારે તે ભેટનો તમે સ્વીકાર કરો છો ત્યારે તમે ભેટ આપનારના સદા માટે બની જવાનો નિર્ણય કરો છો. ત્યારબાદ તમે પ્રેમના તાંતણે બંધાઇ જાઓ છો. તમારી ઇચ્છા દેવની ઇચ્છામાં લુપ્ત થઇ જાય છે. આ જે પ્રેમનું બંધન છે તે જ સાચી સ્વતંત્રતા આપે છે તેમ જેમ નીસરણી પર ચઢીને ટોચ સુધી પહોંચવા જેવું નથી. તેથી વિપરીત તે નીસરણીને તમે જ્યાં ઉભા છો ત્યાં સુધી નીચે નમાવે છે કે જેથી

તમે ટોચ સુધી એકદમ.પહોંચી શકો. આ શુભ સમાચાર છે અને દેવનું રાજ્ય એક અતિ ઉદાર ભેટ છે જેનો લોકોએ સ્વીકાર કરી નવા જીવનનો આનંદ લેવાનો છે.

૩૦. અંતમાં, દેવનું રાજ્ય કોઇ વિશેષ રાષ્ટ્ર, પ્રજા, જાતિ અને ધર્મ સાથે જોડાયેલું નથી. તે તો સર્વધર્મ, જાતિ, રાષ્ટ્રના લોકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ભિન્ન ભિન્ન લોકો માટે તેમાં પ્રવેશ કરવાને અથવા તેનો સ્વીકાર કરવા માટે અલગ અલગ શરતો હોય એવું એમાં નથી. પ્રભુ ઈસુ ધર્મની સ્થાપના કરવા માટે આવ્યા ન હતા. તેમણે એક ધર્મની સામે બીજા ધર્મનો પ્રચાર કર્યો ન હતો. ધર્મ તો દેવની શોધ કરવા અપનાવેલો માર્ગ છે. જ્યારે સુવાર્તા તો દેવની માણસ માટેની શોધ છે. તેથી જે કાંઇ સારૂં છે, પછી ભલે તે ગમે તે જગ્યાએ હોય તેને રાજ્યમાં મેળવી લે છે. પ્રભુ ઈસુ, જે અપૂર્ણ છે તેને પૂર્ણ કરવાને આવ્યા હતા, નહી કે તેનો નાશ કરવા. "આ રાજ્યની અંદર આ પૃથ્વીના રાજાઓ પોતાનો મહિમા લાવશે" (પ્રકટી. ૨૧:૨૪-૨૫). દરેક વ્યક્તિ દેવના રાજ્યને માટે જન્મ લે છે. આજ તેની નિયતિ (Destiny) છે. રાજ્યમાં પ્રવેશ પામે એ નિયતિમાંથી કોઈપણ બાકાત નથી. તો પણ ઘણા બધાં એ વિષે અજાણ છે અને બીજા ઘણા જેઓ એ વિષે જાણે છે તેઓ ઉતાવળા બનીને દેવના રાજ્ય વિરૂધ્ધ જીવન જીવીને તેને ખોઇ નાખે છે. જેઓ તેને જન્મહક સમજે છે અને પોતાના પાપોનો પસ્તાવો કરીને, રાજ્ય વિરોધી માર્ગોથી અને કાર્યોથી દૂર થઇ નવો જન્મ પામે છે તેઓ તેમને માટે નિર્ધારિત કરેલા આ વતનમાં પ્રવેશ પામે છે. તેઓ જ આ દેવના રાજ્યના અધિકૃત બનેલા નાગરિક છે. (UKUP P. 202).

૩૧. મંડળી એ કાંઇ દેવના રાજ્યના આગમન માટેની આગવી અથવા વિશેષ સંસ્થા નથી (UKUP P. 293). તે તો પૃથ્વી પર સૌથી ઉત્તમ સેવા બજાવનારી સંસ્થા છે. માનવીય જીવનના ઉધ્ધારને માટે તેને કોઇ હરીફ અથવા પ્રતિસ્પર્ધી નથી. પણ જ્યાં કોઇ જગ્યાએ જેઓ રાજ્યને માટે ફળ ઉપજાવે છે તેવો રાજ્યમાં છે અને તેઓ મંડળીની અંદર અથવા બહાર પણ હોય શકે. પ્રભુ ઈસુએ કહ્યું છેઃ તમારી પાસેથી રાજ્ય ખૂંચવી લેવામાં આવશે અને જે પ્રજા ફળ ઉપજાવે તેને તે આપવામાં આવશે (માત્થી ૨૧:૪૩). દરેકને માટે દેવના રાજ્યમાં હોવાનો જે માપદંડ છે તે તો તેને માટે ફળ ઉપજાવવાની બાબત છે. તેથી મંડળી તે તેની સાથે જોડાયેલી એક પ્રાસંગિક સંસ્થા છે. પોતાના કરતાં વધારે ઉત્કૃષ્ટ હોય એવા દેવના રાજ્ય સાથે તે જોડાયેલી છે. દેવનું રાજ્ય પોતાનામાં મંડળીનો સમાવેશ ત્યારે કરે કે જયારે તે દેવના રાજ્યને માટે ફળ ઉપજાવે. કોઇપણ વ્યક્તિ, મંડળી, સંસ્થા

અથવા સમાજ દેવના રાજ્યમાં હોવાનો દાવો ત્યારે જ કરી શકે જ્યારે તે રાજ્યને માટે ફળો ઉપજાવતાં હોય, "જે આપણા વિરૂધ્ધનો નથી તે આપણા પક્ષનો છે". એ પ્રભુ ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું હતું (માર્ક ૯:૪૦).

૩૨. દેવનું રાજ્ય એક કાર્ય અને એક આશા છે. તે તો લોકોને માટે જીવન જીવવાનો એક ક્રમ છે, એક યોજના છે. પ્રભુ ઇસુ આ દેવના રાજ્યને આપણને ભેટ આપે છે. આ રાજ્યમાં પ્રવેશવું એટલે પ્રભુ ઇસુને સ્વીકારવા અને પોતાની જાતને સદાને માટે સમર્પિત કરવી જોઇએ. પ્રભુ ઇસુએ કહ્યું : " જેણે મને જોયો છે તેણે પિતાને જોયા છે " (યોહાન ૧૪:૯). અને તેથી તેણે દેવના રાજ્યને નિહાળ્યું છે. દેવનું રાજ્યએ પ્રભુ ઇસુ ખ્રિસ્ત છે. તેમનામાં રાજ્ય આ પૃથ્વી પર પ્રગટ કરવામાં આવ્યું છે. હા ફકત પ્રભુ ઇસુમાં જ તે આપણને મળે છે કારણકે દેવના રાજ્યમાં જવાનો એક માત્ર માર્ગ પ્રભુ ઇસુ છે. પસ્તાવો કરવો અને બદલાણ પામવું એ કોઇ મત અથવા વિચાર નથી; એ કોઇ સિધ્ધાંત પણ નથી જેના પર આપણે વિશ્વાસ કરીએ પરંતુ એ એક અનિવાર્ય દરેકને માટે કાર્ય છે. દરેક વ્યક્તિને માટે તે તો પાયાની બાબત છે. બીજા બધા માર્ગોને છોડી દઇને આ એક જ માર્ગનો સ્વીકાર કરીને તેને અનુસરવાનું છે. હા, એ જ એક માર્ગ છે જેના પર ચાલવાથી, વ્યક્તિગત રીતે સામાજિક જીવનમાં રાજ્યને યોગ્ય અને અનુરૂપ બની ફળ ઉપજાવે છે. દરેક વ્યક્તિએ એવો વિશ્વાસ કરવો જોઇએ કે રાજ્ય અહી છે; ભવિષ્યમાં તેની રાહ જોવાની નથી. દેવના રાજ્યના વર્તમાન કાળના આ જ અનુભવમાં તે આપણું દેવથી થયેલું જુદાપણુ દૂર કરે છે અને દેવની સાથે સમાધાનને સિધ્ધ કરે છે. હા, એ રાજ્ય અહી જ છે જ્યાં પ્રેમમાં બીજાઓને જીવનના સહભાગી બનાવવામાં આવે છે; બીજાઓ સાથે કરુણા ભર્યું વર્તન બતાવવામાં આવે છે. અહી જ માનવ એકતા સ્થપાય છે અને સર્વ સમાનતા જળવાઇ રહે છે. રાજ્યની એ જ વર્તમાન પરિસ્થિતિમાં મારે અને તમારે જીવન જીવીને દેવના રાજ્યના ફળ ઉપજાવવાના છે. આપણે સર્વ લોકોને અને બાબતોને બદલી શકતા નથી પરંતુ જ્યાં સુધી એ મારા પર આધાર રાખે છે ત્યાં સુધી હું મારી જાતને એને બીજા લોકો સાથેના મારા સંબંધને બદલી શકું એમ છું. જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી મારે એમ જ કરવું જોઇએ. રાજ્ય અહી જ છે અને હું દેવના રાજ્યનો છું, કેમકે હું દેવના રાજ્યનો છું માટે હું તેને માટે ફળ ઉપજાવું છું. આ તો સમગ્ર માણસ જાતને માટે સુવાર્તા છે.

# ગ્રંથસૂચિ

**નોંધ :** પુસ્તકમાં અવતરણો જે જે પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે તે સંક્ષિપ્તમાં બતાવવામાં આવ્યા છે. તે પુસ્તકોની સૂચિ સંક્ષિપ્ત અક્ષરો સાથે નીચે આપવામાં આવી છે. આ પુસ્તકો અંગ્રેજીમાં છે તેથી આ સૂચિ પણ અંગ્રેજીમાં આપવામાં આવી છે.


(1) The Christ of the Indian Road (CIR)

(2) Christ at the RoundTable (CRT)

(3) The Unshakeable Kingdom and the Unchanging Person (UKUP)

(4) A Song of Ascent (SOA)

(5) S'elections from E.Stanley Jones (SESJ)

(6) Communicating Christ in India (CCI)



ઉપરના પ્રથમ ચાર પુસ્તકો ડૉ. જોન્સના છે અને લખનૌ પબ્લીશીગ હાઉસ, લખનૌથી પ્રાપ્ત થઇ શકે છે.

પાંચમું પુસ્તક શ્રીમતિ યુનીસ જોન્સ મેથ્યુસ જે ડૉ. જોન્સની પુત્રીં છે અને બીશપ મેથ્યુસની પત્નિ છે, તેમણે તેનું સંકલન કર્યું છે. છઠ્ઠું પુસ્તક રેવ. ડૉ. માર્ટીન આલ્ફોન્સનું લખેલું છે. આ પુસ્તક પણ લખનૌ પબ્લીશીંગ હાઉસથી પ્રાપ્ત થઇ શકે છે. આ સિવાય ડૉ. જોન્સના લગભગ ૨૦ બીજા પુસ્તકો છે.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૧. | કલશોર | ૨૦-૦૦ |
| ૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૩. | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૪. | તમારા સંજોગોનો સંચાલક | ૨૫-૦૦ |
| ૫. | વધસ્તંભની વાટે | ૩૦-૦૦ |
| ૬. | ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ | ૪૦-૦૦ |
| ૭. | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૮. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૯. | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ? | ૪૦-૦૦ |
| ૧૦. | વિશ્વ વ્યાપી જળપ્રલય | ૩૦-૦૦ |
| ૧૧. | પ્રાર્થનાંજલી | ૦૫-૦૦ |
| ૧૨. | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૧૩. | અનોખી ઇઝરાએલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૪. | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૫. | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૧૬. | હિબ્રુઓને પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૭. | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮. | જનસામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯. | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૨૦. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૨૧. | અયૂબ | ૬૦-૦૦ |
| ૨૨. | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૨૩. | માર્કનો સંદેશો | ૧૦-૦૦ |
| ૨૪. | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૨૫. | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૬. | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૨૭. | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૮. | કરંથિઓનો બીજા પત્રમો સંદેશ | ૩૦-૦૦ |
| ૨૯. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૩૦. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૩૧. | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૩૨. | સમૃદ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩૩. | પ્રાર્થનાનો પડકાર | ૩૦-૦૦ |
| ૩૪. | ભક્ત દાઉદના પસંદીત ભજનો આધારીત મનન | ૪૦-૦૦ |
| ૩૫. | પવિત્ર શાસ્ત્રનો આભ્યાસી | ૬૦-૦૦ |

# Dr. E. STANLEY JONES
## The Man and The Message
### by Bishop Dr. S. K. Parmar



**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**
(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

1852 2002
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાર્ધ શતાબ્દી

*Published & Distributed by :*
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
**Sahitya Seva Sadan, Near Gujarat College,**
**Ellisbridge, Ahmedabad-380 006. INDIA.**